દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 105 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 May 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૫ મે ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતે પાકને ‘તરસ્યું મારવાની’ યોજના અમલમાં મૂકી

SCAN FOR TODAY'S GOLD RATE
WE BUY OLD GOLD AT BEST RATE
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## સિંધુ બાદ ચિનાબ નદીનું પાણી રોક્યું, ઝેલમનું જળ પણ અટકાવશે

નવી દિલ્હીઃ ભારતે પાકિસ્તાનને ‘તરસાવીને મારવાની’ યોજનાનો અમલ શરૂ કર્યો છે. ભારતે સિંધુ જળ કરાર સ્થગિત કરવાની જાહેરાત કર્યા બાદ હવે ચિનાબ નદી પરના બગલિહાર બંધ (ડૅમ)માંથી પાકિસ્તાનમાં વહી જતાં પાણીનો પ્રવાહ રોકી દીધો છે. આ ઉપરાંત, ઝેલમ નદી પરના કિશનગંગા બંધ (ડૅમ) પર પણ આવી જ કામગીરી ચાલી રહી હોવાનું કહેવાય છે.

અગાઉ, ભારતે પાકિસ્તાન સાથેના ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ના યુદ્ધ બાદ પણ સિંધુ જળ કરાર સ્થગિત નહોતો કર્યો, પરંતુ આ વખતે નરેન્દ્ર મોદીની સરકારે તેને સ્થગિત કરી દીધો છે અને તેને લીધે પાકિસ્તાનમાં જળ-સંકટ ઊભું થયું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુના રામબનમાં બગલિહાર બંધ અને ઉત્તર કાશ્મીરમાંના કિશનગંગા જળ વિદ્યુત બંધ દ્વારા ભારત પોતાની બાજુએથી છોડવામાં આવનારા પાણીનો સમય નિયંત્રિત કરી શકે છે એટલે કે આ બે ડૅમ ખાતેથી પાકિસ્તાનમાં જતાં પાણીનો પ્રવાહ અગાઉ ચેતવણી આપ્યા વિના ઘટાડી કે વધારી શકે છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦માં વિશ્વ બૅન્કની મધ્યસ્થીથી થયેલા સિંધુ જળ કરારમાં સિંધુ નદી અને તેની ઉપનદીઓનું પાણી બન્ને દેશ વચ્ચે વહેંચવાનું નક્કી થયું હતું.

ચિનાબ નદી પર બનેલો બગલિહાર ડૅમ બન્ને પાડોશી દેશ વચ્ચે લાંબા સમયથી વિવાદમાં રહ્યો છે અને પાકિસ્તાને આ કિસ્સામાં પણ વિશ્વ બૅન્કને મધ્યસ્થતા કરવા વિનંતિ કરી હતી. આ રીતે કિશનગંગા બંધ અંગે પણ વિવાદ ચાલી રહ્યો છે. અગાઉ,

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતીય જહાજો માટે પાકે બંદરો બંધ કર્યા

નવી દિલ્હીઃ પાકિસ્તાને પોતાના બંદરો ખાતે ભારતીય જહાજોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી હતી.

અગાઉ, ભારતે પાકિસ્તાન ખાતેથી સીધી કે આડકતરી રીતે (બીજા દેશના માર્ગે) કરાતી આયાત પર પ્રતિબંધ મૂકવાની કરેલી જાહેરાતના પ્રતિસાદમાં પાકિસ્તાને આ પગલું ભર્યું છે. પાકિસ્તાન સરકારે શનિવારે મોડી રાતે જાહેર કર્યું હતું કે ભારતીય જહાજોને પાકિસ્તાનના કોઇ પણ બંદર ખાતે પ્રવેશ નહિ અપાય.પાકિસ્તાનની સરકારે આ પગલું પોતાની દરિયાઇ સરહદની સલામતીને અને આર્થિક હિતને ધ્યાનમાં રાખીને લીધું હોવાનો દાવો કરાય છે.

પાકિસ્તાનના દરિયાઇ બાબતો, બંદરો અને શિપિંગ મંત્રાલયે આ પ્રતિબંધનો અમલ તાત્કાલિક કરવાનો સંબંધિત સત્તાવાળાઓને આદેશ આપ્યો હતો. (એજન્સી)■

MBBS ADMISSION
5 LAKH FEES PER YEAR
Guidance
VISHWA
70 3030 66 11
www.vmap.co.in

## મોદીએ હવાઇ દળના વડા સાથે બેઠક યોજી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હવાઇ દળના વડા ઍર ચીફ માર્શલ અમર પ્રીત સિંહની સાથે રવિવારે બેઠક યોજી હતી અને તેઓએ પાકિસ્તાન સાથેની સરહદ પરની તંગદિલી તેમ જ દેશની સલામતીના સંબંધમાં ચર્ચા કરી હોવાનું કહેવાય છે.

અગાઉ, મોદી નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીને મળ્યા હતા અને તેઓએ અરબી સમુદ્રમાંની

(જુઓ પાનું ૨) ▶▶

## લશ્કરનું વાહન ખીણમાં પડી જતાં ત્રણ જવાનનાં મોત

રામબન-જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લામાં લશ્કરનું વાહન ૭૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી જતાં ત્રણ જવાન માર્યા ગયા હતા, એમ માહિતી અધિકારીઓએ જણાવ્યું હતું. લશ્કરના કાફલા સાથે લશ્કરની ટ્રક પણ નેશનલ હાઈવે ૪૪થી જમ્મુથી કાશ્મીર જવા રવાના થઈ હતી. બનાવ સવારે સાડાઅગિયાર વાગ્યે બેટરી ચશ્માની નજીક બન્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

અધિકારીઓએ વધુમાં કહ્યું હતું કે લશ્કર, પોલીસ. એસડીઆરએફ અને સ્થાનિક સ્વયંસેવકોની મદદથી સંયુક્ત બચાવ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.. ત્રણ જવાનો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. મૃતકોને સિપાહી અમિત કુમાર. સુરજીત કુમાર અને માન બહાદુર તરીકે ઓળખવામાં આવ્યા છે. તેમના મૃતદેહોને ખીણમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. દુર્ઘટનામાં વાહનનો ખુરદો બોલાઈ ગયો હતો. (એજન્સી)■

## ભરઉનાળે અષાઢી માહોલ

## કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ગાજવીજ સાથે માવઠું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાતોએ ગુજરાતમાં આ સપ્તાહ વંટોળ, વરસાદ અને કરા પડવાની આગાહી કરી હતી. આગાહીના પગલે ગુજરાતના અનેક વિસ્તારોમાં વંટોળ સાથે ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો હતો. અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર અને સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. વરસાદ સાથે ભારે પવન પણ ફૂંકાતા ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે કરાવર્ષા પણ થઈ હતી. અણધારી આફતથી

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતે બિલાવલ, ઇમરાન ખાનના ‘એક્સ’ અકાઉન્ટ સસ્પેન્ડ કર્યા

નવી દિલ્હીઃ ભારતે પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના અધ્યક્ષ બિલાવલ ભુત્તો ઝરદારી અને ભૂતપૂર્વ વડા પ્રધાન તેમ જ પાકિસ્તાન તહરીકે ઇન્સાફના સ્થાપક ઇમરાન ખાનના ‘એક્સ’ અકાઉન્ટ સસ્પેન્ડ કર્યા હતા.

અગાઉ, બિલાવલ ભુત્તોએ પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં જાહેરસભા યોજીને ભારતને સિંધુ જળ કરાર સ્થગિત કરવાને મુદ્દે યુદ્ધની ધમકી આપી હતી.

તેમણે દાવો કર્યો હતો કે સિંધુ નદી અને તેની ઉપનદીઓનું જળ પાકિસ્તાનનું છે અને તેને ભારત અટકાવી ન શકે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે પણ પાકિસ્તાનની ત્રાસવાદી સંગઠનોને સહાય કરવામાં સંડોવણીની કબૂલાત કરી હતી.

પાકિસ્તાનની જેલમાંના ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાને પણ ભારત-વિરોધી નિવેદનો કર્યા હતા. (એજન્સી)■

## દેશભરમાં ૫,૪૦૦ કેન્દ્ર પર મેડિકલ કૉલેજોની પ્રવેશ પરીક્ષા યોજાઇ

નવી દિલ્હીઃ દેશભરમાં વિવિધ મેડિકલ કૉલેજો માટેની પ્રવેશ પરીક્ષા - નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (અન્ડરગ્રેજ્યુએટ) એટલે કે ‘નીટ-યુજી’ રવિવારે ૫,૪૦૦થી વધારે (પરીક્ષા) કેન્દ્ર ખાતે કડક સલામતી હેઠળ યોજાઇ હતી અને કોઇ મોટો અનિચ્છનીય બનાવ નહોતો નોંધાયો.

‘નીટ-યુજી’ માટે ૨૨.૭ લાખથી વધારે પરીક્ષાર્થીએ પોતાના નામ નોંધાવ્યા હતા, પણ તેમાંના કેટલા વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, તેનો ચોક્કસ આંકડો મોડી સાંજ સુધી

(જુઓ પાનું ૨) ▶▶



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કાશ્મીર-પંજાબના આતંકવાદ માટે પણ અમેરિકા જવાબદાર?

**પહલગામમાં** થયેલા આતંકવાદી હુમલા પછી પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે પાકિસ્તાને આતંકવાદને પોષ્યો હોવાની કબૂલાત કરી હતી. હવે પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી અને પીપલ્સ પાર્ટીના નેતા બિલાવલ ભુટ્ટોએ પણ પાકિસ્તાને આતંકવાદને ઉછેર્યો હોવાની કબૂલાત કરી છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન આસિફે ગયા અઠવાડિયે બ્રિટિશ અખબાર ધ સ્કાયને આપેલા ઈન્ટરવ્યૂમાં આતંકવાદીઓને મદદ કર્યાનું સ્વીકાર્યું હતું. બ્રિટિશ એન્કર યાલ્દા હાકિમે સવાલ કરેલો કે, પાકિસ્તાન આતંકવાદી જૂથોની પ્રવૃત્તિઓ માટે જવાબદાર છે? આસિફે નિખલાસ કબૂલાત કરીને સ્વીકારેલું કે, પાકિસ્તાન છેલ્લા ૩૦ વર્ષથી આતંકવાદીઓને ટેકો અને તાલીમ આપી રહ્યું છે અને પાકિસ્તાન અમેરિકા અને પશ્ચિમી દેશો માટે આ 'ગંદાં કામ' કરી રહ્યુ છે.

આસિફે દાવો કરેલો કે, વિશ્વની મહાસત્તાઓએ પાકિસ્તાનનો ઉપયોગ પોતાના ફાયદા માટે કર્યો છે. આસિફે દાવો કરેલો કે, પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં સોવિયેત યુનિયન સામેના યુદ્ધમાં જોડાયું ન હોત અને અમેરિકામાં અલ કાયદાએ દ્વારા નાઈન ઈલેવનના હુમલા પછી જે પરિસ્થિતિઓ ઊભી થઈ તે ઊભી ન થઈ હોત તો પાકિસ્તાનનો રેકોર્ડ એકદમ ક્લીન હોત. ખ્વાજા આસિફે એ પણ પણ સ્વીકાર્યું હતું કે આતંકવાદીઓને ટેકો આપવો કે તાલીમ આપવી એ એક મોટી ભૂલ હતી અને અમે તેની સજા ભોગવી રહ્યા છીએ.

હવે એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા બિલાવલ ભુટ્ટોએ સ્વીકાર્યું છે કે, પાકિસ્તાને અમેરિકા સહિતના પશ્ચિમી દેશો સાથે મળીને આતંકવાદી સંગઠનોને પ્રોત્સાહન આપ્યું છે. આ પાકિસ્તાનનો ઇતિહાસ છે અને તે કોઈથી છુપાયેલો નથી. તેના કારણે પાકિસ્તાનને પણ નુકસાન થયું છે અને અમે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ઘણા સુધારા કર્યા છે.

આસિફ અને બિલાવલે આતંકવાદ મુદ્દે કરેલી કબૂલાત હાસ્યાસ્પદ છે કેમ કે આ તો ઉઘાડો ઈતિહાસ છે અને આખી દુનિયા જાણે છે. પાકિસ્તાન દુનિયામાં આતંકવાદનું પાલનહાર છે એવું માત્ર ભારત નથી કહેતું પણ દુનિયાના ઘણા દેશો કહે છે. અફઘાનિસ્તાન અને ભારત જેવા પાકિસ્તાનના પાડોશી દેશો તો આ વાત કરે જ છે પણ અમેરિકા અને બ્રિટન જેવા દેશો પણ આ જ વાત કરે છે. પશ્ચિમનું મીડિયા તો ખુલ્લેઆમ પાકિસ્તાનને દુનિયાનો સૌથી ખતરનાક દેશ માને છે. તેમના મતે દુનિયામાં આતંકવાદને સૌથી વધારે પોષતો દેશ પાકિસ્તાન છે. પાકિસતાન માટે 'મોસ્ટ એક્ટિવ સ્પોન્સર ઓફ ટેરરિઝમ' એવા શબ્દો એ લોકો વાપરે છે.

બીજી હાસ્યાસ્પદ વાત એ છે કે, પાકિસ્તાનના શાસકો પોતે કરેલાં કુકર્મો માટે બીજાં પર દોષારોપણ કરી રહ્યા છે. અમેરિકા અને પશ્ચિમના દેશોએ પાકિસ્તાનનો ઉપયોગ કર્યો એ વાત સાચી પણ પાકિસ્તાને પોતાનો ઉપયોગ કેમ થવા દીધો ? બીજું એ કે, બિલાવલ અને આસિફે પોતે સત્તામાં હોવા છતાં કેમ કદી આ આતંકવાદને ખતમ કરવા માટે પ્રયત્ન ના કર્યો ?

દુનિયામાં ૨૦૦ કરતાં વધારે દેશો છે. આ પૈકી ગણ્યાગાંઠ્યા દેશોની છાપ આતંકવાદના પોષક તરીકેની છે. પાકિસ્તાન આ યાદીમાં મોખરે છે તેનું કારણ શું ? તેનું કારણ એ કે, પાકિસ્તાનના શાસકોને જ આતંકવાદના પોષક તરીકે રસ હતો.

અમેરિકા તથા પશ્ચિમના દેશોને તેમણે લાલ જાજમ પાથરીને નોંતર્યા અને દુનિયાભરના આતંકવાદીઓને બોલાવીને બંનેનો ભેટો કરાવ્યો. તેના બદલામાં પાકિસ્તાને અમેરિકા તથા પશ્ચિમના દેશો પાસેથી લખલૂટ નાણાં લીધાં અને ધનિક બન્યા. પાકિસ્તાનીઓએ અમેરિકાનાં નાણાં લઈને પોતાની ધરતીનો ઉપયોગ આતંકવાદને પોષવા માટે કરવા દીધો તેથી પાકિસ્તાન આતંકવાદનું પોષક બન્યું છે. બિલાવલ અને આસિફ તેની વાત કરતા નથી ને પરાણે અમેરિકાએ તેમની પાસે આતંકવાદને ઉછેરાવ્યો હોય એમ રોદણાં રડવા બેસી ગયા છે.

આસિફે સોવિયેત રશિયાએ અફઘાનિસ્તાન પર કરેલા આક્રમણનો ઉલ્લેખ કર્યો છે. આ આક્રમણના કારણે દુનિયાભરના આતંકવાદીઓ પાકિસ્તાનમાં ઠલવાયા એ વાત સાચી છે. સોવિયેત રશિયાએ ૧૯૮૦ના દાયકામાં અફઘાનિસ્તાનમાં પગપેસારો કર્યો ત્યારે અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે કોલ્ડ વોર ચરમસીમા પર હતું, રશિયાએ પોતાની કઠપૂતળી જેવી સામ્યવાદી સરકારની સત્તા ટકાવી રાખવા માટે અફઘાનિસ્તાનમાં પોતાનું લશ્કર મોકલ્યું એ અમેરિકાના પેટમાં દુ:ખ્યું હતું.

અમેરિકાની જાસૂસી સંસ્થા આઈએસઆઈએ રશિયન લશ્કરને અફઘાનિસ્તાનમાંથી હટાવવા બિડું ઝડપ્યું. સાઉદી અરેબિયાના શાહી પરિવારનો સાથ મળ્યો ને આખી દુનિયાને ભરડામાં લેનારો આતંકવાદનો રાક્ષસ પેદા થયો. સોવિયત લશ્કરને પરેશાન કરવા અમેરિકાએ આખી દુનિયાના આતંકવાદીઓને અફઘાનિસ્તાનમાં ખડક્યા. પાકિસ્તાન સરકારે પોતાની જાસૂસી સંસ્થા આઈએસઆઈને તેમને મદદ કરવાના કામે લગાડ્યા.

અમેરિકા અને સાઉદીએ આ મુસ્લિમ આતંકીઓને તન,મન, ધનથી મદદ કરેલી ને એ બધા મુઝાહિદ્દીન કહેવાતા. આ મુઝાહિદ્દીનો માટે પાકિસ્તાનની આઈએસઆઈ કેમ્પ ચલાવતી. પાકિસ્તાની યુવકોને રશિયા સામે લડવા ભરતી કરાતા. અમેરિકાના ઈશારે એ લોકો સોવિયેત રશિયા સામે લડતા. ઓસામા બિન લાદેનથી માંડીને ઝકી ઉર રહેમાન લખવી સુધીના આતંકીઓ આ જંગમાં સામેલ હતા.

અમેરિકાએ આ બધા આતંકવાદીઓને તેમણે કદી ના જોયાં હોય એવાં અત્યાધુનિક હથિયારો આપ્યાં. એશથી રહી શકાય તેવી સગવડો આપી. આ આતંકવાદીઓ રશિયાના લશ્કર સામે લડવા પાકિસ્તાની અને અફઘાન છોકરાઓને મોકલતા ને પોતે પાકિસ્તાનમાં પડ્યા રહીને મજા કરતા. આ ઈતિહાસ છે ને તેને કોઈ નકારી શકે તેમ નથી. આસિફ કે બિલાવલે ના કહ્યું હોત તો પણ આખી દુનિયા આ વાત જાણે છે તેથી આ કબૂલાતનો મતલબ નથી.

અમેરિકા અને પશ્ચિમના દેશોના કારણે પાકિસ્તાનમાં આતંકવાદ પોષાયો એ વાત સ્વીકારીએ તો પણ જમ્મુ અને કાશ્મીરનો આતંકવાદ કે ભારતના બીજા ભાગોમાં ફેલાયેલો આતંકવાદ તો અમેરિકાની દેન નથી ને ? પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓએ કાશ્મીરમાં તો કાળો કેર વર્તાવેલો જ છે પણ કાશ્મીરની બહાર પણ આતંકવાદ ફેલાવ્યો છે. મુંબઈ, બેંગલૂરુ, કોલકાતા, દિલ્હી, અમદાવાદ, જયપુર સહિતનું કોઈ એવું મોટું શહેર બાકી નથી કે જ્યાં આતંકવાદની ઘટનાઓ ના બની હોય અને નિર્દોષોનાં લોહી ના રેડાયાં હોય. કાશ્મીરમાં તો છેલ્લાં ૫૦ વર્ષથી આતંકવાદ છે અને તેના કારણે લોકો શાંતિથી જીવી પણ શકતાં નથી.

કાશ્મીરના આતંકવાદને અમેરિકા સાથે કોઈ લેવાદેવા નથી કેમ કે રશિયાના અફઘાનિસ્તાનમાં આક્રમણ પહેલાં જ પાકિસ્તાને આ આતંકવાદ શરૂ કરી દીધેલો. ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને ફાંસીએ લટકાવી દીધા પછી પાકિસ્તાનમાં સત્તા પર આવેલા ઝિયા ઉલ હકે કાશ્મીર અને પંજાબ એમ બે બાજુ આતંકવાદ શરૂ કરાવીને ભારતીયોનું જીવવું હરામ કરી નાંખેલું.

બિલાવલ કે આસિફ કે બીજો કોઈ પણ પાકિસ્તાની નેતા આ આતંકવાદ માટે પાકિસ્તાન જ જવાબદાર છે એવું સ્વીકારશે ? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
સોમવાર, તા. ૫-૫-૨૦૨૫, દુર્ગાષ્ટમી, સીતાનવમી

- ભારતીય દિનાંક ૧૫, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૮મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૪-૦૦ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૪-૦૦ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૯. ૦૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ સાંજે ક. ૧૮-૫૮,
- ઓટઃ બપોરે ક. ૧૨-૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૯ (તા. ૬)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,

- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – અષ્ટમી. દુર્ગાષ્ટમી, સીતાનવમી.
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, શિવ-પાર્વતી પૂજા, રુદ્રાભિષેક, સપ્તસતી પાઠ, પૂજા, હવન, સીતામાતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, સર્પપૂજા, ચંપાના છોડનું પૂજન, ઔષધ ઉપચાર, માલ વેંચવો, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, ઘર-ખેતર, જમીન, મકાન લેવડદેવડ પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ માતૃસુખ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ સામાજિક જીવનમાં અપયશનો ભય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મઘા યુતિ.

ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મીન, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સિંગાપોરમાં પીપલ્સ એક્શન પાર્ટીનો ભવ્ય વિજય

સિંગાપોર : સિંગાપોરની સામાન્ય ચૂંટણીમાં વડા પ્રધાન લોરેન્સ વોન્ગની પીપલ્સ એક્શન પાર્ટી (પીએપી)એ ૯૭ સંસદીય બેઠકમાંથી ૮૭ બેઠક જીતીને જ્વલંત વિજય મેળવ્યો હતો.

અમેરિકાના ટૅરિફને લીધે આખા વિશ્વના અર્થતંત્રમાં ઊભી થયેલી અનિશ્ચિતતાને લીધે વોન્ગ અને પીએપીએ નવેસરથી જનાદેશ માગવાનો નિર્ણય લીધો હતો.

સિંગાપોરની સૌથી જૂની અને મોટી પાર્ટી પીએપી શહેર-દેશ પર ૧૯૬૫માં આઝાદી મળી ત્યારથી શાસન કરી રહી છે. સિંગાપોરના ૨૬ લાખ નાગરિકોએ હરીફાઈમાં રહેલી ૯૨ બેઠક માટે મતદાન કર્યું હતું. ૨૩ એપ્રિલના નામાંકન ભરવાના છેલ્લા દિવસ પછી મરિન પરેડ-બ્રેડેલ હાઈટ્સ મતદારક્ષેત્રમાં કોઈ બીજો ઉમેદવાર ઊભો ન રહ્યો હોવાથી પીએપીના ઉમેદવારને બિનહરીફ જીત મળી હતી.

વોન્ગે વડા પ્રધાન તરીકે આ પ્રથમ ચૂંટણી લડી હતી.

વૈશ્વિક વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરતું સિંગાપોર અમેરિકના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે લાદેલા ટૅરિફને લીધે ઊભા થયેલા પ્રતિકૂળ માહોલનો સામનો કરી રહ્યું છે. માર્સિલિંગ-યેવ ટી ગ્રૂપ રેપ્રિઝેન્ટેશન કોન્સ્ટીટ્યુન્સીનું પરિણામ જાહેર થયા બાદ વોન્ગે કહ્યું હતું કે આ ચૂંટણી મારો પહેલો નમ્ર અનુભવ છે. તેમણે મતદાતાઓ માટે સખત કામ કરવાનો સંકલ્પ લીધો છે.

બાવન વર્ષના વડા પ્રધાને કહ્યું હતું કે તમારા મજબૂત જનાદેશ માટે અમે આભારી છીએ. તમે અમારા પર મૂકેલા વિશ્વાસને અમે વધારે મહેનત કરીને સાર્થક બનાવીશું.

ઈલેકશન ડિપાર્ટમેન્ટે કહ્યું હતું કે સિંગાપોરવાસીએ ૯૭ સંસદીય બેઠકમાંથી ૯૨ સંસદીય બેઠકના ૧,૨૪૦ મતદારકેન્દ્રમાં મત નાખીને સિંગાપોર રાજકારણનું ભાવિ નક્કી કર્યું હતું.

૧૯૪૮માં પહેલી સામાન્ય ચૂંટણી યોજાઈ ત્યાર બાદની આ ૧૯મી ચૂંટણી હતી. સિંગોપોરને ૧૯૬૫માં આઝાદી મળી ત્યાર બાદની આ ૧૪મી ચૂંટણી હતી. બે દાયકાના શાસન કર્યા બાદ લી સિયેન લૂન્ગે રાજીનામું આપતાં મેના ઉત્તરાર્ધમાં બાવન વર્ષીય વોન્ગ સત્તા પર આવ્યા હતા. (એજન્સી) ■

## ભારતની પાક કલાકારો સામે કાર્યવાહીઃ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ બ્લૉક કર્યા

નવી દિલ્હીઃ ભારતે પાકિસ્તાનના વધુ અભિનેતા, અભિનેત્રીઓ અને ગાયકોની ફિલ્મ રિલીઝ થતી રોકવાની, તેઓના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બ્લૉક કરવા સહિતની કાર્યવાહી શરૂ કરી છે.

ભારતે ફવાદ ખાન, આતિફ અસલમ અને 'સનમ તેરી કસમ'થી લોકપ્રિય બનેલી અભિનેત્રી માવરા હોકેન સહિતના અનેક પાકિસ્તાની કલાકારોના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બ્લૉક કર્યા હતા.

ફવાદ ખાન નવ વર્ષ બાદ બૉલીવૂડમાં 'અબીર ગુલાલ' ફિલ્મ દ્વારા પાછો ફરવાનો હતો, પરંતુ તેની ફિલ્મ ભારતમાં રિલીઝ થતાં અટકાવાઇ છે.

'જલ બૅન્ડ'ના સભ્ય અને 'મેરે હમસફર'ના અભિનેતા ફરહાન સઇદ, 'પસૂરી' દ્વારા લોકપ્રિય બનેલા અલી સેઠી, 'હિંદી મીડિયમ'ની સબા કમર અને 'મોમ'ના અદનાન સિદ્દીકીના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પણ ભારતમાંથી ખોલી નથી શકાતા.

અગાઉ, પાકિસ્તાનના લોકપ્રિય કલાકારો – માહિરા ખાન, હનિયા આમીર, સનમ સઈદ, અલી ઝાફર, બિલાલ અબ્બાસ, ઇકરા અઝીઝ, આયઝા ખાન, ઇમરાન અબ્બાસ અને સજલ અલીના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પણ બ્લૉક કરાયા હતા. (એજન્સી) ■

## ચૂંટણી પંચનું નવું પ્લેટફોર્મ ૪૦ મોબાઈલ -વેબ એપ્સને એક છત્ર હેઠળ લાવશે

નવી દિલ્હી : ચૂંટણી પંચ મતદાતા, ચૂંટણી અધિકારીઓ અને રાજકીય પક્ષો માટે હાલના ૪૦ મોબાઈલ અને વેબ એપ્લિકેશનનું એકીકરણ કરીને નવું ડિજિટલ પ્લેટફોર્મ બનાવી રહ્યું છે.

ચૂંટણી પંચે રવિવારે કહ્યું હતું કે ઈસીઆઈનેટ ચૂંટણી સંબંધિત પ્રવૃત્તિઓનું એક માત્ર પ્લેટફોર્મ પૂરું પાડશે.

નવું પ્લેટફોર્મ યુઝર પરનો મલ્ટિપલ એપને ડાઉનલોડ અને નેવિગેટ કરવાની તથા વિવિધ લોગઈન યાદ રાખવાનો બોજો હળવો કરશે.

ચૂંટણી પંચના વડા જ્ઞાનેશ કુમારે વડા ચૂંટણી અધિકારી સાથેની તાજેતરની પરિષદમાં આવા પ્લેટફોર્મની દરખાસ્ત મૂકી હતી.

ઈસીઆઈનેટની મદદથી યુઝર સંબંધિત ઈલેકટરલ ડેટા ડેસ્કટોપ કે સ્માર્ટફોન પર જોઈ શકે. ડેટા બને ત્યાં સુધી સાચા અને ચોક્કસ હોય એની તકેદારી લેવા આ પ્લેટફોર્મ પર ડેટા ફક્ત અધિકૃત ચૂંટણી અધિકારી જ અપલોડ કરી શકશે. ડેટાને સત્તાવાર ચૂંટણી અધિકારી એન્ટર કરશે જેથી હિતધારકોને બને ત્યાં સુધી ચોક્કસ માહિતી મળી શકે. જો કોઈ વિવાદ થાય તો અધિકૃત ફોર્મમાં રહેલા પ્રાથમિક ડેટાને અંતિમ ગણવામાં આવશે.

આ પ્લેટફોર્મ હાલના એપ જેવા કે વોટર હેલ્પલાઈન એપ, વોટર ટર્નઆઉટ એપ, સિવિજિલ, સુવિધા, સક્ષમ અને કેવાયસી એપનું એકીકરણ કરશે. આ એપના લગભગ સાડાપાંચ કરોડ ડાઉનલોડ થયા છે. (એજન્સી) ■

## ઝારખંડમાં હૉસ્પિટલ કોરિડોરની છત તૂટી પડવાની દુર્ઘટનામાં વધુ એકનું મરણ

જમશેદપુર : ઝારખંડના પૂર્વ સિંઘભુમ જિલ્લામાં સરકારી હૉસ્પિટલના કોરિડોરની છત તૂટી પડતાં હવે કુલ ત્રણ જણનાં મરણ થયાં છે. ઘટનાસ્થળેથી વધુ એક મૃતદેહ મળી આવ્યો હતો. અધિકારીએ રવિવારે માહિતી આપી હતી કે આમાં ઘાયલ થનારા બીજા બે સારવાર લઈ રહ્યા છે.

ઝારખંડના આરોગ્યપ્રધાન ઈરફાન અન્સારીએ કહ્યું હતું કે હૉસ્પિટલ કોરિડોરની છત તૂટી પડવાની ઘટનામાં ત્રણ જણના મૃત્યુ થયા છે.

પોલીસે કહ્યું હતું કે જમશેદપુરના સાકચી વિસ્તારની એમજીએમ હૉસ્પિટલના મેડિસિન ડિપાર્ટમેન્ટના કોરિડોરનો ભાગ તૂટી પડતાં ૧૫ જણ કાટમાળમાં સપડાઈ ગયા હતા.

હૉસ્પિટલના સુપરિનટેન્ડન્ટ નકુલ ચૌધરીએ કહ્યું હતું કે આ બનાવમાં બે જણ ઘાયલ થયા હતા.

એક વયોવૃદ્ધ મહિલાની હાલત ગંભીર છે. તેને ટાટા મેન હૉસ્પિટલમાં મોકલવામાં આવી છે. ડેપ્યુટી કમિશનર અનન્ય મિત્તલે કહ્યું હતું કે કાટમાળ નીચેથી ૧૨ જણને બહાર કાઢીને બચાવી લેવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તરત જ તબીબી સહાય આપવામાં આવી હતી. બનાવની તપાસ કરવા એક સમિતિની રચના કરવામાં આવી છે અને તેને ૪૮ કલાકમાં અહેવાલ સુપરત કરવા જણાવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન હેમંત સોરેને પણ આ બનાવની તપાસ કરવાન આદેશ આપ્યો છે. સરકાર મૃતકોના પરિવારને પાંચ લાખ રૂપિયનું વળતર અને ઈજાગ્રસ્તોને એક લાખ રૂપિયાનું વળતર આપશે. (એજન્સી) ■

## અમેરિકામાં નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત, એકનું મોત

સિમી વેલીઃ અમેરિકામાં ફરી એક વાર નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાના સમાચાર સામે આવ્યા છે. દક્ષિણ કેલિફોર્નિયાના સિમી વેલી વિસ્તારમાં શનિવારે બપોરે એક નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં વિમાનમાં સવાર એક વ્યક્તિનું મોત થયું હતું. તેમજ બે ઘરોને નુકસાન થયું હતું. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

આ બનાવની જાણ થતાં ફાયર ફાઇટરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અધિકારીઓએ રસ્તાઓ કોર્ડન કરી દીધા હતા અને લોકોને વિસ્તારથી દૂર રહેવાની ચેતવણી આપી હતી. લોસ એન્જલસથી ઉત્તર-પશ્ચિમમાં લગભગ ૫૦ માઇલ(૮૦.૪૭ કિમી) દૂર સિમી વેલીના વુડ રાંચ વિભાગમાં એક ઘરની છત પરથી ધુમાડો નીકળતો જોઇ શકાતો હતો. બે ઘરો વચ્ચે કાટમાળ દેખાઇ રહ્યો હતો. વેન્ચુરા કાઉન્ટી ફાયર ડિપાર્ટમેન્ટે તે સમયે બંને ઘરોના રહેવાસીઓ અંદર હોવાની પુષ્ટિ કરી હતી. તેમને બહાર કાઢવામાં આવ્યા હતા અને કોઇ જાનહાનિ કે ઇજાના અહેવાલ નથી. અધિકારીઓએ જણાવ્યું કે બંને ઘરોને માળખાકીય નુકસાન થયું હતું. તેમજ તેઓ આગથી પ્રભાવિત થયા હતા.

ઘટનાસ્થળે લગભગ ૪૦ ફાયર ફાઇટર હાજર હતા. આગ ઓલવાઇ ગયા બાદ તેમણે સમારકામ અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. અધિકારીઓએ સિંગલ-એન્જિન, ફિક્સ્ડ-વિંગ વિમાનના પાઇલટ વિશે કોઇ માહિતી આપી ન હતી. તેમજ વિમાન ક્રેશ થવાનું કારણ શું હોઇ શકે તે વિશે પણ જણાવ્યું ન હતું. આ ઘટનાની રાષ્ટ્રીય પરિવહન સલામતી બોર્ડ તપાસ કરશે. ■

## આંધ્ર પ્રદેશમાં શ્રેણીબદ્ધ અકસ્માતોમાં પાંચનાં મોત, આઠ ઘાયલ

ઓંગોલઃ આંધ્ર પ્રદેશમાં રવિવારે સવારે ઓંગોલ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૬ પર કેટલાંક વાહનો વચ્ચે થયેલી અથડામણમાં પાંચ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે આઠ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પહેલો અકસ્માત સવારે ૪-૫૦ વાગ્યે ઓંગોલ ઇસ્ટ બાયપાસ નજીક થયો હતો. જ્યાં ટાયર પંચર થયું હોવાથી લેન ૧ પર ઊભેલી એક ટ્રકને પોલ્ટ્રી વાહને પાછળથી ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ડ્રાઇવર અને બે ક્લીનર્સનાં મોત થયાં હતાં.

આ અકસ્માતને કારણે એક કિલોમીટરથી વધુ લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. પહેલો અકસ્માત થયાની થોડી વારમાં જ એક હાર્વેસ્ટર વાહને પોલ્ટ્રી વાહનને ટક્કર મારી હતી. જેમાં ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. દરમ્યાન ટ્રાફિક જામના કારણે અમરાવતીથી તિરુપતિ જતી એક કાર ઊભેલી ટ્રક સાથે અથડાઇ હતી. જેમાં ગુંટૂર જિલ્લાના છ મુસાફરો સવાર હતા. બીજી એક ટ્રકે પાછળથી કારને ટક્કર મારી હતા. જેના કારણે કાર બે ભારે વાહનો વચ્ચે ફસાઇ ગઇ હતી. બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. ■

## મ.પ્ર.માં પરાલી સળગાવ્યા પછી આગ બે ગામોમાં ફેલાઇ

છતરપુરઃ મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લાનાં બે ગામોમાં પરાલી સળગાવવા માટે ખેતરોમાં લગાવવામાં આવેલી આગ બે ગામોમાં ફેલાઇ હતી. જેમાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. તેમજ આગને કારણે લગભગ ૪૦ ઘરોને નુકસાન પહોંચ્યું હતું. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

આ ઘટના શનિવારે સાંજે જિલ્લા મુખ્યાલયથી લગભગ ૧૦૦ કિમી દૂર રામતોરિયા ગ્રામ પંચાયત વિસ્તારમાં બની હતી. એસડીએમ આયુષ જૈને જણાવ્યું કે પરાલી સળગાવવાની આગ છુલ્લા અને માજરા ચિરોલા ગામમાં ફેલાઇ હતી. તેમણે જણાવ્યું કે માજરા ચિરોલામાં લગભગ ૩૦ ઘરો અને છુલ્લામાં ૧૦ થી ૧૫ ઘરો આગની લપેટમાં આવી ગયા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારતે પાકને

સિંધુ જળ વિવાદ હેઠળ પાકિસ્તાનને પશ્ચિમની નદીઓ – સિંધુ, ચિનાબ અને ઝેલમનું નિયંત્રણ અપાયું હતું. પાકિસ્તાન સિંધુ નદીના અંદાજે ૯૩ ટકા પાણીનો ઉપયોગ સિંચાઇ અને વીજળી ઉત્પાદન માટે કરતું હતું. પાકિસ્તાનમાં ખેતીને લાયક જમીનનો આશરે ૮૦ ટકા હિસ્સો સિંધુ નદીના પાણી પર આધાર રાખે છે અને તે પાકિસ્તાનની અર્થવ્યવસ્થામાં મહત્ત્વનું યોગદાન આપે છે અને તેથી ભારતે સિંધુ જળ કરાર સ્થગિત કરવાની કરેલી જાહેરાત બાદ પાકિસ્તાનના નેતાઓ લડાઇની સતત ધમકી આપી રહ્યા છે.

કરાચીની રિસર્ચ ફર્મ પાકિસ્તાન ઍગ્રિકલ્ચર રિચર્સના ઘશારિબ શૌકતે જણાવ્યું હતું કે ભારતે સિંધુ જળ કરાર સ્થગિત કરતા પાકિસ્તાનની ખેતી માટે અનિશ્ચિતતા ઊભી થઇ છે. પાકિસ્તાન પાસે હાલમાં કોઇ વિકલ્પ નથી રહ્યો. આ કરારમાં જે નદીઓને આવરી લેવાઇ છે, તેઓનું પાણી ખેતી ઉપરાંત વીજળી ઉત્પાદન માટે વાપરવામાં આવે છે અને તેનાથી લાખો લોકોને રોજગારી મળે છે.

પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ પ્રધાન બિલાવલ ભુત્તોએ ભારતને ધમકી આપતા જણાવ્યું હતું કે સિંધુ નદીમાં પાકિસ્તાનના લોકો માટેનું પાણી વહેશે અથવા લોહી વહેશે. (એજન્સી) ■

### મોદીએ

પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હોવાનું મનાય છે. મોદી અને હવાઇ દળના વડા ઍર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ વચ્ચેની મંત્રણાની વિગત જાહેર નથી કરાઇ. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાંના ત્રાસવાદી હુમલા બાદ વડા પ્રધાને દેશના સલામતી સલાહકારો, લશ્કરના ત્રણેય પાંખના વડા, સંરક્ષણ પ્રધાન, ગૃહ પ્રધાન સહિતના અનેક ઉચ્ચ અધિકારી સાથે ઘણી ઉચ્ચ સ્તરની બેઠક યોજી હતી. (એજન્સી) ■

### કચ્છ, ઉત્તર

ખેડૂતોની મુશ્કેલી વધી ગઈ છે.

વાતાવરણમાં પલટો આવવાના કારણે લોકો જે આકરી ગરમીનો અનુભવ કરી રહ્યા હતા તેમાં રાહત મળી હતી. આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રીનો ઘટાડો થવાનું પૂર્વાનુમાન છે. મોટાભાગના જિલ્લામાં માવઠાની શક્યતા હોય ખેડૂતોને તેની જણસ સલામત સ્થળે ખસેડી લેવા માટે સૂચના આપવામાં આવી હતી.

હવામાન વિભાગે રાજ્યમાં અલગ-અલગ જિલ્લાઓ માટે કરેલી માવઠાંની આગાહી સાચી પડી હતી. રવિવારે કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી ત્યારે ૪ મે, ૨૦૨૫ના રવિવારે વહેલી સવારથી જ અનેક જિલ્લાઓના વાતાવરણમાં પલટો આવ્યો હતો.

અણધારી આફતથી ખેડૂતોની મુશ્કેલી વધી હતી. માવઠાએ ખેડૂતોની આશાઓ પર પાણી ફેરવી દીધું ખેડૂતોએ મહેનતથી ઉગાડેલા કપાસ, ઘઉં અને ચણા જેવા પાકો પર પાણી ફરી વળતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. કમોસમી વરસાદે ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવ્યો છે. ■

### દેશભરમાં

નહોતો મળ્યો.

મોટા ભાગનાં પરીક્ષા કેન્દ્રો સરકારી કે સરકારની સહાય મેળવતી શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની ઇમારતોમાં હતા.

કર્ણાટકના કલાબુરાગી ખાતેના એક પરીક્ષા કેન્દ્ર ખાતે અમુક બ્રાહ્મણ વિદ્યાર્થીઓની જનોઇ કઢાવવાની ઘટનાના સંબંધમાં બ્રાહ્મણોએ દેખાવ કર્યા હતા. રાજસ્થાનમાં એક વિદ્યાર્થી પાસેથી રૂપિયા ૪૦ લાખ લઇને પ્રશ્નપત્ર વહેલું અપાવવાની ખોટી બાંયધરી દઇને તેની સાથે છેતરપિંડી કરનારા ત્રણ જણની પોલીસે અટકાયત કરી હતી.

ભુવનેશ્વરમાં પોલીસે વિદ્યાર્થીઓ પાસેથી નાણાં લઇને તેઓને મેડિકલ કૉલેજોમાં પ્રવેશ અપાવવાનું વચન આપનારા ચાર જણની ધરપકડ કરી હતી.

પરીક્ષા કેન્દ્રો ખાતે મોબાઇલ સિગ્નલ જૅમરનો ઉપયોગ કરાયો હોવાનું અને બાયોમેટ્રિક હાજરી લેવાઇ હોવાનું કહેવાય છે. (એજન્સી) ■

# મુલુંડ-ઐરોલી ટોલનાકાનો ટ્રાફિકઃ કેબલ સ્ટેડ બ્રિજ બાંધવાનો વિચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર મુલુંડ-ઐરોલી જંકશન પર કેબલ સ્ટેડ બ્રિજ તથા વધારાના ચાર રસ્તા બનાવવા બાબતે મુંબઈ મહાનગરપાલિકા વિચારાધિન હોવાનું કહેવાય છે. જો આ બંને પ્રોજેક્ટ અમલમાં આવે તો પીક-અવર્સમાં અહીં થતા ટ્રાફિકની સમસ્યામાં મોટી રાહત મળી રહેશે એવું માનવામાં આવે છે.

ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પ્રભુ શ્રીરામ ચોક એટલે મુલુંડ-ઐરોલી જંકશન પર પીક અવર્સ જ નહીં પણ દિવસના મોટાભાગના સમયે ભારે ટ્રાફિક જૅમ રહેતો હોય છે. મુલુંડ, ભાંડુપ સહિત વિક્રોલી, ઘાટકોપર સુધીનો તથા પશ્ચિમ ઉપનગરથી વાહનો ઈસ્ટર્ન એક્સપ્રેસથી નવી મુંબઈ જવા માટે ઐરોલી જંકશનનો ઉપયોગ કરે છે. તેથી અહીં ટ્રાફિકની ભારે સમસ્યા રહેતી હોય છે, તેથી તેનો ઉકેલ લાવવા માટે સ્થાનિક વિધાનસભ્ય દ્વારા પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને આ જંકશન પર રોડના બે નવા પ્રોજેક્ટ હાથ ધરવાની માગણી કરવામાં આવી છે, જેમાં જંકશન પર ચાર વધારાના નવા રોડ બાંધવાની માગણી કરવામાં આવી છે, જેને કારણે લગભગ ૧૫ મિનિટનો સમય બચી શકશે. એ સાથે જ અહીં જંકશન પર ઐરોલી તરફ જવા ટૂ-વે કેબલ સ્ટેડ બ્રિજ બાંધવાની માગણી કરવામાં આવી છે. સ્થાનિક વિધાનસભ્યની માગણી બાબતે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે મુલુંડ-ઐરોલી જંકશન પર નવા રોડ બાંધવા બાબતે સંબંધિત વિભાગને અભ્યાસ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. ■



**વાર્ષિક માસઃ** મરોલમાં આવેલા ૪૪૦ વર્ષ જૂના અને વર્ષમાં ફક્ત એક જ વખત ખૂલતા મરોલ વિસ્તારના સેંટ જોન ઘ બાપ્ટિસ્ટ ચર્ચમાં ખ્રિસ્તી બંધુઓએ પવિત્ર મહિનાના અંતે પ્રાર્થના કરી હતી. (અમય ખરાડે)

# ગામના ચોકમાં કુહાડીના ઘા ઝીંકી પ્રૌઢની હત્યાઃ મહિલા સરપંચ સહિત છ સામે ગુનો

થાણેઃ ગામમાં ચાલતા વિવાદને પગલે પાંચ જણે ચોકમાં જાહેરમાં કુહાડીના ઘા ઝીંકી પ્રૌઢની કથિત હત્યા કરી હોવાની ઘટના થાણે જિલ્લામાં બની હતી. આ પ્રકરણે પોલીસે મહિલા સરપંચ સહિત છ સામે ગુનો નોંધી એકની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની સવારે મુરબાડ તાલુકાના જામબ્રુડે ગામમાં બની હતી. પાંચ જણે ગામના ચોકમાં જાહેરમાં બારચંદ્ર બિહડિ પર હુમલો કર્યો હતો. કુહાડીના ઘા ઝીંકવામાં આવતાં બિહડિનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતાં અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બિહડિના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે મૃતકનો પુત્ર ગામમાં ઉપસરપંચ છે અને આરોપી ગામની મહિલા સરપંચના ટેકેદારો છે. વિકાસ પ્રોજેક્ટ્સ અને મૃતકે આરટીઆઈ દ્વારા મેળવેલી વિગતોને લઈ છેલ્લા અમુક મહિનાથી બે જૂથ વચ્ચે વિવાદ હતો. પોલીસે તપાસ હાથ ધરી હત્યા પ્રકરણે એકની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય હુમલાખોરોની શોધ હાથ ધરી હતી. મૃતકના પરિવારજનોએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. આ કેસમાં મહિલા સરપંચનું નામ પણ આરોપી તરીકે દર્શાવાયું હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# શિક્ષણ કરવટ બદલે છેઃ ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર અભ્યાસક્રમ તૈયાર થશે

મુંબઈઃ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)એ આ વર્ષે માર્ચમાં એપ્રેન્ટિસશિપ એમ્બેડેડ ડિગ્રી પ્રોગ્રામ (એઈડીપી) માટે માર્ગદર્શિકા જારી કર્યા પછી, રાજ્ય સરકારે તાજેતરમાં ૨૦૨૫-૨૬ના આગામી શૈક્ષણિક વર્ષમાં તેનો અમલ કરવા માટે એક સરકારી ઠરાવ (જીઆર) જારી કર્યો હતો. રાજ્ય સરકારે એઈડીપીને મંજૂરી આપ્યાના એક અઠવાડિયા પછી આ વિકાસ થયો છે, જે ટૂંક સમયમાં બિન-કૃષિ યુનિવર્સિટીઓમાં લાગુ કરવામાં આવશે.

શુક્રવારે બહાર પાડવામાં આવેલા સરકારી ઠરાવ મુજબ દરેક યુનિવર્સિટીએ એઈડીપીમાં ઓછામાં ઓછા ૩૦૦ વિદ્યાર્થીઓની નોંધણી કરાવવી આવશ્યક છે. ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે એઈડીપીમાં યુનિવર્સિટી સત્તાવાળાઓ, ઉદ્યોગોના પ્રતિનિધિઓ, ઉદ્યોગગૃહો, કૌશલ્ય વિકાસ વિભાગો, બિઝનેસ હાઉસિસ, સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ, બોર્ડ ઓફ એપ્રેન્ટિસ ટ્રેનિંગ, નેશનલ એપ્રેન્ટિસ ટ્રેનિંગ સ્કીમ અને અન્ય સંસ્થાઓ વચ્ચે ગાઢ સંકલન કરવામાં આવશે. આમ કરવાથી ઉદ્યોગની જરૂરિયાતો સાથે સુસંગત અભ્યાસક્રમો તૈયાર કરી શકાય, જેથી વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા પછી નોકરી માટે તૈયાર હોય.

સરકારી ઠરાવમાં એમ પણ જણાવાયું છે કે દરેક યુનિવર્સિટીએ તેની કુશળતા સંબંધિત ઉદ્યોગ ભાગીદારો નક્કી કરવા આવશ્યક છે જેથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરતી વખતે પણ તેમની એપ્રેન્ટિસશીપ મેળવી શકે. ક્ષેત્ર-વિશિષ્ટ ઉદ્યોગો સાથે કામ કરતી વખતે, યુનિવર્સિટીઓ પણ જરૂરિયાત અનુસાર અભ્યાસક્રમો બનાવશે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે 'એઈડીપીનો હેતુ ઉદ્યોગ માટે રોજગાર માટે તૈયાર વિદ્યાર્થીઓ પૂરો પાડવાનો છે. આમાં કલાસના ભણતર સાથે સાથે ઉદ્યોગલક્ષી તાલીમ પણ આપવામાં આવશે.' ■

# મીરા-ભાયંદરમાં શરૂ થઈ જશે પોડ ટૅક્સી

પાલઘરઃ શહેરી પરિવહનમાં ક્રાંતિ લાવવાના ઉદ્દેશ્યથી બનેલા એક મોટા ઘટનાક્રમમાં મીરા-ભાયંદર ભવિષ્યની પોડ ટેક્સી સેવાને આવકારવા માટે તૈયાર છે.

મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે જાહેરાત કરી હતી કે મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન (એમબીએમસી) દ્વારા સંબંધિત એજન્સીને તમામ જરૂરી મંજૂરી અને સર્વે પરવાનગી આપવામાં આવી છે.

આ પ્રસંગે મંત્રી સરનાઇકે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પ્રોજેક્ટ ટૂંક સમયમાં કાર્યરત થઈ જતા અત્યારના પરિવહન સામે ઝડપી, વાજબી અને ભવિષ્યલક્ષી વિકલ્પ લોકોને મળશે. શહેરની વસ્તી ૧૦ લાખ કરતા વધી ગઈ હોવાથી અને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર વધી રહેલા દબાણને કારણે પોડ ટેક્સી ટ્રાફિકની સમસ્યા ઘણે અંશે ઘટાડશે એવી અપેક્ષા છે. ટ્રાન્સપોર્ટની મર્યાદા ધ્યાનમાં લેતા અને શહેરની વધતી કનેક્ટિવિટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને આગામી મેટ્રો લાઇન આ ડિસેમ્બર સુધીમાં કાર્યરત થવાની છે ત્યારે પોડ ટેક્સી ઉત્તમ કનેક્ટિવિટી પૂરી પાડશે.'

મુંબઈ મહાનગરપાલિકાએ મીરા-ભાયંદર વિસ્તારમાં સૂચિત ફુટ્રાન એલિવેટેડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ માટે પ્રી-ફિઝિબિલિટી સર્વે હાથ ધરવા માટે ન્યુટ્રોન ઇવી મોબિલિટીને સત્તાવાર રીતે મંજૂરી આપી દીધી છે. આ સર્વેક્ષણને ચોક્કસ નિયમો અને શરતો હેઠળ મંજૂરી આપવામાં આવી છે, જેમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે કામ સંપૂર્ણપણે કંપનીના પોતાના ખર્ચે થવું જોઈએ. આ સર્વેક્ષણ જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી)ની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવશે.

ઇલેક્ટ્રિક મોટર્સ અને ઓનબોર્ડ બેટરી સિસ્ટમ દ્વારા સંચાલિત, દરેક પોડ ૨૦ મુસાફર સમાવી શકે છે અને ૬૦ થી ૭૦ કિ.મી./કલાકની ઝડપે મુસાફરી કરે છે. આ સિસ્ટમ ૨૪/૭ સંપૂર્ણપણે સ્વયંસંચાલિત હશે.

પ્રત્યેક દિશામાં પ્રતિ કલાક ૧૫,૦૦૦ મુસાફરોની આવનજાવન શક્ય બનશે. ■

# આઈઆઈટી-બીની હૉસ્ટેલના પુનઃનિર્માણ માટે ૧૦૦ કરોડ રૂપિયાનું દાન આપશે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ

મુંબઈઃ ક્લાઉડ વેબ અને મોબાઇલ ટેસ્ટિંગ પ્લેટફોર્મ, બ્રાઉઝરસ્ટેકના સહ-સ્થાપક નકુલ અગ્રવાલ અને રિતેશ અરોરાએ મંગળવારે તેમના અલ્મા મેટર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-બોમ્બે (આયઆયટીબી) ને રૂ. ૧૦૦ કરોડ રૂપિયાનું દાન આપવાનું વચન આપ્યું. આ યોગદાનનો હેતુ વિદ્યાર્થીઓની રહેઠાણ સુવિધાઓને અપગ્રેડ કરવાનો અને કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે રહેણાંક અનુભવને બદલવાનો છે. અગ્રવાલ અને અરોરા બંનેએ ૨૦૦૬ માં આયઆયટીબી માંથી કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગમાં બી.ટેક ડિગ્રી મેળવી છે.

આયઆયટીબી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે આ દાનનો ઉપયોગ હોસ્ટેલ ૬, જ્યાં અગ્રવાલ અને અરોરા તેમના અંડરગ્રેજ્યુએટ વર્ષો દરમિયાન રહેતા હતા, તેના સંપૂર્ણ રિકન્સ્ટ્રક્શન માટે અને પ્રોજેક્ટ એવરગ્રીન, હોસ્ટેલ ૭, ૮ અને ૨૧ ને આધુનિક બનાવવા માટે કરાશે.

બ્રાઉઝરસ્ટેકના સીઈઓ અરોરાએ કહ્યું કે ''આ યોગદાન દ્વારા, અમે ફક્ત હોસ્ટેલનું પુનર્નિર્માણ જ નથી કરી રહ્યા, પરંતુ એવા વાતાવરણમાં પણ રોકાણ કરી રહ્યા છીએ જ્યાં આગામી પેઢીના ટેક લીડર સહયોગ કરી શકે, વિચાર કરી શકે અને સીમાઓ આગળ ધપાવી શકે.'' કંપનીના સીટીઓ અગ્રવાલે કહ્યું કે, ''આ યોગદાન અમારા માટે વ્યક્તિગત છે. અમે ફક્ત તે સંસ્થાને પાછું આપી રહ્યા છીએ જેણે અમને બતાવ્યું કે જ્યારે પ્રતિભા તક મળે છે ત્યારે શું શક્ય છે.'' ■

## શિવાજી મહારાજ માટે ટિપ્પણીઃ એકને માર્યો

પાલઘરઃ નાલાસોપારામાં વ્હૉટ્સઍપ ગ્રૂપમાં ગુજરાતી-મરાઠી ચર્ચા ઉગ્ર બનતાં છત્રપતિ શિવાજી મહારાજ માટે વાંધાજનક ટિપ્પણી કરનારાને રહેવાસીઓએ ફટકારી પોલીસને સોંપ્યો હતો. પોલીસે યુવાનની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીની ઓળખ અક્ષયદીપ ભારતકુમાર વિસાવડિયા તરીકે થઈ હતી. ■

# થાણે અકસ્માત ટ્રિબ્યૂનલે અકસ્માતમાં ઘાયલ થયેલી મહિલાને ૮.૮ લાખ રૂપિયાનું વળતર આપ્યું

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મોટર અકસ્માત દાવા ટ્રિબ્યૂનલ (એમએસીટી) એ ઓટોરિક્ષા અકસ્માતમાં ઘાયલ થયેલી ૨૬ વર્ષીય મહિલાને ૮.૮ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો છે. એમએસીટી સભ્ય એસ.એન. શાહે વાહન માલિક અને વીમા કંપનીને સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે એક મહિનાની અંદર રકમ ચૂકવવા માટે જવાબદાર ઠેરવ્યા છે.

કેસની વિગત મુજબ, ૯ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ દાવેદાર મોનિકા અજય રોકડે થાણે શહેરમાં ચાલી રહેલા મેટ્રો રેલનું બાંધકામ ચાલી રહેલા રસ્તા પર ઓટોરિક્ષામાં મુસાફરી કરી રહી હતી, ત્યારે વધારે પડતી ઝડપથી ચાલી રહેલી રિક્ષા ખાડામાં પલટી ગઈ હતી. રોકડેએ જણાવ્યું હતું કે ટીનના તીક્ષ્ણ પાત્રથી તેનું ઉપલું અંગ કપાઈ ગયું હતું. ગંભીર ઇજાઓ સાથે ડ્રાઇવર તેને હૉસ્પિટલમાં લઈ ગયો હતો. એફઆઈઆર મુજબ, ડ્રાઇવર પર આઇપીસી કલમ ૩૩૮ (બીજાઓના જીવન અથવા વ્યક્તિગત સલામતીને જોખમમાં મૂકતા કૃત્ય દ્વારા ગંભીર ઇજા પહોંચાડવી) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. રોકડેના દવા મુજબ ઇજાઓના કારણે જોકે અકસ્માતમાં તેને ૨૩.૭૦ ટકા સુધીની અપંગતા આવી હતી. જોકે, બાદમાં કોર્ટે તેને ૧૫ ટકા માન્ય કરી હતી. તેણે ભવિષ્યમાં આવકનું નુકસાન, તબીબી ખર્ચ અને પીડા અને વેદના સહિત વિવિધ મથાળા હેઠળ વળતરની માગ કરી હતી.

વીમા કંપનીની દલીલ હતી કે માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ વિના અને ઓવરલોડ સાથે રિક્ષા ચલાવાઈ રહી હતી. જોકે, વીમા કંપનીએ એ પણ સ્વીકાર્યું હતું કે વાહનનો સંબંધિત સમયગાળા દરમિયાન વીમો લેવામાં આવ્યો હતો. ટ્રિબ્યૂનલે વીમા કંપનીના વિરોધાભાસી વિધાનો સામે કડક વલણ અપનાવ્યું હતું. વધુમાં, વીમા કંપની ઓવરલોડિંગ અથવા માન્ય લાઇસન્સ ન હોવાના તેના દાવાઓને સમર્થન આપતા કોઈ પુરાવા પૂરા પાડવામાં નિષ્ફળ ગઈ.કોર્ટ એવા નિષ્કર્ષ પર આવી હતી કે વાહનનો અકસ્માત ડ્રાઇવરની બેદરકારીને કારણે થયો હતો, જેનો તે સમયે વીમો લેવામાં આવ્યો હતો. ટ્રિબ્યૂનલે અંતિમ આદેશ આપ્યો હતો કે વિરોધીઓ, ઓટોના માલિક અને વીમા કંપની, સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે, એવોર્ડની તારીખથી એક મહિનાની અંદર ૮.૮૪ લાખ રૂપિયા જમા કરાવશે. (પીટીઆઈ) ■



**બિલાડીઓનું વંધ્યીકરણઃ** બિલ્લી પ્રેમીઓ, દાતાઓ અને ડૉક્ટરોએ ભેગા મળીને માહેશ્વરી ઉદ્યાન ગાર્ડન, માટુંગાના પરિસરની રખડતી બિલાડીઓનું વંધ્યીકરણનું આયોજન કર્યું હતું. જેમાં વિશ્વ વિખ્યાત બિલાડી 'ટોમ'ની પૃષ્ઠભૂમિમાં બિલાડીનું વંધ્યીકરણ થઈ રહ્યુ હતું. (અમય ખરાડે)

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**



**વીલાસબેન ભાયાણી**

લાઠી નિવાસી હાલ મુલુન્ડ (ઉ.વ.૭૬) તા. ૦૩-૦૫-૨૦૨૫ શનિવારના રોજ અરિહંતશરણપામેલ છે.

-: શોકાતુર :-

સાસુ-સસરાઃ સ્વ. પુષ્પાબેન જયંતીલાલ ભાયાણી
પતિઃ સુરેન્દ્રભાઈ જયંતિલાલ ભાયાણી
પુત્રઃ સમીર, મયુર, પરીમલ
પુત્રવધુઃ પ્રીતી, પુર્વી, રૂપલ
દિયર-દેરાણીઃ જયેશભાઈ- છાયાબેન
નણંદઃ સ્વ. હેમાબેન, હીનાબેન, ભાવનાબેન, સ્વ.પારૂલબેન
પૌત્ર-પૌત્રીઃ ફોરમ હેમીલ શાહ, અમીષા, પલક, યશ, રીતીકા, પાર્શ્વ
માતા-પિતાઃ સ્વ. પુષ્પાબેન નાનાલાલ મોદી

લૌકિક વ્યવહાર બંધ છે

## એક્સપ્રેસ ટ્રેનમાં મહિલા પર બ્લેડથી હુમલોઃ બેની ધરપકડ

મુંબઈઃ ઈન્દોર જઈ રહેલી મહિલા પ્રવાસી પર અવંતિકા એક્સપ્રેસમાં બ્લેડથી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના બનતાં પોલીસે મહિલા સહિત બે જણની ધરપકડ કરી હતી. જનરલ ડબ્બામાં પ્રવાસીઓની ભીડ વચ્ચે મહિલાનો અન્ય પ્રવાસી સાથે વિવાદ થયા બાદ મામલો હિંસક બન્યો હતો.

ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના આસિસ્ટન્ટ કમિશનર જ્ઞાનેશ્વર ગનોરેએ જણાવ્યું હતું કે ઘટના શનિવારે પાલઘર નજીક બની હતી. હુમલા દરમિયાન પુરુષ આરોપીએ વિનયભંગ પણ કર્યો હોવાનો આક્ષેપ મહિલાએ ફરિયાદમાં કર્યો હતો. મળતી માહિતી અનુસાર મહિલા મુંબઈથી ટ્રેનમાં ચઢી હતી. સંતાનોને લાવવા માટે તે ઈન્દોર જઈ રહી હતી. ટ્રેનના જનરલ ડબ્બામાં ચઢેલી મહિલાનો એક મહિલા પ્રવાસી સાથે વિવાદ થયો હતો. કહેવાય છે કે ડબ્બામાં પ્રવાસીઓની ખાસ્સી ભીડ હતી. એક મહિલા સાથે બોલાચાલી થયા પછી બન્ને વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડામાં આરોપી મહિલાના સાથીએ પણ ઝંપલાવ્યું હતું. ■

## દિલ્હી-શિર્ડી ફ્લાઈટમાં નશામાં ચૂર પ્રવાસીએ ઍર હોસ્ટેસનો વિનયભંગ કર્યો

મુંબઈઃ દિલ્હી-શિર્ડી ફ્લાઈટમાં દારૂના નશામાં પ્રવાસીએ ઍર હોસ્ટેસ સાથે કથિત ઉદ્ધત વર્તન કર્યું હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ શુક્રવારે બપોરે ઈન્ડિગોની ફ્લાઈટ શિર્ડીમાં લૅન્ડ થયા પછી આરોપીને તાબામાં લેવાયો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ફ્લાઈટના ટૉઈલેટ નજીક આરોપીએ ઍર હોસ્ટેસને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. આરોપીના અશ્લીલ કૃત્યથી રોષે ભરાયેલી ઍર હોસ્ટેસે ક્રૂ મૅનેજરને આ બાબતે જાણ કરી હતી.

શિર્ડી ઍરપોર્ટ પર ફ્લાઈટ લૅન્ડ થયા પછી સિક્યોરિટી અધિકારીને આ અંગે માહિતી આપવામાં આવી હતી. સિક્યોરિટી અધિકારીએ આરોપીને પોલીસના તાબામાં સોંપ્યો હતો. આરોપીને રહાટા પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેની વિરુદ્ધ વિનયભંગનો ગુનો નોંધવામાં આવ્યો હતો. તબીબી તપાસમાં આરોપીએ દારૂનું સેવન કર્યું હોવાની વાતની ખાતરી થઈ હતી. રહાટા પોલીસે આરોપીને નોટિસ બજાવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

**હાલાઈ લોહાણા નિધન**



**હરદેવી પ્રાણલાલ કારિયા**

(ઉ.વ. ૮૪)

મુંબઈના નિવાસી સ્વ. પ્રાણલાલ કારિયાના ધર્મપત્ની શનિવાર, તા. ૩-૫-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નાનજીભાઈ કકડ તથા લક્ષ્મીબહેન કકડના પુત્રી.

પુત્રઃ રાજેન્દ્ર કારિયા
પુત્રીઃ નીતા મહેતા
પુત્રવધૂઃ ધર્મિષ્ઠા કારિયા
પૌત્રઃ રોનક કારિયા
પૌત્રીઃ જીનલ મહેતા, ફોરમ મહેતા

પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

# મિડલ અને હાયર ગ્રૂપને પણ મફત ફંજીબલ એફએસઆઈનો લાભ

### મ્હાડા કરોડોની આવક ગુમાવશે

મુંબઈઃ નિયમ અનુસાર આર્થિક રીતે નબળા અને લો ઈન્કમ ગ્રૂપના રહેવાસીઓના પુનર્વસન માટે મફત ફંજીબલ એફએસઆઈ આપવામાં આવે છે. તેવો લાભ મિડલ અને હાઈયર ઈન્કમ ગ્રૂપના રહેવાસીઓને પણ પુનર્વિકાસ માટે આપવો એવી માગણી મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ (મ્હાડા)એ રાજ્ય સરકાર સમક્ષ કરી છે. રાજ્યના પ્રસ્તાવીત ગૃહનિર્માણ પૉલિસીમાં તેનો સમાવેશ કરવો એવું સૂચન પણ કરવામાં આવ્યું છે. જો આ પ્રસ્તાવ માન્ય થાય છે તો મ્હાડાને કરોડો રૂપિયાની આવક ગુમાવી પડશે પણ તેનો ફાયદો બિલ્ડરને ચોક્કસ થશે.

ડેવલપમેન્ટ કંટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશનની ૩૩(૫) કલમ મ્હાડા કોલોનીના પુનર્વિકાસ માટે છે. આ નિયમ અંતર્ગત આર્થિક રીતે નબળા અને લો-ઈન્કમ ગ્રૂપના રહેવાસીઓને પુનર્વસન માટે મફત ફંજીબલ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (એફએસઆઈ) આપવામાં આવે છે. તે મિડલ અને હાઈયર ઈન્કમ ગ્રૂપના રહેવાસીઓના પુનર્વિકાસ માટે પણ આપવી એવો પ્રસ્તાવ મ્હાડાએ મોકલ્યો છે. હાલ ફંજીબલ એફએસઆઈ રહેવાસીઓને હાલ અસ્તિત્વમાં રહેલા ઘરના ક્ષેત્રફળ મુજબ આપવામાં આવે છે પણ નિયમાવલી અનુસાર આ રહેવાસીઓને લાગુ પડતા પુનર્વસનના ક્ષેત્રફળ પર તે આપવી એવી માગણી પણ મ્હાડાએ કરી છે. આ પહેલા મિડલ અને હાઈર ઈન્કમ ગ્રૂપના પુનર્વિકાસમાં ડેવલપરને ફંજીબલ એફએસઆઈ માટે પ્રીમિયમ ભરવું પડતું હતું. તે મફત આપવાની માગણી કરવામાં આવી છે. આ પ્રસ્તાવ મંજૂર થયો તો મ્હાડા પુનર્વિકાસમાં ડેવલપરને મોટા પ્રમાણમાં ફંજીબલ એફએસાઈ મળશે. એ સિવાય તમામ ઈન્કમ ગ્રૂપના રહેવાસીઓને હાલ અસ્તિત્વમાં રહેલા મૂળ ક્ષેત્રફળ પર વધારાની એફએઆસઆઈ પેઠે પ્રીમિયમ વસૂલવો એવી સૂચના પણ મ્હાડાએ કરી છે. તેમ જ ખુલ્લી જગ્યા છોડવા માટે ડિસ્કાઉન્ડ આપવાના નિયમ અનુસાર પ્લોટના દરના સાડા છ ટકાને બદલે પાંચ ટકા જેટલો દર પણ વસૂલવો એવી માગણી પણ કરવામાં આવી છે. ■

# કૉન્ક્રીટ પ્લાન્ટ પાસે ખાડામાં પડેલા બે કામગારનાં ગૂંગળામણથી મૃત્યુ

પાલઘરઃ મુંબઈ-અમદાવાદ હાઈવે પરના પાલઘર જિલ્લામાં રેડી-મિક્સ કૉન્ક્રીટ (આરએમસી)ના પ્લાન્ટ પાસેના ૩૦ ફૂટ ઊંડા ખાડામાં પડી ગયેલા બે કામગારનાં ગૂંગળામણથી મૃત્યુ થયાં હતાં. બન્ને કામગારને બચાવવા ખાડામાં ઊતરેલા એક સાથીનું પણ સ્વાસ્થ્ય બગડતાં તેને હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની સાંજે પાલઘરના સાસુપાડા વિસ્તારમાં આવેલા પ્લાન્ટ ખાતે બની હતી. મૃતકોની ઓળખ વિશ્વજીત હરિશ્ચંદ્ર રાજભર (૨૦) અને રાજન સુરેન્દ્ર રાજભર (૨૪) તરીકે થઈ હતી.

કહેવાય છે કે બન્ને કામગાર વિશ્વજીત અને રાજનના પગ લપસવાને કારણે તે ૩૦ ફૂટ ઊંડા ખાડામાં પડ્યા હતા. ખાડામાં નકામું કેમિકલ અને કૉન્ક્રીટ મટીરિયલ હતું, જેને કારણે બન્નેને ગૂંગળામણ થવા લાગી હતી. બન્નેની મદદ માટેની બૂમો સાંભળી તેમનો સાથી કામગાર સલમાન ખાન ખાડામાં ઊતર્યો હતો. સાથીઓને બચાવવા ઊતરેલા સલમાનને પણ ગૂંગળામણ થવા લાગી હતી. હાયડ્રા ક્રેનની મદદથી ત્રણેયને ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. વિશ્વજીત અને રાજન બેભાન થઈ ગયા હતા. નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયેલા બન્નેને તબીબે મૃત જાહેર કર્યા હતા. સલમાનની હાલત ગંભીર હોવાથી સારવાર માટે તેને મીરા રોડની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં પ્લાન્ટના માલિક અથવા મૅનેજમેન્ટની બેદરકારીને કારણે આવું બન્યું હોવાનું જણાઈ રહ્યું છે. કામના સ્થળે સુરક્ષાનાં પૂરતાં પગલાં લેવાયાં ન હોવાનું જણાય છે. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નીતિન પટેલના પાકિસ્તાન પર આકરા પ્રહારઃ ભારતે નિકાસ બંધ કરતા પાકિસ્તાન ભૂખે મરશે

અમદાવાદઃ રાજ્યના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિનભાઈ પટેલે પાકિસ્તાનને નિશાન બનાવીને આકરા પ્રહારો કર્યા હતા. કડીમાં છત્રાલ રોડ પર આવેલા સરદાર પટેલ કોટન માર્કેટયાર્ડ ખાતે જેસીઆઈ દ્વારા મહિયરની ચુંદડી કન્યાદાન સર્વજ્ઞાતિ ચતુર્થ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નીતિનભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓ અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પોતાના સંબોધનમાં નીતિન પટેલે પાકિસ્તાન પર પ્રહારો કરતા કહ્યું હતું કે, પાકિસ્તાનના વડા પ્રધાન હાથમાં કટોરો લઈને દુનિયામાં ભીખ માગે છે, અત્યાર સુધી આપણું જ ખાધું હતું, હવે ભારતે નિકાસ બંધ કરતા ભૂખે મરશે. કટ્ટરવાદીઓ સામે આખા દેશની અંદર દેશભક્ત અને રાષ્ટ્રવાદનો માહોલ જોવા મળી રહ્યો છે. નીતિન પટેલે વધુમાં કહ્યું હતું કે, પાકિસ્તાન ભિખારી અને કંગાળ થઈ ચૂક્યું છે. પાકિસ્તાનના પીએમ દુનિયામાં ફરીને કટોરો લઈને ભીખ માગે છે, પહેલા જે પીએમ ઈમરાન ખાન, નવાઝ શરીફ હતો અને વર્તમાન પીએમ પણ ભીખ માગી રહ્યો છે. ■

# ગુજરાત રાજ્યમાં જે ખેડૂત નથી તે ખેતીની જમીન નહીં ખરીદી શકે, સરકારનો નિયમ બદલવાનો નિર્ણય મોકૂફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખેતી કરવા માગતા બિનખેડૂત માટેની આશાઓ પર રાજ્ય સરકારે ઠંડું પાણી રેડી દીધું છે. ગયા વર્ષે જ એવું કહેવામાં આવ્યું હતું કે ખેડૂત ન હોય તેવી વ્યક્તિ પણ જમીન ખરીદી ખેતી કરી શકશે. કોઈ કારણોસર હવે આ વિચારને મુલતવી રાખવામાં આવ્યો છે. ગુજરાતમાં ખેડૂત ખાતેદાર હોય તે જ વ્યક્તિ જમીન ખરીદી શકે છે તેવી જોગવાઈના કારણે બોગસ ખેડૂત ખાતેદાર થવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. એક પૂર્વ પ્રધાન અને હાલના ધારાસભ્ય રમણલાલ વોરા પણ બોગસ ખેડૂત બની ગયા હોવાનો વિવાદ અને તપાસ ચાલે છે. રાજ્યમાં બોગસ ખેડૂત ખાતેદારો ન બને તે માટે કેટલીક શરતોને આધીન મહેસૂલ વિભાગમાં બિન ખેડૂત ખેતીની જમીન ખરીદી શકે તેવો વિચાર રજૂ થયો હતો. જોકે આમ કરવા માટે મહેસૂલ વિભાગે રચેલી લેન્ડ રિફોર્મ કમિટીએ પણ અભિપ્રાય આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગણોતધારાની કલમ-૬૩ પ્રમાણે કોઈપણ બિન ખેડૂત ખેતી માટે ખેતીની જમીન ખરીદી શકતો નથી. આ પ્રતિબંધને દૂર કરવા માટે અગાઉ રાજ્ય સરકારમાં રજૂઆત અને ભલામણ થઈ છે. દેશમાં ગુજરાત ઉપરાંત હિમાચલ, કાશ્મીર, સિક્કિમ, મિઝોરમ, ઉત્તરાખંડ અને ગોવામાં પ્રતિબંધ છે જ્યારે ઉત્તર પ્રદેશ, કેરળ, રાજસ્થાન, હરિયાણા, કર્ણાટક, આસામ, પંજાબ અને તેલંગાણા જેવાં રાજ્યોમાં ખેતીની જમીન ખરીદવા માટેના નિયમો હળવા છે, જ્યાં કલેક્ટર સહિત સ્થાનિક તંત્રની મંજૂરી મેળવ્યા પછી કોઈપણ વ્યક્તિ જમીન ખરીદી શકે છે. ■

# નલ સે જલના સરકારના દાવા પોકળઃ ૨૯૦ ગામડામાં ટેન્કર રાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યાં છે, ત્યારે પાણીની તંગીથી ચારેકોર પાણીના પોકાર ઊઠ્યાં છે. ખાસ કરીને છેવાડાનાં ગામડાઓમાં તો લોકોને પાણી માટે ભટકવું પડી રહ્યું છે. નર્મદાના નીર છેવાડાના ગામડા સુધી પહોંચ્યાં છે અને નલ સે જલ યોજના થકી ઘર ઘર સુધી પીવાનું પાણી પહોંચ્યું છે તેવા દાવાનો પરપોટો ફુટ્યો છે.

સરકારનો જ રિપોર્ટ છે કે, ૨૯૦ ગામડાઓમાં ટેન્કરના માધ્યમથી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ગામડાઓ જ નહીં, અમદાવાદ જેવાં શહેરોમાં પણ ટેન્કરથી પાણી પહોચતું કરવામાં આવી રહ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાતની મોટી કમનસીબી એ છે કે, આજે પણ લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું નથી. આજે પણ ૭૦૦થી વધુ ગામડાઓના ગ્રામજનો કૂવા અને હેન્ડપંપથી પીવાનુ પાણી મેળવવા મજબૂર છે.

નલ સે જલ યોજનાના માધ્યમથી ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં નળથી પીવાનું પાણી પહોંચ્યું છે અને ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરાઇ છે તેવો સરકારનો દાવો છે. વાસ્તવમાં નલ સે જલ યોજના ભ્રષ્ટાચારનું માધ્યમ બની છે. મહારાષ્ટ્ર બોર્ડર નજીકનાં ગામડાઓમાં પાણીની ખેંચ વર્તાઈ છે. નવસારી જિલ્લાનાં ૨૫ જેટલાં ગામડાઓમાં એવી દશા છે કે, ખાનગી બોરમાંથી લોકોને પાણી મેળવવું પડે છે. ઘર પાસે નળ લગાવી દીધાં છે પણ પાણીના પાઈપલાઇન જ નાખી નથી. દૂર દૂર સુધી પાણી લેવા જવું પડે છે. સરકારમાં રજૂઆત કર્યા પછી ય સમસ્યા હલ થતી નથી.

સરકારના રિપોર્ટમાં જ એવો ખુલાસો થયો છેકે, અમરેલી, ગીર સોમનાથ, બનાસકાંઠા, ડાંગ , સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં પાણીની સમસ્યા વકરી છે.આ વિસ્તારોમાં ૨૯૦ ગામડાઓમાં ટેન્કરથી પાણી પહોંચતું કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં ૪૯૫ ગામડાઓ એવાં જ્યાં ગ્રામજનો કૂવામાંથી જ પીવાનું પાણી મેળવે છે. છોટાઉદેપુર, દાહોદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને જૂનાગઢ વિસ્તારમાં ગામડાઓના લોકોએ કૂવા પર જ નિર્ભર રહેવું પડે તેમ છે. આ વિસ્તારોમાં પાણીનો કોઇ બીજો સ્રોત નથી. જ્યારે ૨૯૧ ગામડાઓના લોકોએ હેન્ડપંપથી જ પાણી મેળવવું પડે છે. વિકસિત ગુજરાતમાં આજે પણ લોકોને હેન્ડપંપ-કૂવામાંથી પાણી પીવું પડે છે. શુદ્ધ પાણી પણ લોકો સુધી પહોંચી શક્યું નથી. આમ, નળથી ઘર ઘર સુધી પીવાનું પાણી પહોંચ્યુ છે તેવી સુફિયાણી વાતો પોકળ પુરવાર થઇ છે. ■

# સીમા હૈદર પર ગુજરાતી યુવકે હુમલો કર્યોઃ સીમા પર કાળા જાદુનો આરોપ લગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાકિસ્તાની નાગરિક સીમા હૈદર સાથે નોઈડામાં શનિવારે અનિચ્છનીય ઘટના બની હતી. સીમા હૈદર પર સુરેન્દ્રનગરના એક યુવકે હુમલો કર્યો હતો. શનિવારે સાંજે ગુજરાતનો એક યુવક સીમાના ઘરે પહોંચ્યો હતો. એવો આરોપ છે કે તેણે ઘરના દરવાજાને જોરથી લાત મારી અને પછી અંદર ઘુસ્યા પછી, તેણે સીમાનું ગળું દબાવ્યું હતું. તેણે સીમાને ત્રણ-ચાર થપ્પડ પણ મારી હતી. આ ઘટનાથી સીમા હૈદર ગભરાઈ ગઈ અને તેણે બૂમો પાડી હતી.

તેની બૂમો સાંભળતાની સાથે જ તેના પરિવારના સભ્યો ત્યાં પહોંચી ગયા. તેઓએ હુમલાખોરને પકડી લીધો અને તેને મારવાનું શરૂ કર્યું. સીમા હૈદરે અધિકારીઓને ઘટના વિશે માહિતી આપી હતી. આનાથી પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. ભારે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે આરોપી યુવકને કસ્ટડીમાં લીધો હતો. આરોપીએ પોલીસને જણાવ્યું કે સીમાએ તેના પર કાળો જાદુ કર્યો હતો.

આરોપી યુવકની ઓળખ તેજસ જાની તરીકે થઈ છે, જે ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં ટીબી હોસ્પિટલ પાસે રહેતા જયેન્દ્ર ભાઈનો પુત્ર છે. આ યુવક ગુજરાતથી ટ્રેન દ્વારા દિલ્હી પહોંચ્યો હતો. બાદમાં તે રાબુપુરામાં સીમા હૈદરના ઘરે પહોંચ્યો હતો.

એસીપીએ જણાવ્યું હતું કે આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેની માનસિક સ્થિતિ સારી નથી. આરોપીનો મોબાઇલ જપ્ત કરવામાં આવ્યો છે. તેની કોલ ડિટેલ્સની તપાસ કરવામાં આવી રહી છે. ■

# અમેરિકામાં લાઇબ્રેરીઓને સહાય કરતી એજન્સી સામેની કાર્યવાહી રોકતા જજ

વૉશિંગ્ટનઃ અમેરિકાની લાઇબ્રેરીઓને ભંડોળ પૂરું પાડતી અને તેઓને પ્રમોટ કરતી એજન્સી સામેની ટ્રમ્પ વહીવટીતંત્રની કાર્યવાહીને કામચલાઉ અટકાવવાનો ફેડરલ જજે ગુરુવારે આદેશ આપ્યો હતો.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ રિચાર્ડ લિયોને જણાવ્યું હતું કે સરકારી વહીવટીતંત્ર ઇન્સ્ટિટ્યૂટ ઑફ મ્યુઝિયમ ઍન્ડ લાઇબ્રેરી સર્વિસીસને મળતી સહાય બંધ કરવાનો એકપક્ષી નિર્ણય લઇ ન શકે. કૉંગ્રેસે કાયદા હેઠળ રહીને રચેલી એજન્સીને સરકાર જાતે જ અચાનક બંધ કરી ન શકે.

અમેરિકન લાઇબ્રેરી એસોસિયેશન અને સરકારી કર્મચારીઓના એક સંગઠને આ પ્રકરણમાં ગયા મહિને કેસ કર્યો હતો અને પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રને આ કિસ્સામાં વધુ પગલાં લેતું રોકવા અટકાવવાની દાદ ચાહી હતી.

અગાઉ, ટ્રમ્પે ૧૪ માર્ચે એક્ઝિક્યૂટિવ ઓર્ડર પર સહી કરીને સરકારી સહાય મેળવતી અનેક એજન્સીઓને 'બિનજરૂરી' ગણાવી હતી અને તેઓને બંધ કરાવવા માટેના પગલાં લેવાનું શરૂ કર્યું હતું. આ એજન્સીના કાર્યવાહક ડિરેક્ટર કેઇથ સોન્ડરલિંગે જણાવ્યું હતું કે એજન્સીના અનેક કર્મચારીને રજા પર ફરજિયાત ઉતારી દેવાયા હતા, કેટલાકને ટર્મિનેશન નોટિસ મોકલાઇ હતી, અમુકની ગ્રાન્ટ બંધ કરી દેવાઇ હતી તેમ જ નેશનલ મ્યુઝિયમ ઍન્ડ લાઇબ્રેરી સર્વિસીસ બોર્ડના બધા સભ્યને બરતરફ કરાયા હતા. (એજન્સી) ■

# ટીએમસી સાંસદ સાકેત ગોખલેને હાઇ કોર્ટનો ઝટકો, ૫૦ લાખ રૂપિયાનું નુકસાન ચૂકવવાનો આદેશ યથાવત્

નવી દિલ્હીઃ દિલ્હી હાઇ કોર્ટે શુક્રવારે ટીએમસી સાંસદ સાકેત ગોખલેને ભૂતપૂર્વ રાજદ્વારી લક્ષ્મી મુર્દેશ્વર પુરીને માનહાનિ માટે ૫૦ લાખ રૂપિયાનું નુકસાન ચૂકવવાનો નિર્દેશ આપતો પોતાનો આદેશ પાછો ખેંચવાનો ઇનકાર કર્યો હતો.

ન્યાયાધીશ પુરુષેન્દ્ર કુમાર કૌરવે રાહત મેળવવામાં ૧૮૦ દિવસથી વધુના વિલંબને માફ કરવાની ગોખલેની અરજીને પણ ફગાવી દીધી હતી. ન્યાયાધીશે કહ્યું કે અમે તમારી મદદ કરી શકીએ નહીં. અમારે બંને અરજીઓ ફગાવી દેવી પડશે. ન્યાયાધીશ કૌરવે જણાવ્યું કે કોર્ટના શરણે આવવામાં વિલંબ માટે કોઇ સ્પષ્ટતા આપવામાં આવી નથી. પુરીએ ૨૦૨૧માં હાઇ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે ગોખલેએ જિનીવામાં તેમની માલિકીના એક એપાર્ટમેન્ટના સંદર્ભમાં તેમની નાણાકીય બાબતો વિશે અવિચારી અને ખોટા આરોપો લગાવીને તેમની શાખ અને પ્રતિષ્ઠાને કલંકિત કરી છે. ૧ જુલાઇ, ૨૦૨૪ના રોજના ચુકાદામાં માફીપત્ર પ્રકાશિત કરવા અને ૫૦ લાખ રૂપિયાના નુકસાનની ચકવણી કરવા ઉપરાંત હાઇ કોર્ટે ગોખલેને પુરી સામે લગાવવામાં આવેલા આરોપો અંગે કોઇપણ સોશિયલ મીડિયા અથવા ઇલેક્ટ્રોનિક પ્લેટફોર્મ પર વધુ કોઇપણ સામગ્રી પ્રકાશિત કરવાથી પણ રોક્યા હતા. ■

# કાનપુરના બિઝનેસમેન માટે શહીદના દરજ્જાની માગણી

કાનપુરઃ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ભયંકર આતંકવાદી હુમલામાં કાનપુરના બિઝનેસમેન શુભમ દ્વિવેદી સહિત ૨૬ જણે જાન ગુમાવ્યાના દસ દિવસ બાદ શુભમની પત્ની આશાન્યાએ ગુરુવારે કહ્યું હતું કે અત્યાર સુધી ગુનેગારો સામે કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યાં નથી. તેણે કહ્યું હતું કે મારે રોજગાર કે નાણાં જોઈતા નથી. મારે શુભમ માટે શહીદનો દરજ્જો જોઈએ છે. ■

# રાજ્યમાં રાહત કાર્ય ઝડપી બનાવવા માટે યોગીના અધિકારીઓને નિર્દેશ

લખનઊઃ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત અને પાકને નુકસાન થતાં, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે અધિકારીઓને સંપૂર્ણ તાકીદ સાથે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવાનો નિર્દેશ આપ્યો હતો.

તેમણે જિલ્લા અધિકારીઓને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા, પાક અને પશુધનને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા અને વીજળી પડવા, વરસાદ સંબંધિત દુર્ઘટના અથવા વાવાઝોડાના નુકસાનથી અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક રાહત વિતરણ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

આદિત્યનાથે પાકના નુકસાનનું વિગતવાર મૂલ્યાંકન કરીને તેમના અહેવાલો રાજ્ય સરકારને તાત્કાલિક સુપરત કરવાની સૂચના આપી હતી જેથી વળતર માટે વધુ પગલાં લઈ શકાય. પાણી ભરાયેલાં શહેરી અને નીચાણવાળા વિસ્તારોમાં, તેમણે અધિકારીઓને ડ્રેનેજ પ્રયાસોને પ્રાથમિકતા આપવા કહ્યું હતું.

શુક્રવારે સવારે રાજ્યના મોટા ભાગોમાં વીજળી પડવાથી અલગ અલગ ઘટનાઓમાં ૧૭ વર્ષની છોકરી સહિત ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયાં હતાં અને ઘણાં ઘાયલ થયાં હતાં. ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસમાં રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે. ■

## જૈન મરણ

**પાટણ વિશાશ્રીમાળી જૈન**

પાટણ કનાસાના પાડા ના નિવાસી, હાલ વિલે પારલે વેસ્ટ, મુંબઈ. સ્વ.ભગવતીબેન વિનોદચંદ્ર શાહ માટલીવાલાના પુત્રવધુ દીનાબેન (ઉ.વ.૬૫) તા.૩.૫.૨૫, શનિવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તે ભાગ્યેશ ભાઈ ના ધર્મ પત્ની. તે દાનેશ- કેતકી, સુકેશ - સોનલ, ધીરેન - અવનીના ભાભી. તે દેવસુધા પ્રેમચંદ ભાઈ વિધિવાલહના દિકરી. હર્ષના મમ્મી. વૈભવિના સાસુ. સ્વ. બીનાબેન, સ્વ.વિદ્યુતભાઈ, તથા રાજુભાઈના બહેન. પ્રાર્થના સભા તારીખ ૫/૫/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ ના સમયે વિશ્વકર્મા હોલ, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરા હાલે હૈદ્રાબાદના મુરજી ભાણજી કારાણી (ઉ.વ. ૯૧) તા. ૨-૫-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇ ભાણજીના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. જયવંતી, અનિલ, પરેશના પિતાશ્રી. શામજીભાઇ (અલીબાગ), સાભરાઇના માલબાઇ ખીમજી વિસરીયા, ઉનડોઠના સુંદરબેન મેઘજી ગોસરના ભાઇ. વરંડી મોટીના રાજબાઇ લીલાધર જીવરાજ નાગડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મુરજી ભાણજી કારાણી, ૪૦૨, ઉમાલોક ટાવર, કુત્બીગોડા, કાંચીગુડા, હૈદ્રાબાદ-૫૦૦૦૨૭.

વિઢ હાલે દેવલાલીના માતુશ્રી માલતી પ્રવિણચંદ આણંદજી શાહ (ગોસર) (ઉ.વ. ૮૬) તા. ૨-૫-૨૦૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી ધનબાઈ આણંદજી ગોવિંદજીના પુત્રવધૂ. પ્રવિણચંદના જીવનસંગિની. દિપક, કેતન, સોનલના માતા. રંગુનના મણીબેન સત્યનારાયણના પુત્રી. કાલીદાસ, દેવીબેનના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક શાહ, વિન્ડસર રોયલ, લામ રોડ, દેવલાલી.

બિદડાના અમૃતલાલ વેલજી સાવલા 'જખુ મામા' (ઉં. ૮૬) તા. ૩-૫-૨૫ ના અવસાન પામ્યા છે. દેવકાબેન વેલજી લધાના સુપુત્ર. ધનવંતીબેનના પતિ. સુધીર, મનોજ, નીતાના પિતાશ્રી. મગનલાલ, હંસરાજ, નાની ખાખર લક્ષ્મીબેન ગાંગજી આસુ, બિદડા મણીબેન વેલજી કચરા, કાંડાગરા નાનુબેન ચાંપશી રવજી, બિદડા અમૃતબેન લક્ષ્મીચંદ ગણપત, સં.પ. પૂર્ણમાલાશ્રીજી મ.સા.ના ભાઈ. તુંબડીના સોનબાઈ મોરારજી ગોવરના જમાઈ. પ્રા. શેઠ ગોપાલજી હેમરાજ સ્કુલ, એમ.જી. રોડ, બોરીવલી (ઈ.) ટા. ૩ થી ૪.૩૦. (શ્રધ્ધાંજલી : ૪.૩૦ થી ૫) નિ. અમૃતલાલ વેલજી : ૪૦૧, ઋષભ, એલ.ટી. રોડ, બોરીવલી-વે.

લુણીના ચંદન હરખચંદ ધરોડ (ઉ.વ.૫૭) ૩૦-૪-૨૫ના અવસાન પામેલ છે. ગંગાબેન મેઘજીના પુત્રવધુ. હરખચંદના પત્ની. રૂબી, મેહુલના માતુશ્રી. સાડાઉ/પત્રી તારાબેન લાલજીના સુપુત્રી. કમળા, અનીલા, વાસંતી ભાવેશના બેન. પ્રા. શ્રી. વ. સ્થા.જૈ.શ્રા.સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. ૪.૦૦ થી ૫.૩૦. ઠે.: હરખચંદ ધરોડ, બી-૪, મોતી મહલ, સોડાવાલા લેન, બોરીવલી (વે.).

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉ સ્વ. ગેલાભાઈ વેરશી ફુરીયા ઉં.વ. ૭૭ શુક્રવાર તા. ૨.૫.૨૫ના મુંબઈ મધે અવસાન પામેલ છે. માતુશ્રી કોરઈબેન વેરશી ભારાના સુપુત્ર, સ્વ. દિવાળીબેનના પતિ, દમયંતી, પ્રીતી, ભાવેશ, મનીષના પિતાશ્રી, ચંદ્રકાંત, ધીરજ, વનિતા, રિંકલના સસરા.યેશા, ત્વિષા, દિયા, હયાનના દાદા. જેવાબેન રવજી આંબા ગજાના જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર તા. ૫.૫.૨૫ના સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, શ્રી કરશન લધુભાઈ નિસર હોલ, ૧ લે માળે, દાદર- વેસ્ટ, મુંબઈ.

**સુરત વિસા પોરવાડ જ્ઞાતિ જૈન**

સ્વ. કુંજબાળાબેન મહેન્દ્રભાઇ સુખડિયા (ઉં. વ. ૮૯) શુક્રવાર તા. ૨-૫-૨૫ના રોજ અરિહંતશરણ થયા છે. અલકા સંજીવ ખરે, ઉષા ભદ્રેશ વોરા, આશિષ મહેન્દ્ર સુખડિયા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પાયદસ્ત

રોહીંગટન તેહેમુર એન્જિનિયર તે મરહુમો ખોરશેદ ને તેહેમુર એન્જિનિયરના દીકરા. તે ફરોખ તેહેમૂર એન્જિનિયરના ભાઇ. તે ઝરીર બરજોર સરકારીના કઝીન ભાઇ. તે જર બરજોર સરકારીના ભાણેજ. તે ઝીનાઝ ને ઝીનીયા ઝરીર સરકારીના કાકા. (ઉં. વ. ૭૦) રે. ઠે. એફ-૧૧, ભરૂચા બાગ, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. પાયદસ્ત : તા. ૫-૫-૨૫ના રોજ સવારે તારાચંદ બંગલી નં-૩. ડુંગરવાડી. ઉઠમણાંની ક્રિયાઃ બપોરનું ઉઠમણું નથી, પાછલી રાતનું ઉઠમણું ગામડીયા ગોદાવરી અગિયારી ફોર્ટ.

## પારસી મરણ

હોમાય કૈકોબાદ બધનીવાલા તે મરહુમ કૈકોબાદ ફરામરોઝ બધનીવાલાના દીકરી. તે નીલુફરના માતાજી. તે પરીન તથા મરહુમો ધનમાય ને ફિરોઝના બેન. તે મરહુમો ફ્રામરોઝ તથા તેહેમીનાના વવ. તે કૈઝર, પીરાઝ, પાકઝાદ, નાયોનીકા, રેહાન, ક્યાન, પરઝાન, સોરાબ, પકશાન, થીયા, જેહાન, ફૈઝીન, યઝદ, રોહન ને સાયરસના ગ્રેન્ડ મધર. (ઉં. વ. ૮૩) રે. ઠે. બી-૫૦૫, વિકાસ ટાવર, અંબોલી રેલવે ક્રોસિંગ, અંધેરી (ઇ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૫-૫-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ઓલબ્લેસ બંગલી ડુંગરવાડી.

ઝરીન કેરસી દલાલ તે કેરસી મીનુ દલાલના ધનીયાની. તે મરહુમો હીરા તથા ગુસ્તાદ દલાલના દીકરી. તે ઝુબીનના માતાજી. તે મોનાઝના સાસુજી. તે ઝીનોબીયા, આરમેતી ને ફ્રેડીના બહેન. તે આફરીન ને કૈઝાદના બપયજી. (ઉં. વ. ૭૭) રે. ઠે. ફ્લેટ નં-૨૨, મંગલમ એપાર્ટમેન્ટ, એ-બિલ્ડિંગ, એસ. વી. રોડ, વિલેપાર્લે, વેસ્ટ. મુંબઇ. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૫-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે હોડીવાલા બંગલી ડુંગરવાડી.

## હિન્દુ મરણ

ભરત સંઘવી (ઉં. વ. ૭૪) તા. ૩-૫-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. ભગવાનજી સંઘવીના દીકરા. નીતાબેનના પતિ. સાગર અને કુશલના પિતા. મીતા અને કેતકીના સસરા. તેમ જ સ્વ. પ્રમોદભાઇ, પ્રવીણભાઇ, મુકેશભાઇ, જીતેન્દ્રભાઇ, પ્રતિભાબેન, સ્વ. જ્યોત્સનાબેન, ઉષાબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

હરદેવી પ્રાણલાલ કારિયા (ઉં. વ. ૮૪) મુંબઇ નિવાસી સ્વ. પ્રાણલાલ કારિયાના ધર્મપત્ની શનિવાર, તા. ૩-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નાનજીભાઇ ક્કડ તથા લક્ષ્મીબેન ક્કડના પુત્રી. પુત્રઃ રાજેન્દ્ર કારિયા, પુત્રીઃ નીતા મહેતા, પુત્રવધૂ : ધર્મિષ્ઠા કારિયા, પોત્ર : રાનેક કારિયા, પોત્રી : જીનલ મહેતા, ફોરમ મહેતા. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

રાણાવાવ નિવાસી હાલ મલાડ સ્વ. વૃજલાલ વિઠ્ઠલદાસ કાટકોરીયાના ધર્મપત્ની સુશીલાબેન (ઉં. વ. ૯૦) શનિવાર તા. ૩-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નીલેશના માતુશ્રી. તૃપ્તિના સાસુ. સ્વ. ચુનીલાલ, સ્વ. દામોદરદાસ, સ્વ. અમૃતલાલ વિઠ્ઠલદાસ કાટકોરીયા, સ્વ. અરુણાબેન બાલકૃષ્ણ ભાટે, સ્વ. ચંપાબેન ધીરજલાલ વૈદ્યના ભાઇના પત્ની. પિયર પક્ષે સ્વ. રમણીકભાઇ, સ્વ. શાંતિભાઇ, સ્વ. ચંદુભાઇ ચત્રભુજ સાંગાણી, સ્વ. ઇંદુબેન હરગોવિંદદાસ મદાણીના બેન. વંદન, મહેક્ના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા સોરઠિયા વણિક**

કાનપર નિવાસી હાલ મુંબઈ તે સ્વ.નિર્મળા બેન, સ્વ.મનસુખલાલ ન્યાલચંદ સાંગાણી ના સુપુત્ર દિનેશ (ઉં. વ.૫૭), તે ડિમ્પલના પતિ. સ્વ.નટવરલાલ ત્રિકમજી ભોજાણીના જમાઈ,જયેશ ભાઈ,સ્વ. પરેશ ભાઈ, ભારતી બેન દેવેન્દ્ર ગગલાણીના ભાઈ સ્વ.જગમોહન ભાઈ, સ્વ. રમેશ ભાઈ, અરવિંદભાઈ,મધુકાંત,અશોક ભાઈના ભત્રીજા. તા.૩/૫/૨૫ શનિવાર ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ પોરબંદર (ધ્રાફા) હાલ દહિસરના સ્વ. રામકુંવરબેન તથા સ્વ. કાનજીભાઈ હરજીભાઈ ઠક્કર (ચોટાઈ) ના પુત્ર તથા સ્વ.ચંદ્રિકાબેન ઠક્કર ના પતિ શ્રી કલ્યાણજી (કનુભાઈ) ઠક્કર (ઉ.વ.૮૪) તા. ૦૩/૦૫/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સાગર ઠક્કરના પિતાશ્રી. સ્વ. શાંતાબેન તથા સ્વ. કાંતિભાઈ ગોરધનદાસ પોપટ (ચેવડાવાળા) રાજકોટના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. રૂમ નં ૨ અંબાલાલ પોખરાજ જૈન ચાલ, સી એસ રોડ, શિવ પાર્વતી બિલ્ડિંગ ની બાજુમાં, દહિસર પૂર્વ.

**હાલાઇ લોહાણા**

હાલ કાંદીવલી મૂળ ગામ હદિયાનુંના હરિદાસ અંદરજી ચતવાણી (ઉં.વ.૯૨), તે અંદરજી રવજી ચતવાણીના સુપુત્ર, તે સ્વ. મેનાબેનના પતિ, તે સ્વ. પ્રાણજીવણભાઈ, સ્વ પ્રભુદાસભાઈ, સ્વ. ત્રિકમજીભાઈના ભાઈ, તે દીપકભાઈ, સંજય ભાઈ, રેખાબેન સેજપાલના પિતાશ્રી. તે કરસનદાસ જેરામભાઈ લાલના જમાઈ, તે પ્રીતિબેન અને ફાલ્ગુનીબેનના સસરા. તા ૩/૫/૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા ૫/૫/૨૫ના રોજ લોહાણા મહાજન વાડી, ૨જે માળે, કાંદીવલી વેસ્ટ સાંજે ૫ થી ૭ રાખેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**ચીખલી મોઢ વણિક**

કૌશિકભાઈ હસમુખલાલ શાહ (ઉં.વ.૮૩) તે સ્વ. સરોજિનીબેનના પુત્ર, ભારતીબેનના પતિ, નિધિ મહેન્દ્રભાઈ હસબે તથા નીતિના પિતા. હિમાંશુ તથા ગીતા નીતિનભાઈ સરૈયાના ભાઈ, ભરૂચ નિવાસી સ્વ. ભાનુબેન રામલાલ ધીવાલાના જમાઈ. તા. ૩/૫/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૫/૫/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે વર્ધમાન સ્થા. જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

મહુવાવાળા હાલ વિરાર ગં. સ્વ સવિતાબેન પોપટલાલ થેડેશ્વર (ઉમરઃ૮૩) તે ૩/૫/૨૫ ના રોજ અક્ષરવાસી થયેલ છે. તે દેવરાજ, નંદલાલ, રંભાબેન, મંજુલાબેન તથા સરોજબેન ના બહેન, રાજેન્દ્ર, યોગેશ, વર્ષા તથા બીનાના માતુશ્રી, દિલીપ, ભરત, સ્વ. સાધના તથા સ્વ. ભારતીના સાસુ, અંકિતા, રોશની, નીરજના દાદી, દિવ્યા, નિયતિ, યશ, શ્રેયસના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ભાદ્રોડ નિવાસી હાલ ઘાટકોપર તે સ્વ. જયાબેન ચંપકલાલ જયંતીલાલ પારેખના સુપુત્ર ચી. બિપીનભાઈ (ઉ.વ. ૭૫) તા. ૩.૫.૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે મીનાબહેન ના પતિ, ટીમ્બીવાળા જયંતીલાલ પ્રભુદાસ સંઘવીના જમાઈ તે અલ્પા-નિધિ ના પિતા અને સલિલ-ઋષભના સસરા, તે અ. સૌ. નયના રાજેશ સંઘવીના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈ સહિત

નોંધાયું હતું. આ દરમ્યાન હવામાન વિભાગે રવિવારથી મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ જેવા પડોશી જિલ્લામાં હળવો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે, તેને કારણે ગરમીમાં થોડી રાહત મળવાની શક્યતા છે. સોમવાર પછી હવામાનની પ્રવૃતિ વધુ તીવ્ર બનવાની શક્યતા છે. હવામાન ખાતાએ છ મે, મંગળવાર અને સાત મે બુધવાર સુધી મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ જિલ્લા માટે યલો એલર્ટ જાહેર કરી છે. ■

### ટેક્નિકલ ખામી

છે જે પ્રવર્તમાન બજારભાવ કરતાં ઊંચો છે. પરિણામે વધુ ને વધુ ખેડૂતોને તેમની પેદાશો સરકાર દ્વારા સંચાલિત કેન્દ્રોને વેચવા તૈયાર થયા અને નોંધણીમાં વધારો થયો છે. રાજ્યના માર્કેટિંગ વિભાગના આંકડા મુજબ નેશનલ એગ્રિકલ્ચરલ કો ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન (નાફેડ) અને નેશનલ કો ઓપરેટીવ કન્ઝ્યુમર્સ ફેડરેશન (એનસીસીએફ)એ અત્યાર સુધીમાં મહારાષ્ટ્રમાંથી અંદાજે ૬.૫ લાખ ક્વિન્ટલ તુવેરની ખરીદી કરી છે.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે એકલા નાફેડને જ ૯૨,૮૦૫ ખેડૂતોએ તુવેર વેચવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જ્યારે ૩૦,૦૦૦ જેટલા ખેડૂતોની દાળ ખરીદવામાં આવી છે. રાજ્યભરની અન્ય તુવેર ખરીદી એજન્સીઓમાં પણ નોંધણી અને વાસ્તવિક ખરીદી વચ્ચે સમાન તફાવત અસ્તિત્વમાં છે. ચુકવણીમાં વિલંબ અંગે ખેડુતોએ ચિંતા વ્યક્ત કરી છે. (પીટીઆઈ) ■

### પુણે - નાશિક

છે. અગાઉની ગોઠવણીને કારણે તેની કામગીરીમાં અવરોધ આવી શકે છે, તેથી કોઈ પણ પ્રકારની દખલગીરી ટાળવા માટે નવેસરથી બધું તૈયાર કરવામાં આવી રહ્યું છે. એક વખત રાજ્ય સરકાર નવા રૂટને મંજૂરી આપી દે પછી કામ આગળ વધશે.'

વૈષ્ણવે શહેરના ઐતિહાસિક અને ઔદ્યોગિક મહત્ત્વને ટાંકીને પુણે રેલવે સ્ટેશન માટે મોટા અપગ્રેડની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આ સ્ટેશન વિશ્વ કક્ષાની સુવિધાઓ અને ચાર નવા પ્લેટફોર્મથી સજ્જ હશે. પુણે અને નાગપુર વચ્ચે વંદે ભારત ટ્રેન સંબંધે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે ચર્ચા થઈ હતી. (પીટીઆઈ) ■

### ઈસ્ટર્ન અને વેસ્ટર્ન

એજન્સી ૨૪ કલાક કામ કરશે જેથી રસ્તાઓ સારી સ્થિતીમાં રહેશે.

મુંબઈમાં ઉત્તર અને દક્ષિણને જોડવાની સાથે આ બંને હાઈવે શહેરની સીમામાં પ્રવેશવા અને બહાર નીકળવા માટેના એકમાત્ર રસ્તાઓ છે. તેથી આખો દિવસ હાઈવે પર ટ્રક અને ટુરિસ્ટ બસોનો ઘસારો રહેતો હોય છે.અધિકારીના જણાવ્યા મુજબ સર્વિસ રોડ ડામરના છે અને હજી સુધી તેનું કૉંક્રીટીંગ કરવામાં આવ્યું નથી. તેથી વરસાદમાં ખાડા પડી શકે છે અને રસ્તાની સપાટીને નુકસાન થવાની પણ શક્યતા છે. આમાના મોટાભાગના રસ્તાઓ જૂના છે. તેથી એજન્સી નીમવાને કારણે ચોમાસામાં રસ્તા પરના ખાડાઓની સમસ્યાનું નિરાકરણ થઈ શકશે. આ દરમ્યાન મુંબઈમાં ચાલી રહેલા રસ્તાઓના કૉંક્રીટીકરણના કામ માટે લગભગ ૪૫૦ કિલોમીટરના રસ્તાઓ ખોદવામાં આવ્યા છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીના કહેવા મુજબ ખોદાયેલા રસ્તા પર ચાલી રહેલા કામ ૩૧ મે, ૨૦૨૫ સુધી પૂરા કરવાના રહેશે. કૉંક્રીટીકરણ પછી રસ્તા પર ખાડા પડવાની શક્યતા નહીંવત્ થઈ જશે. ■

### રાક્ષસ જેવા

ગરમી પડી રહી છે ત્યારે કૉંગ્રેસે બે દિવસની પદયાત્રાનું આયોજન કર્યું છે. હાલ આકરા તડકામાં કૉંગ્રેસની પદયાત્રા ચાલુ છે. રવિવારે સવારે તાલુકાના પોખરણી (નૃસિંહ)થી શરૂ થયેલી પદયાત્રા બપોરે સિંગણાપુર ફાટા ખાતે પહોંચી હતી. આ યાત્રામાં કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ, પદાધિકારીઓ અને કાર્યકરો જોડાયા છે. દિવસની કૂચનું અંતર સોળ કિલોમીટર હતું.

પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ સપકાળે જણાવ્યું હતું કે અત્યારે જ્ઞાતિ અને ધર્મ વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. સમાજની સંવાદિતાનો નાશ થઈ રહ્યો છે. મહારાષ્ટ્રનું સામાજિક વાતાવરણ ડહોળાઈ રહ્યું છે એવી પરિસ્થિતિમાં મહારાષ્ટ્ર ધર્મની રક્ષા કરવાની જરૂર છે. સદભાવના યાત્રાનો હેતુ લોકશાહી, ભાઈચારો અને સામાજિક સમરસતા જાળવવાનો હતો. શરૂઆતમાં પક્ષએ મસ્સાજોગથી બીડ સુધીની પદયાત્રા કાઢ્યા બાદ અલગ અલગ જગ્યાએ આ પદયાત્રાઓ કાઢવામાં આવી છે. ■

### અજિતદાદા

એનસીપીનાં અદિતિ તટકરેના ધ્વજારોહણ સમારોહથી નાખુશ હોવાનું કહેવાય છે. બંને પક્ષ વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે ત્યારે મહાગઠબંધનમાં સૌથી મોટી પાર્ટી ભાજપ મધ્યસ્થી કરવા ઉત્સુક નથી દેખાઈ રહ્યો. શિવસેનાના સંજય શિરસાટે ભંડોળ ફાળવણીના મુદ્દે અજિત પવાર પર નિશાન સાધ્યા બાદ વિવાદ વધ્યો હોય તેવું લાગી રહ્યું છે. ■

### પંકજા મુંડે

જાહેરાત કરવામાં આવી હતી. જેમાંથી ૨૦ બોર્ડ પ્રમુખ ચૂંટાયા હતા. જો કે જિલ્લા પ્રમુખે જણાવ્યું હતું કે, આષ્ટી મતવિસ્તારમાં ટેકનિકલ ખામીને કારણે પસંદગી નહોતી થઈ શકી. જિલ્લા પ્રમુખ શંકર દેશમુખે મુંડે ધસ વિવાદ અંગે વધુ ટિપ્પણી કરવાનું ટાળ્યું છે અને કહ્યું છે કે પંકજા મુંડે અને ભાજપના વરિષ્ઠ નેતા ટૂંક સમયમાં ચૂંટણીની જાહેરાત કરશે.ભાજપના ભારતીય જનતા પક્ષના મહારાષ્ટ્ર પ્રદેશ એકમમાં એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. રાજ્યભરમાં કુલ ૧૨૨૧ મંડળોની રચના કરવામાં આવી છે. જેમાંથી ૯૬૩ બોર્ડ ચેરમેનની નિમણૂક કરવામાં આવી છે. ભાજપે હવે મહારાષ્ટ્રમાં મજબૂત કિલ્લો બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. ભાજપની વ્યૂહરચના હવે વધુ ગ્રામજનો સુધી પહોંચવાની છે અને સામાન્ય મતદાર સાથે સીધો સંવાદ કરવાનું લક્ષ્ય ધરાવે છે. ■

### મુંબઈ મેટ્રો

ઉપયોગ દરરોજ ૭૫ લાખથી વધુ મુસાફરો કરે છે) પછી મુંબઈની બીજી સૌથી મોટી જાહેર પરિવહન સેવા, બેસ્ટ, વર્ષોમાં સૌથી ખરાબ નાણાકીય કટોકટીનો સામનો કરી રહી છે. છેલ્લા બે નાણાકીય વર્ષમાં પેસેન્જર સર્વિસ રેવન્યુ રૂ. ૭૦૦ કરોડથી નીચે પહોંચ્યું છે.

બેસ્ટએ ભાડામાં સુધારો કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે, જેને મુંબઈ નાગરિક સંસ્થા અને પ્રાદેશિક પરિવહન સત્તામંડળ તરફથી લીલી ઝંડી મળી ગઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સુધારિત ભાડાથી વાર્ષિક આવકમાં ૫૯૦ કરોડ રૂપિયાનો વધારો થવાની ધારણા છે. (પીટીઆઈ) ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# સાચા સાધુ આપણાં સપનાને વધારશે નહીં, તોડશે જેથી આપણે જાગૃતિમાં જીવી શકીએ...



## શિવજીઃ સંપૂર્ણતાના પર્યાય

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



શિવ-તત્ત્વમાં બધાનો સમાવેશ થાય છે. અહીં કશું બાકાત નથી. શિવ બધા માટે કલ્યાણકારી. અહીં કોઈ પક્ષપાત નથી. બધા જ સમાન રીતે શિવની કૃપાના હકદાર છે, અહીં કોઈ માટે રાગ-દ્વેષ નથી. પ્રત્યેક જીવને શિવ પોતાનામાં સમાવવા તૈયાર હોય છે, અહીં કોઈપણ પ્રકારનો ભેદભાવ નથી. શિવ સર્વત્ર છે, સર્વ કાજે છે, સદાય છે.

શિવજી શાંત પણ છે અને રૌદ્ર પણ છે. શિવજી મહાન સંન્યાસી પણ છે અને આદર્શ ગૃહસ્થ પણ છે. શિવજી મહાન યોગી પણ છે અને પરમ જ્ઞાની પણ છે. શિવજી ભોલેનાથ પણ છે અને સૃષ્ટિના પ્રપંચને સંપૂર્ણતામાં જાણનારા પણ છે. શિવજી એક ગંભીર ચૈતન્ય છે તો સાથે સાથે હળવાશ ભરેલ ઈશ્વર પણ છે. શિવજી નિવારણ ન થઈ શકે તેવો શ્રાપ પણ આપી શકે અને અનંતતાને પામી શકાય તેવું વરદાન પણ તેમના તરફથી જ મળી શકે. શિવજી એટલે એ પરમ તત્ત્વ કે જે અનેક બ્રહ્માંડનું સર્જન કરવા સામર્થ્યવાન હોય અને છતાં પણ સંયમ ધારણ કરી માત્ર વિનાશ માટેની પરિસ્થિતિને નિયંત્રિત કરતું હોય.

શિવજી અર્થાત્ મહાકાલ, એટલે સમયને નિર્ધારિત કરતી શક્તિ છે. સમયની ધારણા શિવજીને કારણે અસ્તિત્વમાં આવી છે. એક રીતે જોતા સમય એટલે કોઈપણ બે ઘટના વચ્ચેનો ગાળો. આ ગાળાની પ્રતીતિ દરેક વ્યક્તિ જુદી જુદી રીતે કરે. ઘડિયાળ દ્વારા નિર્ધારિત થયેલ એક ગાળો જુદી જુદી રીતે, જુદી જુદી વ્યક્તિને પરિણામ આપી શકે. સમયની ભિન્ન અનુભૂતિ બે ભિન્ન પ્રકારના ચરમબિંદુ જેવી પણ હોઈ શકે. શિવજી સમયના - કાળના પર્યાય સમાન હોવાથી તેમની પ્રતીતિમાં પણ ચરમકક્ષાની ભિન્નતા સંભવી શકે. તેઓ પ્રકાશની સ્થાપના માટે જેટલી યથાર્થતા દર્શાવી શકે, તેટલી જ સ્વીકૃતિ, તેમની, અંધકાર માટે પણ હોઈ શકે. અર્થાત્ તેઓ અંધકાર અને પ્રકાશ બંને સાથે સંયુક્ત પણ છે અને બંનેથી ભિન્ન પણ છે. બીજા શબ્દોમાં શિવજી દરેક પ્રકારના દ્વન્દ્વથી પર છે. તેમનું અસ્તિત્વ સાચા અર્થમાં નિર્ગુણ છે.

મહાદેવ પ્રેમ કરે ત્યારે અપાર પ્રેમ કરે. કોપાયમાન થાય ત્યારે તેમનું કોપ કોઈ પણ ઝીલી ન શકે. ભોળપણમાં સમગ્ર અસ્તિત્વને પણ લૂંટાવી દે. વરદાન આપે ત્યારે જાણે જગતના બધા જ, બધા જ પ્રકારના ભંડાર ખોલી દે. તેમના એક મધુર સ્મિતથી સમગ્ર સૃષ્ટિ પુલકિત થઈ ઊઠે. તો સાથે તેમના ત્રીજા નેત્રના ભયથી સમગ્ર સૃષ્ટિ નિયંત્રિત રહેવાનો પ્રયત્ન કરે. સૃષ્ટિનું એકમાત્ર ઐશ્વરિય અસ્તિત્વ જે માત્ર યોગમાં પ્રવૃત્ત હોય, જે ભોગથી સાવ જ અજાણ હોય, તે શિવ.

તેમનું ભોળપણ પણ કેવું, સમગ્ર સૃષ્ટિ જ્યારે પોતાના અસ્તિત્વનો વિચાર કરીને નિર્ણય લે ત્યારે પોતાના અસ્તિત્વને ભૂલીને - દાવ પર લગાવીને હળાહળ પીવા તૈયાર થાય. પવિત્રતા પણ કેવી કે વ્યવહારમાં અશુભ ગણાતી પ્રત્યેક ઘટના તેમના સાનિધ્યથી પવિત્રતા પામે. નિર્લેપતા પણ કેવી કે સમગ્ર સૃષ્ટિનો વૈભવ તેમના માટે એક રેતીના કણ સમાન બની રહે. દૈવી ગુણો પણ કેવા કે મા શારદા અનંતકાળ સુધી લખે તો પણ તેનો અંત ન આવે. તેમના તાંડવમાં રૌદ્ર સ્વરૂપની ચરમસીમા હોય. તેમની સમાધિમાં શાંતિની અંતિમ સ્થિતિ હોય. તેમની સાધનામાં ચૈતન્યની પૂર્ણ જાગૃતિ હોય. શિષ્ય બનેલી મા પાર્વતીને જ્યારે જ્ઞાન આપવા બેસે ત્યારે જ્ઞાન પૂર્ણતામાં અભિવ્યક્ત થાય. તેમની એક ભૃકુટીની ચેષ્ટાથી સૃષ્ટિના સમીકરણો પુનઃ નિર્ધારિત થતા હોય.

નિર્દોષતાથી ભરેલા તેમના અસ્તિત્વના ક્યાંય કપટનો અંશ માત્ર પણ ન હોય. તેમની નિર્વિકલ્પતા પૂર્ણતાને પણ પાર કરી ચૂકી હોય, જે સ્વયં આધ્યાત્મના પર્યાય સમાન હોય, વિશ્વનું પરમ સતીત્વ જેમના સાનિધ્યમાં હોય, સૃષ્ટિની શીતળતા જેમના ભાલ પ્રદેશમાં હોય, સૃષ્ટિની પાવક પવિત્રતા જેમની જટામાં સ્થિત હોય, સર્પીણી કુંડલીની જેમના કંઠે વીંટળાયેલી હોય, જીવનના અંતિમ સત્યને ઉજાગર કરતી ભસ્મ જેમનો શણગાર હોય, વિશ્વના આડંબર ખાતર, જાણે જગતને પોતાની રક્ષા માટે જેમણે ત્રિશુલ ધારણ કરેલું હોય, તેવા મહાદેવ માટે અને તેમના ભ્રામક વૈભવ માટે જેટલી વાતો કરવામાં આવે તેટલી ઓછી છે.

સ્વયં પોતે જ પોતાના શિવત્વમાં મગ્ન હોય. પોતે જ જાણે પોતાની આરાધના કરતા હોય. પોતે જ જાણે પોતાના ચૈતન્યને વધુ ઉચ્ચકક્ષાએ લઈ જવા પ્રયત્નશીલ હોય. સાક્ષીભાવે પોતે જ પોતાની જ પ્રેરણાથી સ્થાપિત થયેલ સાક્ષીભાવની પૂર્વધારણાનું રક્ષણ કરતા હોય. પોતે જ પોતાની સંપૂર્ણતાની પ્રતીતિ કરાવતા હોય. પોતે જ કારણ હોય અને કાર્ય હોય. પોતે જ દર્શન, દ્રષ્ટા તેમજ દ્રશ્ય હોય. સમગ્રતામાં વ્યાપક હોવા છતાં કૈલાશ નિવાસી હોય - તે મહાદેવ સૃષ્ટિની રચનાના અ-હેતુ તથા તેના પરિણામ બાબતે સતત ચિંતિત હોય તેમ જણાય છે.

એમ માનવા બુદ્ધિ અને મન તૈયાર થાય છે કે શિવજીએ આ સમગ્ર સર્જન બાબતે પ્રશ્નો ઊભા કર્યા છે. મારી નાનકડી સમજ પ્રમાણે મને એમ જણાય છે કે શિવજીને આ સમગ્ર સર્જન માન્ય નથી. પરમ ચૈતન્યના એક સ્વરૂપની સવિકલ્પિય ભાવનાથી આ સમગ્ર સૃષ્ટિનું સર્જન થયું છે, જેને કારણે બધાએ મુક્તિનો પ્રયત્ન કરવો પડે છે. કોઈપણ વ્યક્તિ અન્ય શક્તિની ઈચ્છાથી અસ્તિત્વમાં આવી છે અને પછી તેણે મોક્ષ માટે જાતે પ્રયત્ન કરવા પડે છે. કદાચ શિવજીને આ પ્રક્રિયા માન્ય નથી - તેમના મનમાં આ સમગ્ર પ્રક્રિયા માટે પ્રશ્નો હશે. સાથે સાથે આ સમગ્ર સૃષ્ટિને શૂન્યમાં રૂપાંતરિત કરવાની તેમની ક્ષમતા છે. આ પ્રશ્ન અને ક્ષમતાના સમન્વયથી તેમને પ્રલયની ક્ષમતાવાળા ઈશ્વર તરીકે સ્થાપિત કરાયા હશે. ■

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

સતીશભાઈ વ્યાસે બંગાળમાં કેટલીયે જગ્યાએ ફરી ફરીને જે કથાઓ એકઠી કરી છે તેમાં આ બાઉલ કથા મેં વાંચી છે. એ તમારી સાથે શેર કરવા માગું છું. બે પક્ષીઓ હતાં. એક શિકારીએ તે બંનેને એક ખપાટના પીંજરામાં પૂર્યા હતા. દોરીથી લાકડાના ટુકડાઓને જોડીને પીંજરું બનાવ્યું હતું અને તેમાં બંને પક્ષીઓને કેદ કરી મૂક્યા હતાં. બંને છૂટવા માગે છે. કોણ મુક્તિ નથી ઇચ્છતું ? એક જ પીંજરામાં રહી એ બંને પક્ષીઓ શિકારીની રહેણી-કરણી, એની ભાષા, એનાં સંકેતો એ બધું સમજતાં થઈ ગયાં હતાં. એક દિવસ એ પંખીઓએ સાંભળ્યું કે જે શિકારીએ અમને કેદ કર્યાં છે એ સાત-આઠ કલાક માટે બહાર જવાનો છે. જેવો એ બહાર ગયો એટલે એક પંખીએ બીજા પંખીને કહ્યું કે, ઘણો સમય છે; બે-ત્રણ કલાકમાં મુક્તિનું કામ થઈ શકે તેમ છે. આપણે આપણી ચાંચથી પિંજરના ધાગાઓને તોડી નાખીએ અને આ વાંસની ખપાટો છે તેને થોડી પહોળી કરીને તેની વચ્ચેથી ઊડી જઈએ. બંનેએ પ્રયત્ન કર્યો. ત્રણ-ચાર કલાકમાં એમાં એ સફળ પણ થયા. હવે જ્યારે ઈચ્છે, જે ક્ષણે ઈચ્છે ત્યારે એ આઝાદ થઈ શકે એમ હતાં.

એટલામાં સાત કલાક પૂરા થઈ ગયા. પેલો શિકારી આવી ગયો. જેવો એ દરવાજામાં પ્રવેશ કરે છે ત્યાં જે પંખીએ આઝાદ થવાનો ઉપાય બતાવ્યો હતો એણે બીજા પક્ષીને કહ્યું કે ભાગો ! શિકારી અંદર પ્રવેશ કરે એ પહેલાં આપણે ઊડીને સામેની દીવાલ પર બેસી જઈએ; પછી શિકારીના વશની વાત નહીં રહે. બીજું પંખી આ સાંભળતું હતું પણ તેને કોઈ પ્રતિભાવ ન આપ્યો. પેલાએ કહ્યું ચાલો, ઊડો ! એમ કહી જે સલાહ આપી રહ્યું હતું એ પક્ષી ઊડીને સામેની દીવાલ પર બેસી ગયું અને બૂમાબૂમ કરવા લાગ્યું કે તું પણ નીકળી જા! તો પિંજરાની અંદર રહેલા પક્ષીએ કહ્યું, હું આખા પિંજરને તોડી નાખીશ. હું તળિયાને તોડી નાખીશ. આખું પિંજરું જ ખતમ કરવું છે. પેલા આઝાદ પંખીએ કહ્યું કે દોસ્ત, આખા પિંજરાને ખતમ કરવાની જરૂર નથી; આટલી જ જગ્યા પૂરતી છે; તું નીકળી જા...

સાધુ શું કરે છે ? તમે મધુર સપનામાં ખોવાયેલ છો અને આ કરી લઉં, પેલાને મળી લઉં, આ પ્રાપ્ત કરી લઉં, ફલાણું કરી લઉં-એમાં ડૂબ્યા છો અને સદ્‌ગુરુ તમારું સપનું તોડે છે તેથી કદી સદ્‌ગુરુ કડવા બને છે. તેથી તમને કદી કદી સદ્‌ગુરુ પ્રત્યે અશ્રદ્ધા પણ થઈ શકે છે. સદ્‌ગુરુ પ્રતિ તમારા મનમાં વિપરીત ભાવ પણ આવી શકે છે, કારણ સદ્‌ગુરુ તમારી ખુશામત નહિં કરે, તમારાં સપનાંને વધારી નહિં આપે. એ તોડશે તમારાં સપનાં, જેથી તમે હોશમાં જીવો. તમે જાગૃતિ પ્રાપ્ત કરો. તમે ઉજાશ પ્રાપ્ત કરો. ભ્રાંતિ તોડવાનું કામ સાધુ કરે છે. તમારી પાસે પૈસા ન હોય એનું તમે દુઃખ માનો છો, પણ એની પાછળ કેટલાં સુખ છે ! ન સરકારનો ડર, ન મિત્રનો ડર, ખુશામતખોરોનો ડર નહિ! ક્યાંય પણ જઈને સૂઈ જાવ! ડર નહિ !

એક ફકીર હતો. અકબર ને બીરબલ ત્યાંથી નીકળ્યા. અકબર કહે કે ફકીરને થોડું સોનું આપી દો તો ઝૂંપડી બનાવી ચેનથી રહી શકે. બીરબલે કહ્યું કે સોનું મળે પછીએ ચેનથી સૂઈ શકશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. સોનું આપી દીધું. એક મહિના પછી અકબર ને બીરબલ નીકળ્યા ફકીરને જોવાં કે હવે તો એ ચેનથી આરામ કરતો હશે. ફકીર તો પરેશાન હતો. કહે, તમારી પ્રતીક્ષા કરતો હતો. જબ સે સોના આયા તબ સે મેરા 'સોના' ચલા ગયા ! તમારું આ સોનું લઈ જાવ ને મારું સૂવાનું પાછું આપો. સંપત્તિનાં તમે માલિક ન થઈ શકો. વધુ ને વધુ એના ગુલામ યા તો દ્વારપાળ થઈ શકો છો. આ જીવનનું સત્ય છે અને તમે એટલું પણ નથી વિચારતા કે તમને મહોબ્બત નથી કરતાં એને તમે મહોબ્બત કરો છો ? પૈસાને કેટલો પ્યાર કરો છો ? કોઈ ચોર પૈસાને લઈ જતો હોય તો પૈસા ચોરને કહે છે કે આ મારો પ્રિયતમ છે. એને બદલે તું મને બીજે ક્યાં લઈ જાય છે ? પૈસા તો ચોર પાસે પણ જતા રહેશે. એ તો બેઈમાન છે. સંપત્તિના પ્રેમમાં સદૈવ ધોખો છે. એની સાથે એટલો પાકો સંબંધ નહિ જોડો કે એ તમારી મુક્તિમાં બાધક બને! જરૂર, વિવેકથી એને પકડો. 'રોશની ચાંદથી થાય છે, સિતારોથી નહિ.' ટ્રકની પાછળ લખાય છે, હું વાંચતો રહું છું-'ઈર્ષાળુને આશીર્વાદ!'

***રોશની ચાંદથી થાય છે, સિતારોથી નહિ, મહોબ્બત એકને થાય છે, હજારોને નહિ.***

આપણી સંપત્તિ તો આજે બેંકને, કાલે દુકાનને મહોબ્બત કરે છે, તો કદી હવાઈ જહાજને મહોબ્બત કરે છે ! એ તો ઠેકાણું બદલે છે, ને એને તમે પ્રિયતમ ગણો છો ? તમારા ખિસ્સામાંથી પૈસા પડી જાય, તો એ કહી શકે કે મને તમારી સાથે લઈ જાઓ! હું પૈસાની આલોચના નથી કરતો. વ્યવહારમાં જરૂર પડે છે. પણ એ તમને પકડી ન લે એ ધ્યાનમાં રાખજો! સાધુ આપણા વ્યર્થ સપનાઓને તોડે છે અને આપણને જાગૃત કરે છે.

બાપ ! મને લાગે છે કે ઉપરની પ્રથમ કથામાં જે બે પક્ષી છે તેમનું એક સાધુ અને બીજું અસાધુનું પ્રતીક છે. સંસારના કારાગૃહમાં બંને કેદ છે. મારાં ભાઈ-બહેનો, પીંજરું તોડવાની જરૂર નથી. અવસર મળે ત્યારે પીંજારામાંથી મુક્ત થવાની જરૂર છે. સાધુ આપણને એ શિખામણ આપે છે. એટલા માટે સાધુ ઔષધિ છે, જે આપણને તોડવાનું ન કહે, ઉડાન ભરવાનું કહે. પીંજરું શિકારીનું હતું, મુબારક ! આત્મા આપણો છે. મુક્તિ આપણો અધિકાર છે. કોઈ પણ દારિદ્રયથી, કોઈ પણ રોગથી, કોઈ પણ ભ્રમથી કે મરણથી મુક્તિ મેળવવાનો આપણો અધિકાર છે. આવો, આપણે સાધુના વિચારોનો સંગ કરીએ; એનાં વચનોનો સંગ કરીએ.

(સંકલનઃ જયદેવ માંકડ) ■

## શિવમંદિરની પરિક્રમા કેમ પૂરી કરવામાં આવતી નથી?

અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

**૪. કાર્તિકેયઃ**

કાર્તિકેય શિવ પરિવારના ચતુર્થ દેવ છે અને ગણપતિની જેમ શિવ-પાર્વતીના પુત્ર છે. કાર્તિકેયનું દ્વિતીય નામ સ્કંદ છે. કાર્તિકેય સ્કંદ દેવોના સેનાપતિ છે. તારકાસુરની સામે દેવોને વિજય તો જ મળી શકે, જો શિવ-પાર્વતીનો પુત્ર દેવોનો સેનાપતિ બને. શિવ-પાર્વતીથી કાર્તિકેયનો જન્મ થાય છે અને તેઓ દેવોના સેનાપતિ બની, દેવોને વિજય અપાવે છે.

કાર્તિકેયનું વાહન મોર છે. મોર વિજયનું પ્રતીક છે અને મોરનો ટહુકાર વિજયનો નાદ છે.

**૫. શિવનું નિવાસસ્થાન - કૈલાસઃ**

શિવનું નિવાસસ્થાન કે શિવધામ કૈલાસ છે. કૈલાસ ગિરિ છે અને કૈલાસગિરિના નિવાસી હોવાથી શિવને ગિરીશ પણ કહે છે. ગિરિ એટલે ઊંચું સ્થાન. શિવતત્ત્વ ચેતનાની સર્વોચ્ચ ભૂમિકા છે. શિવ ચેતનાની ઉચ્ચતમ ભૂમિકા છે તેમ સૂચવવા માટે શિવને કૈલાસપર્વતની અધિવાસી ગણવામાં આવે છે.

**૬. દિવ્ય જગતમાં દેવોનાં સ્વરૂપઃ**

શિવ, પાર્વતી અને અન્ય દેવોનાં સ્વરૂપોમાં સાંકેતિક તત્ત્વો છે તેનો અર્થ એમ નહીં કે દેવોનું સ્વરૂપ મનઃકલ્પિત છે. દેવોનું સ્વરૂપ એ પણ એક સત્ય છે. દિવ્ય જગતમાં દેવો પોતાના દિવ્ય સ્વરૂપે બિરાજમાન હોય છે તે એક અબાધિત સત્ય છે. ભક્તોને દેવોના સ્વરૂપનાં દર્શન થાય છે તે પણ એક હકીકત છે.

દેવોના સ્વરૂપમાં રહેલ સાંકેતિક તત્ત્વ તથા દેવોનાં દિવ્ય સ્વરૂપ - બંને એકસાથે સત્ય છે. બુદ્ધિથી સમજી શકાય કે ન સમજી શકાય, પણ સત્ય તો સત્ય જ છે.

**શિવસ્વરૂપનાં કેટલાંક વિશિષ્ટ તત્ત્વોઃ**

**૧. શિવમંદિરની પરિક્રમાઃ**

પરંપરા પ્રમાણે શિવમંદિરની પરિક્રમા પૂરી કરવામાં આવતી નથી. રામ, કૃષ્ણ, જગદંબા આદિનાં મંદિરોની પૂરી પરિક્રમા થઈ શકે છે. શિવમંદિરની પરિક્રમા દરમિયાન ઉત્તર દિશામાં આવતી શિવનિર્માલ્યની જલધારાને ઓળંગીને જઈ શકાય નહીં, પરંતુ તે સ્થાનથી પાછા ફરીને ઊલટી પરિક્રમા કરીને તે સ્થાને પુનઃ પહોંચવામાં આવે છે અને ફરી એ સ્થાનેથી પાછા ફરવામાં આવે છે. આમ કરવાનું કારણ શું છે?

વ્યાવહારિક કે બાહ્ય દૃષ્ટિથી એવું કારણ આપવામાં આવે છે કે શિવનિર્માલ્યને ઓળંગી શકાય નહીં, તેથી ઉત્તર દિશામાં આવતી જલધારાના માર્ગ પાસેથી પાછા ફરી જવું જોઈએ. બાહ્ય દૃષ્ટિએ વિચારીએ તો આ કારણ સાચું છે, પરંતુ અંતરંગ કારણ બીજું જ છે.

શિવ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મનું સ્વરૂપ છે. શિવનો આદિ કે અંત નથી. શિવસ્વરૂપ અમર્યાદ છે, અનંત છે. અનંતની પરિક્રમા કેવી રીતે થઈ શકે? જે અનંત છે તેની પૂરી પરિક્રમા કરી તે તો તેના અનંતપણાની અવગણના કરવા બરાબર છે. શિવના અનંત સ્વરૂપને દૃષ્ટિ સમક્ષ રાખીને શિવમંદિરની પૂરી પરિક્રમા ન થાય તેવી પરંપરા રાખવામાં આવી છે. અધૂરી પરિક્રમા કરીને, શિવના અનંત સ્વરૂપની આમન્યા જાળવીને તેના અનંત સ્વરૂપને સ્મરણમાં રાખવામાં આવે છે.

**૨. શિવનિર્માલ્યની આમન્યાઃ**

શિવનિર્માલ્ય એટલે શિવજીને ચઢાવીને પછી ઉતારી લીધેલાં પુષ્પો, બિલ્વપત્રો, જળ આદિ. શિવજીને અર્પિત કરેલ



પદાર્થની આમન્યા જાળવવી જોઈએ, તેની અવગણના કરાય નહીં. આ દૃષ્ટિથી શિવનિર્માલ્યને ઓળંગાય નહીં તેવી મર્યાદા છે. શિવનિર્માલ્યને ઓળંગવાથી અપરાધ થાય છે તેવી પરંપરાગત માન્યતા છે. પુષ્પદંત નામના ગંધર્વે શિવનિર્માલ્યને ઓળંગ્યાં અને પરિણામે અંતર્ધાન થવાથી તેની શક્તિ કુંઠિત થઈ ગઈ હતી. આ અપરાધના નિવારણ માટે જ પુષ્પદંતે 'શિવમહિમ્નસ્તોત્ર'ની રચના કરી છે.

**૩. શિવનો પ્રસાદઃ**

હિન્દુ ધર્મની એવી બંધારણીય પરંપરા છે કે શિવને અર્પણ કરેલ નૈવેદ્યને પ્રસાદરૂપે ગ્રહણ કરી શકાય નહીં. માત્ર અતીત સાધુ જ તેને ગ્રહણ કરી શકે. શિવને ધરાવેલ અન્ય પદાર્થોનો ઉપયોગ પણ અતીત સાધુ જ કરી શકે છે. જો શિવને ધરાવેલ પદાર્થ શિવલિંગ પર કે શિવલિંગના થાળામાં મૂકવામાં આવે, તો તે અતીત સાધુ પણ ન લઈ શકે. તે લેવાનો અધિકાર માત્ર જંગમ સાધુને જ છે. કર્ણાટકના વીર-શૈવ સંપ્રદાયના લિંગાયત સાધુઓ અને તેમના વંશજોને જંગમ સાધુઓ કહેવામાં આવે છે. તેઓ દશનામી સંન્યાસીઓના ભિક્ષુક ગણાય છે.

શિવનો પ્રસાદ અતીત સાધુઓ અને જંગમ સાધુઓ સિવાય અન્ય કોઈ ગ્રહણ કરી શકે નહીં, તેમ હોવાનું કારણ શું છે?

શિવતત્ત્વ નિર્ગુણ-નિરાકારનો કોઈ પ્રસાદ ન હોય. પ્રસાદ તો સગુણ-સાકારનો હોઈ શકે. શિવના આ નિર્ગુણ-નિરાકાર સ્વરૂપને સૂચિત કરવા માટે શિવપ્રસાદને ગ્રહણ ન કરવાની પરંપરાનો પ્રારંભ થયો છે. આ તાત્ત્વિક સિદ્ધાંતમાંથી હિન્દુ ધર્મની શિવપ્રસાદ ગ્રહણ ન કરવાની બંધારણીય પરંપરાનો જન્મ થયો છે. અતીત સાધુઓ અને જંગમ સાધુઓ શિવના પૂજારીઓ છે, તેથી તેમને અપવાદરૂપ શિવપ્રસાદ ગ્રહણ કરવાનો વિશેષ અધિકાર આપવામાં આવેલ છે. જ્યોતિર્લિંગનો પ્રસાદ સૌ ગ્રહણ કરી શકે તેવી વિશેષ વ્યવસ્થા છે.

**૪. શિવમંદિરના પૂજારીઓઃ**

હિન્દુ ધર્મની એવી બંધારણીય પરંપરા છે કે શિવમંદિરના પૂજારીઓ અતીત સાધુઓ હોય છે. આમ હોવાનું કારણ શું છે?

શિવતત્ત્વ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મત્ત્વ છે અને અદ્વયસ્વરૂપ છે. અદ્વૈતપંથના દશનામી સંન્યાસીઓ અર્થાત્ શાંકરમતાનુયાયી સંન્યાસી નિર્ગુણ-નિરાકાર અદ્વય-સ્વરૂપ બ્રહ્મતત્ત્વના ઉપાસકો છે, તેથી શિવમંદિરની પૂજા દશનામી સંન્યાસીઓ જ કરી શકે તેવી વ્યવસ્થા થઈ છે. અતીત સાધુઓ દશનામી સંન્યાસીઓના જ વંશજો છે, તેથી તેમને પણ શિવપૂજાનો અધિકાર પ્રાપ્ત થયો છે. સંન્યાસીઓના વંશજો કેવી રીતે? ક્યારેક કોઈક દશનામી સંન્યાસી પાછળથી ગૃહસ્થધર્મનો સ્વીકાર કરે છે (જ્ઞાનેશ્વર મહારાજના પિતાની જેમ). પોતાને જે સંતાનો થાય તે દશનામી સંન્યાસીઓના વંશજો ગણાય. અતીત સાધુઓ આ રીતે દશનામી સંન્યાસીઓના વંશજો છે. તેમની પણ ગિરિ, પુરી, ભારતી આદિ અટક હોય છે. તેમને આ સંબંધને નાતે શિવમંદિરના પૂજારી બનવાનો તથા શિવપ્રસાદ ગ્રહણ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો છે, એટલું જ નહીં, પરંતુ તેમને એક વસ્ત્ર ભગવા રંગનું ધારણ કરવાનો પણ અધિકાર છે. તેથી જ અતીત સાધુ ગૃહસ્થો હોવા છતાં માથા પર પાઘડી ભગવા રંગની બાંધે છે.

કાળક્રમે શિવમંદિરના પૂજારી તરીકેનો અધિકાર જંગમ સાધુઓને તથા નાથ-સાધુઓને પણ પ્રાપ્ત થયો છે. હિમાલયના બૂઢાકેદારના પૂજારી નાથસાધુ (ગૃહસ્થ) છે. હિમાલયના પંચકેદારમાંના એક મદમહેશ્વરના પૂજારી કર્ણાટકના લિંગાયત સંપ્રદાયના જંગમ સાધુ છે.

**૫. બિલ્વપત્રઃ**

શિવને બિલ્વપત્ર અર્પણ કરવામાં આવે છે. વિષ્ણુને તુલસીદલ, જગદંબાને જબાકુસુમ, હનુમાનજીને આકડાનાં ફૂલની માળા અર્પણ કરવામાં આવે છે. આમ શા માટે છે? આ પ્રકારની વિશિષ્ટ વ્યવસ્થા માત્ર જોગાનુજોગ નથી અને માત્ર મનઃકલ્પિત પણ નથી. આ ગોઠવણની પાછળ કોઈક સૂક્ષ્મ દૃષ્ટિ હોય છે. આર્ષદ્રષ્ટાઓએ પોતાની આર્ષદૃષ્ટિથી જોઈને આવી વ્યવસ્થા સૂચવી છે. દૃષ્ટાંતતઃ પીપળે પાણી રેડીએ તો પિતૃઓને પહોંચે છે તે એક હકીકત છે, સૂક્ષ્મ જગતનું સત્ય છે. પીપળાને બદલે લીમડે પાણી રેડીએ તો પિતૃઓને ન પહોંચે. આ વ્યવસ્થા કેવળ મનઘડંત નથી. તે જ રીતે શિવને બિલ્વપત્ર અર્પણ કરવાની પરંપરા પાછળ કોઈક ગુહ્ય સત્ય કામ કરી રહ્યું છે. શિવ અને વિષ્ણુ બંને પૂજ્ય છે, છતાં શિવને બિલ્વપત્ર અને વિષ્ણુને તુલસીદલ અર્પણ થાય છે. આ વ્યવસ્થામાં પરિવર્તન કરી શકાય નહીં, કારણ કે તેની પાછળ કોઈક સ્વરૂપનું સૂક્ષ્મ જગતનું સત્ય કાર્ય કરી રહ્યું હોય છે. દ્રષ્ટાઓએ તે રહસ્ય જોઈને આવી વ્યવસ્થા કરી છે અને બૌદ્ધિક ખુલાસો ન મળે તોપણ તેને અનુસરવામાં આપણું કલ્યાણ છે.

બિલ્વપત્રનાં ત્રણ પાન ત્રણ ગુણ (ત્રિગુણ)નાં પ્રતીક છે. બિલ્વપત્ર એટલે ત્રિગુણાત્મિકા પ્રકૃતિ. શિવતત્ત્વ ગુણાતીત છે. બિલ્વપત્ર શિવને અર્પણ કરીએ છીએ તેનો અર્થ એમ કે ત્રિગુણાત્મિકા પ્રકૃતિ ગુણાતીત બ્રહ્મતત્ત્વને અર્પણ કરીએ છીએ. બિલ્વપત્રના અર્પણ દ્વારા સાધક ત્રિગુણાત્મિકા પ્રકૃતિના રાજ્યમાંથી મુક્ત થઈને ગુણાતીત અવસ્થાએ પહોંચવાની શિવજીને પ્રાર્થના કરે છે, પોતાની અભીપ્સા વ્યક્ત કરે છે.

શિવજીને બિલ્વપત્ર અર્પણ કરવા માટેના મંત્રમાં પણ આ ભાવના વ્યક્ત થયેલ છેઃ

'त्रिदलं त्रिगुणाकारं त्रिनेत्र च त्रयायुधम् ।
त्रिजन्मपापसंहारमेकबिल्वं शिवार्पणम् ।।'

'ત્રણ દલવાળું, ત્રણ ગુણોના આકારવાળું, ત્રણ નેત્રવાળું, ત્રણ આયુધવાળું, ત્રણ જન્મોનાં પાપનો સંહાર કરનારું એક બિલ્વપત્ર ભગવાન શિવને અમે અર્પણ કરીએ છીએ.' (ક્રમશઃ) ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



# કઠણ પંથ આ વૈરાગ્યના રે...

*કઠણ રે પંથ આ વૈરાગના રે, ત્યાં પહોંચત વીરલા કોઈ સંત, મારી હેલી રે,*
*ગગને ચડીને હેલી જોઈ લ્યો રે. તિયાં પહોંચત વીરલા સંત ... મારી હેલી રે..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*ગગને ચડીને હેલી જોઈ લ્યો રે, આપણા પિયુજી કેરો દેશ... મારી હેલી રે... -*
*ગગને ચડીને હેલી જોઈ લ્યો રે, ચડી રે શિખર પર હેલી જોઈ લ્યો રે....૦*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*કૌન રે બુંદ કી માતા ધરણી રચી રે, કૌન રે બુંદ કા આકાશ,*
*કૌન રે બુંદ કા પ્રાણી પુરૂષ બનાયા, કોન રે બુંદ કા સંસાર - મારી હેલી રે ..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*સલીલ બુંદ કી માતા ધરણી રચી હૈ, બરક બુંદ કા આકાશ,*
*ઓહંમ્ બુંદ કા પ્રાણી પુરૂષ બનાયા, સોહંમ બુંદ કા સંસાર - મારી હેલી રે ..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*અંબુ બુંદ સે ધરણ નીપાવી રે, પવન બુંદ સે આકાશ,*
*અમૃત બુંદ સે પુરૂષ જાયા રે, ચેતન્ય બુંદ સે સંસાર - મારી હેલી રે ..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*રેન તો સમાણી સાહેલી ભાણમાં, ભાણ તો સમાણો આકાશ,*
*આકાશ સમાણું સાહેલી શૂનમાં, શૂન્ય તો સમાણી સુરતા માંય,*
*આકાશ સમાણા વચનમાં રે, વચન હોય કોઈ વીરલાની પાસ ..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*દેખ્યા વિનાની ન દેશકી રે, વાત કહત સબ કોઈ,*
*એ તો ફોગટ ફેરા ખાત રે, બચત ફીરત સપૂત ... મારી હેલી રે ..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*જે ઘર હંસા મોતી ચૂગતા રે, કરીયા કાળ ન ખાય,*
*ચાલો હંસા ઉન સરોવરે રે, પલ્લા પકડે નહીં કોઈ ... મારી હેલી રે ..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*નૂરત સૂરત જોત પ્રકાશી રે, પાયા સાચા પદ નિરવાણ,*
*વેદ કહેતા તો સો વઈ ગયા રે, આપે કબીર જુગત ભાણ.. મારી હેલી રે ..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*
*અમૃત તરવેણીના ઝરણા ઝરે, માંઈ રતન મણી પ્રકાશ,*
*કહત કબીર ધરમ દાસકો, ફીર તો મિલન કેરી આશ - મારી હેલી રે ..*
*કઠણ રે પંથ આ વૈરાગના રે....૦*

કબીરસાહેબનું આ પદ અનેક લોકભજનિકોમાં કંઠોપકંઠ સચવાતું રહીને અનેક પાઠાંતરો સાથે ગવાતું આવ્યું છે. હેલી પ્રકારની આત્મજ્ઞાનની સાધના દર્શાવતી રચનાઓની પરંપરા આદિ સંત કબીરસાહેબથી શરૂ થઈ હોવાનું મનાય છે. સિંધ પ્રદેશના ભાણસાહેબે પોતાના શિષ્ય હંસદાસને ઉદ્દેશીને કેટલીક હેલી રચનાઓ આપી છે. રાજસ્થાનમાં કબીરસાહેબના નામાચરણથી આઠેક તથા સુખદેવ, ઈસરરામ ભટ્ટ અને રામકૃષ્ણનાં નામાચરણો સાથે કેટલીક હેલી રચનાઓ ખૂબ જ ગવાય છે.

પ્રેમલક્ષણા ભક્તિનાં અનેક પદોમાં 'હેલી' શબ્દનો પ્રયોગ આત્માને કે સુરતાને પોતાની સખી-સાહેલી માનીને તથા આત્માનુભવથી થતા અહર્નિશ આનંદ માટે વપરાતો રહ્યો છે. અંતરતમ ચેતના, અનરાધાર વર્ષા, સુરતા કે આત્મા,કૂટ-ગૂઢ સાધનાત્મક પ્રહેલિકા કે સમસ્યા,અવળવાણી, ઉલટવાણી, કોયડો, સાધનાત્મક રહસ્યાત્મક પ્રશ્ન અને તેના ઉત્તર .... એમ અનેકવિધ અર્થો હેલી શબ્દ માટે સાંપડે છે.

કબીરસાહેબ પોતાના શિષ્ય ધરમદાસજીને શીખામણ અને સાધનાનું માર્ગદર્શન આપતાં કહે છે કે આ વૈરાગ્યનો માર્ગ અતિશય કઠિન છે, આ રસ્તા પર કોઈ વીરલા સાધક સંત જ પહોંચી શકે છે. તમારી સુરતાને ધીરે ધીરે ઊંચી ચડાવતા રહીને, ગગનમંડળમાં-શૂન્ય શિખર સુધી પહોંચાડજો. જ્યાં આપણા પરમ પ્રિયતમ પરમાત્મા-પિયુજીનો વાસ છે. તમારા આત્માનુભવથી જાણી લેજો કે આ ધરતી અને આકાશ, પુરુષ અને પ્રકૃતિ તથા સંસારની આ સૃષ્ટિનું સર્જન ક્યાં બીજમાંથી થયું છે? ક્યાં બુંદમાંથી થયું છે?

સલીલબુંદ એટલે લીલા વિલાસયુક્ત, સુંદર, મનોહર, સ્વચ્છંદ અને સૌંદર્યમય બીજમાંથી પરમાત્માની ઈચ્છાથી સ્વયંભૂ રીતે અલીલ-જળમાંથી આ ધરતીનું સર્જન થયું, એમાં શ્વાસ-ઉચ્છવાસની રમણામાંથી ચૈતન્ય એવી જીવસૃષ્ટિનું પ્રાકટ્ય થયું. પરમેશ્વરે પોતે પોતાની લીલારમણા માટે આ સર્જન કર્યું છે. જેમ રાત્રિનો અંધકાર સૂર્યના પ્રકાશમાં સમાઈ જાય છે-વિલીન થઈ જાય છે એમ સૂર્ય પણ આકાશમાં વિલીન થઈ જાય, આકાશ સમાઈ જશે શૂન્ય તત્ત્વમાં. એવા શૂન્ય શિખર પર પોતાની સુરતાની યાત્રા કરીને તમારે પહોંચવાનું છે. આ અગમ-અગોચર પ્રદેશને જોયા વિના સઘળા વાતો કરે છે અને ફોગટના ફેરા ફરતા રહે છે, એમાંથી બચનારા- સ્વયં અનુભૂતિ કરનારાને જ વીરલા સંત કહી શકાય. અખંડ જ્યોતિના ઉજ્જવળ પ્રદેશમાં જે સ્થાને હંસોરાજા સાચાં મોતીડાંનો ચારો ચરે છે એવા માનસરોવરમાં તમે સ્નાન કરી લેશો તો કાળદેવતા પણ તમારો પલ્લો પકડી નહીં શકે. વેદ- શાસ્ત્રો-પુરાણોમાં જે કહેવાયું છે તેનો અનુભવ કરનારા તો ચાલ્યા ગયા, માત્ર તેમના શબ્દો જ રહ્યા છે, એ શબ્દોની પાછળ જે સાધના છુપાયેલી છે એનો અણસાર સહુ કોઈને નથી આવતો, એ તો કોઈ જોગ-જુગતિ જાણનારા સિદ્ધ-સાધક જ એને યુક્તિથી પામી શકે છે. જ્યાં સદૈવ અમૃત ત્રિવેણી વહેતી રહે છે,જ્યાં કરોડો સૂર્યના જેવા મણિ-રત્નોનો દિવ્ય અંજવાસ છે ત્યાં જો તમે પહોંચી શકો તો આપણું મિલન ત્યાં થશે. આવા મેળાપની હું આશા રાખું છું... ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# આપણે કેવા પ્રકારના ભક્ત છીએ?



કળિયુગમાં ભક્તિને મોક્ષદાયિની કહી છે. શાસ્ત્રકારોએ પહેલેથી જ આગાહી કરી છે કે જેમ જેમ કળિયુગનો પ્રકોપ વધશે તેમતેમ શુદ્ધ ધર્મની હાનિ થશે. ત્યારે ભક્તિ એ પરમાત્માને પામવાનો ઉત્તમ માર્ગ બની રહેશે. જોકે, શાસ્ત્રકારો એવું ક્યાંય નથી કહેતા કે તમારી ક્ષમતા હોય તો તપ, વ્રત, ઉપવાસ આદિ ન કરવા. ખેર, અત્યારે ભક્તિમાર્ગ વધુ લોકપ્રિય પણ છે. કારણકે આ માર્ગ ભગવદ ભક્તિનો સૌથી સરળ માર્ગ છે.

પરંતુ મનુષ્ય કોઈ પણ કાર્ય ઉદ્દેશ્ય વિના કરે છે ખરો?! અરે, જો કોઈ સ્વાર્થ ન હોય તો ભગવાનની કોઈ ભક્તિ પણ કરે તેમ નથી. એટલે ભક્તિ તો બધા કરે જ છે, પણ તેમના ઉદ્દેશ્ય કદાચ જુદાજુદા હોઈ શકે. ભક્ત પણ તેના અંતરમનનો કેટલો ઉઘાડ થયો છે અને કઈ કક્ષાએ પહોંચ્યો છે તેના ઉપર આધાર રાખે છે કે તે કેવી અને કેટલી ભક્તિ કરે છે. મારા-તમારા જેવા ભક્તો તો અઠવાડિયે એકાદવાર મંદિરે જઈ આવીએ તો પણ પોતાને ભક્ત સમજવા લાગીએ!

શ્રીમદ ભગવદ ગીતામાં સ્વયં ભગવાન કૃષ્ણએ ભક્તના પ્રકારોનું વર્ણન કર્યું છે. ભગવાન કહે છે,

ચતુર્વિધા ભજંતે માં જનાઃ સુકૃતિનોઽર્જુન, આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ

અર્થાત ભગવાન કહે છે કે હે અર્જુન ચાર પ્રકારના કર્મથી મનુષ્યો મારી ભક્તિ કરે છે. પહેલો છે આર્ત, બીજો પ્રકાર છે જિજ્ઞાસુ, ત્રીજો પ્રકાર છે અર્થાર્થી અને ચોથો પ્રકાર છે જ્ઞાની.

આર્ત એ પીડિત ભક્ત છે જે ખૂબ જ દુઃખી છે અને જે ભગવાનની કૃપા માટે ઝંખે છે, જેથી પોતાને પીડા અને દુઃખમાંથી મુક્તિ મળે, જિજ્ઞાસુ એ જ્ઞાન પિપાસુ છે, જે પોતાને અજ્ઞાની માને છે, અને જે જ્ઞાન મેળવવા માટે ભગવાનની કૃપા ઇચ્છે છે. અર્થાર્થી એ ઐશ્વર્ય પિપાસુ છે, જે સુખી જીવનનો આનંદ માણવા માટે પાર્થિવ સંપત્તિ, પૈસા, જમીન વગેરેની ઝંખના કરે છે, અને જે સંપત્તિ એકઠી કરવા માટે ભગવાનની કૃપા મેળવવા માટે પ્રસન્ન કરે છે. જ્ઞાની એ જાણકાર છે, જે આત્મામાં પોતાની સંતુષ્ટિ જુએ છે, તેને કોઈ દુન્યવી ઈચ્છા નથી, જે ઈચ્છાઓથી મુક્ત છે, જેણે બધી ઈચ્છાઓ પૂર્ણ કરી છે, જેની એકમાત્ર ઈચ્છા મોક્ષ છે; જે આત્મા સો પરમાત્મા માને છે.

આર્ત ભક્ત કદાચ કોઈ અસાધ્ય રોગથી પીડિત હોય, જેનું જીવન ભૂકંપ, જ્વાળામુખી ફાટવાથી, વાવાઝોડા જેવી કોઈ કુદરતી આપત્તિ, દુશ્મન કે જંગલી પ્રાણીના હુમલાના કારણે જોખમમાં હોય. શાસ્ત્રોમાં દ્રૌપદી અને ગજેન્દ્ર આર્ત-ભક્તોનાં ઉદાહરણો છે. જ્યારે દુશાસન દ્રૌપદીને કૌરવોના દરબારમાં ખેંચીને લઈ ગયો અને તેની સાડી ખેંચી, ત્યારે દ્રૌપદીએ પોતાના માનનું રક્ષણ કરવા માટે કૃષ્ણને યાદ કર્યા. જ્યારે એક મગર ગજેન્દ્રને પાણીમાં ખેંચી રહ્યો હતો ત્યારે તેણે નારાયણને આર્તનાદ કર્યો.

જિજ્ઞાસુ એ પ્રશ્નકર્તા છે. તે દુનિયાથી અસંતુષ્ટ છે. તેના જીવનમાં એક ખાલીપો છે. તેને હંમેશાં લાગે છે કે ઇન્દ્રિય આનંદ એ સુખનું સર્વોચ્ચ સ્વરૂપ નથી અને હજુ પણ શુદ્ધ શાશ્વત આનંદ છે જે દુઃખ અને પીડાથી અસંતૃપ્ત છે, જે તેની અંદર જ જોવા મળે છે. શ્રીમદ ભાગવતમાં ઉદ્ધવ તેનું ઉદાહરણ છે. ઉદ્ધવ એક જિજ્ઞાસુ હતા. તેમની પાસે દુન્યવી દોલત તો હતી, પણ છતાં હૃદયમાં સંતોષ નહોતો અને શ્રી કૃષ્ણ પાસેથી તેમને જ્ઞાન મળ્યું.

દુન્યવી દોલતના પિપાસુ પૈસા, પત્ની, બાળકો, પદ, નામ અને ખ્યાતિની ઝંખના કરે છે. સુગ્રીવ અને ધ્રુવ અર્થાર્થી-ભક્ત હતા. સુગ્રીવ વાલિને ભગાડીને તેનું રાજ્ય મેળવવા માગતા હતા. વિભીષણ રાવણનો અંત લાવીને લંકા મેળવવા માગતા હતા. ધ્રુવ એક એવું રાજ્ય ઇચ્છતો હતો જ્યાં તેની સાવકી માતા તેને હેરાન ન કરે કે તેને પ્રતાડિત ન કરે.

જ્ઞાની એક જાણકાર પુરુષ છે જેણે આત્મપ્રકાશ પ્રાપ્ત કર્યો છે. શુક-મહર્ષિ જ્ઞાની-ભક્ત હતા. તેઓ સર્વોચ્ચ પ્રકારના બ્રહ્મ-જ્ઞાની હતા. તેમને સમજાયું કે બધું જ તેમનું પોતાનું સ્વરૂપ છે. તેમણે પરીક્ષિતને શ્રીમદ્-ભાગવત શીખવ્યું.

ભક્તોનો બીજો એક પ્રકાર છે, જેને વૈરા ભક્તો કહેવાય છે. આ ભક્તો નકારાત્મક ભક્તો છે. તેમને ભગવાન પ્રત્યે સકારાત્મક ભક્તિ હોતી નથી. તેઓ ભગવાનને ધિક્કારે છે અને તેથી તેમને હંમેશાં યાદ રાખે છે. દ્વેષ માટે પણ દુશ્મનનું સતત સ્મરણ જરૂરી છે જ ને!! તો આ પણ એક પ્રકારના ભક્તો છે. તેઓ વૈરા-ભક્તિ દ્વારા મુક્તિ પ્રાપ્ત કરે છે. કંસ, શિશુપાલ અને અન્ય લોકો ભગવાન પ્રત્યેના તેમના ઊંડા દ્વેષને કારણે સતત ભગવાનનું ચિંતન કરતા હતા. આમ તેમને મુક્તિ પ્રાપ્ત થઈ. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# ...જેના ઉપર આપણો કાબૂ છે!



ભગવાન કૃષ્ણ સત્ત્વ ગુણને ઉજાગર કરી રહ્યા છે, તે સમજીએ.

દૈવી ગુણમાં સત્ત્વ અને દમ બંને તત્ત્વો મનુષ્યના આત્મ નિયંત્રણને અભિવ્યક્ત કરે છે. એક ઉદાહરણથી સમજીએ.

તપને MBA પૂર્ણ કરીને એક ફર્મમાં મેનેજરની નોકરી મેળવી. તેનો આઈ. ક્યુ. ઘણો ઊંચો છે. બધી બાબતોમાં હોશિયાર છે, છતાં ધારી પ્રગતિ કરી શકતો નથી. આરામપ્રિય નથી, છતાં દરેક કામ મોડેથી કરવાની એને આદત છે. ઑફિસે જવું હોય તો છેલ્લી ઘડીએ તૈયાર થાય. બહાર જવું હોય, ટ્રેઈન પકડવી હોય, ગમે તે કામ કરવાનું હોય, છેલ્લી ઘડી તૈયાર થાય અને પછી દોડાદોડી કરી મૂકે.

એક દિવસે તપનને તેના બોસે પૂછ્યું, 'કેમ રોજ આવું થાય છે?' તપને કહ્યું, 'હું રોજ વહેલાં આવવાનો પ્રયત્ન કરું છું, છતાં સફળતા મળતી નથી. મને લાગે છે, હવે મારા હાથની વાત રહી નથી.' શું અર્ધો કલાક વહેલાં ઊઠવું એ આપણા હાથની વાત નથી? અહીં કેવી વિચિત્રતા નજરે ચડે છે. એક બાજુ આપણે ૨૧મી સદીમાં જીવીએ છીએ જ્યાં સ્વતંત્રતાની અવધારણા વિશ્વના ખૂણે ખૂણે પ્રસરી ગઈ છે. અને બીજી બાજુ આ શતાબ્દીમાં સૌથી વધારે પરતંત્રતા આ શબ્દોથી અભિવ્યક્ત થાય છે, 'મારા હાથની વાત નથી ! આમાં મારું કાંઈ ચાલે નહીં !'

લોકોને આમ કહેતાં ઘણીવાર સાંભળ્યા હશે, 'શું કરું ક્રોધ ઉપર મારો કાબૂ રહેતો નથી.' 'આ વ્યક્તિ સામે દેખાય એટલે બોલાઈ જ જાય.' 'શું કરું ? આ વાનગી થાળીમાં આવે એટલે જમવામાં કાબૂ રહેતો જ નથી.' આપણા ઉપર આપણો જ કાબૂ નથી એ જ મોટી પરતંત્રતા છે.

આવી પરતંત્રતાથી પોતાને જ નહીં અન્યને પણ મુશ્કેલીઓ નડે છે. કોકને કડવા વેણ કહેવાઈ ગયા હોય, પછી આપણી આ સમજણનો કોઈ અર્થ રહેતો નથી કે આપણે બોલવાની ઇચ્છા ન હતી પરંતુ બોલાઈ ગયું. પણ જેના પર વીત્યું હોય તેના હૃદયનો આઘાત તો કાયમી બની જાય છે.

હવે ખરેખર આપણે કહીએ છીએ કે અમુક વસ્તુ પર મારો કાબૂ નથી, સાચે જ એવું છે કે આપણે એવી માન્યતા ઊભી કરી છે !

આને સમજીએ, ધારો કે તમારા પગમાં દુખાવો હોય અને ઑફિસે જવામાં મોડું થાય છે. કારણ પૂછવામાં આવે તો કહેશો, 'પગમાં દુઃખાવો છે. એટલે ગતિ ધીમી છે. આમાં હું શું કરું?' પણ જ્યારે અચાનક તમારી પાછળ હિંસક સિંહ પડે ત્યારે શું થાય? તમારી ગતિ નહીં વધે? એટલે કે ગતિ વધારવા-ઘટાડવા માટે ઉત્તરદાયી તો આપણે પોતે જ છીએ.

ઘણીવાર લોકો માને છે કે લાગણીઓ પર માણસનું નિયંત્રણ નહીંવત્ છે, પરંતુ ખરેખર આવું છે ? જો નિયંત્રણ હોય તો લાગણીઓને કેવી રીતે નિયંત્રણમાં રાખવી? એક પ્રસંગથી આનો જવાબ જાણીએ.

તા. ૨૪/૯/૨૦૦૨ ના દિવસે સારંગપુરમાં સાંજે પ્રમુખસ્વામી મહારાજ વરિઠ સંતો સાથે કચ્છમાં સંસ્થા દ્વારા ચાલી રહેલી ભૂકંપરાહત પુનર્વસન પ્રવૃત્તિ અંગે મિટિંગ કરી રહ્યા હતા. ૫:૧૦ વાગ્યે ગાંધીનગરથી એક અર્જન્ટ ફોન આવ્યો. ફોનમાં જાણ કરી કે અક્ષરધામમાં આતંકવાદીઓ પ્રવેશ્યા છે ને અંધાધૂંધ ગોળીબાર કરી રહ્યા છે. સ્વામીશ્રીની દૃષ્ટિ ક્ષણભર સ્થિર થઈ ગઈ પણ જરાપણ સ્વસ્થતા ગુમાવ્યા વિના તેમણે તત્ક્ષણ કહ્યું, 'આતંકવાદીઓએ અક્ષરધામમાં ઘણી હિંસા કરી છે પણ હવે ઠાકોરજીને પ્રાર્થના કરીએ કે વધુ હિંસા ન થાય, ખુવારી ન થાય અને એ લોકો પકડાઈ જાય. એટલું કહી ધૂન- સ્મરણમાં જોડાયા. ધૂન પછી તરત જ અમુક સંતોને ગાંધીનગર પહોંચવા આજ્ઞા કરી. થોડી જ વારમાં સી. એમ. ની ઓફીસમાંથી ફોન આવ્યો. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાત કરી તેઓને ઓપરેશન સફળતાથી પાર પડે તેવા આશીર્વાદ આપ્યા.


થોડાક સમય બાદ સુરતના વ્યવસ્થાપકો સાથે મિટિંગ કરી. સુરતમાં અદ્યતન સુવિધા સજ્જ હોસ્પિટલ, વિદ્યાર્થીઓ માટે છાત્રાલય તથા વરાછામાં નવા સંસ્કારકેન્દ્રના બાંધકામ માટે વિમર્શ કરીને સ્વસ્થતાપૂર્વક માર્ગદર્શન આપ્યું.

લાગણી ઉપરનું કેવું નિયંત્રણ ! એક તરફ નરરાક્ષસો માનવીને નિર્દય રીતે રહેસી રહ્યા છે, ત્યારે એ જ ક્ષણે એક સંત માનવીને નવું જીવન બક્ષવા એક સાર્વજનિક હોસ્પિટલના નિર્માણમાં વ્યસ્ત છે. એક તરફ કુસંસ્કારી યુવાનો નિર્મમ હત્યા કરવા તરસ્યા છે, ત્યારે એ જ ક્ષણે એક સંત એવા જ યુવાનોના શિક્ષણ, સ્વસ્થતા અને સંસ્કારનું જતન કરવા, છાત્રાલયના નિર્માણ માટે ચિંતિત છે. આજ જ છે દમ અને સત્ત્વ સંશુદ્ધિ. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# રામ તેરી ગંગા મૈલી હો ગઈ, પાપીઓ કે પાપ ધોતે ધોતે...



હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ બધાની કોમી એકતા જાળવવાનો સૌ પહેલો અસરકારક સંદેશ ગુરુ નાનક સાહેબે આપ્યો હતો.

- આજે જ્યારે ભારતની પાવન ભૂમિનાં રાજ્યોમાં પાપીઓના પાપ ચરમસીમાએ પહોંચ્યા છે ત્યારે થાય છે કે ભૂતકાળ બની ગયેલા એવા.

* સાધુ, સંતો, ફકીરો, ઓલિયાઓ, મહાત્માઓ.

* ગુરુઓ જો આજે આપણી વચ્ચે હોત તો બેશક પરિસ્થિતિ સાવજ જુદી હોત.

આમ છતાં તેમણે કહેલા ખાસ કરીને કોમી એકતા જાળવવાના સંદેશને લોકો સુધી પહોંચાડવા જે.

* ધર્મ અભ્યાસીઓ, વર્તમાનપત્રો, લખાણો,

* વક્તવ્યો દ્વારા લોકો સુધી પહોંચાડવી સ્તૂતનીય પ્રયત્નો કરી રહ્યા છે તે સરાહનીય આવકારદાયક છે, જેમાં

* 'મુંબઈ સમાચાર' પણ કોલમો, વિભાગો દ્વારા પોતાની એક અદના ભૂમિકા બે સદી કરતાં પણ વધુ સમયથી ભજવી રહ્યું છે. આ એક માત્ર અખબાર એવું છે જેને દરેક કોમ - સમાજના લોકો પેઢી દર પેઢી વાંચતા આવ્યા છે.

- ગુરુ નાનક કહેતા કે -

* જાતને કદી છેતરવી નહીં.

* જેની ઈબાદત, પ્રાર્થના સ્તૂતિ કરવા મંદિર - મસ્જિદ - ગિરજાઘરોમાં આવ્યા છો તેની શક્તિ પર એતબાર - ભરોસો - વિશ્વાસ - શ્રદ્ધા - આસ્થા રાખીને એને જ બધું સોંપી દો. એ બધું સંભાળી લેશે.

* સંપત્તિ ફક્ત એ જ છે જેને મૃત્યુ નષ્ટ ન કરી શકે.

* જે મૃત્યુની પાર સાથે જઈ ન શકે એ વિપત્તિ જ હોઈ શકે.

- ગુરુ નાનક સાહેબે કદી સંસાર તજ્યો નહોતો.

- તેમનું માનવું હતું કે

* મનુષ્ય સંન્યાસ લઈને પોતાનું તેમ જ લોકકલ્યાણ કરી શકે નહીં. જેટલો કે તે સ્વાભાવિક અને સહજ જીવનમાં કરી શકે છે.

- નાનક સાહેબનું માનવું હતું કે,

* ગુફાઓ, જંગલોમાં બેસવાથી પ્રભુ પ્રાપ્તિ થતી નથી. પરંતુ

* સંસારમાં રહીને માનવ સેવા કરવી એ શ્રેષ્ઠ ધર્મ છે.

-તેમણે હિન્દુ અને મુસલમાન બન્ને માટે એકાત્મતાના બીજ રોપ્યાં.

- નાનક સાહેબનું માનવું હતું કે,

* સંપૂર્ણ સૃષ્ટિના ઈશ્વર - અલ્લાહ એક જ છે.

* આપણે બધાં તેનાં બાળકો છીએ. જીવ માત્રનો સર્જનહાર તે જ છે.

* એકેશ્વર બધાનો સર્જનહાર અલ્લાહ - ઈશ્વર - પ્રભુ એક જ છે.

* સાચા મનથી ઈશ્વરનું નામ જપો.

* ઈમાનદારી - સચ્ચાઈ - શ્રદ્ધાથી અને પરિશ્રમથી કામ કરો.

- ધન દ્વારા

* દુઃખી, અસહાય, લાચાર, જરૂરતમંદ લોકોની સેવા કરો.

* અનીતિ, અધર્મ, અત્યાચાર અને શોષણ દ્વારા પ્રાપ્ત કરેલ કમાણી.

- દિવસનો ચેન.

- રાતની ઊંઘને વેરણ કરી નાખે છે.

- શુદ્ધ, સાત્ત્વિક, નીતિ - ધર્મનું પાલન કરતાં પ્રાપ્ત કરેલ હોય તે આહાર માણસના મનને વિકાર રહિત નિર્મળ, પવિત્ર અને સાત્ત્વિક બનાવે છે.

- દુનિયાના બધા જ ધર્મો શ્રેષ્ઠ છે.

- ઈશ્વરીય ભાવ તેમ જ ભયની સાથે પૂરી ઈમાનદારી - સત્ય - આસ્થા સાથે કર્મ - આચાર - વિચાર કરો જે કદી પણ મિથ્યા થનાર નથી, આ લખનારનો અનુભવ છે, સાક્ષી છે.

દરિયાના મોતી

- ધર્મગુરુઓ દ્વારા લોકોને શીખવાડવાનો અંદાજ અનોખો હોય છે.

પથ્થર કી લકીરઃ

- લોકો પુષ્કળ પ્રમાણમાં જમીન મિલકત ભેગી કરે છે. માલૌ દૌલત ભેગી કરવા આંધળી દોટ મૂકે છે. એ માટે ન કરવાનું પણ કરે છે.

- વાચક મિત્રો જરા વિચારો કે મરતી વખતે એમાંથી આપણે કેટલું સાથે લઈ જવાના છીએ? ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# કુસંગનો સદાય ત્યાગ કરવો



નારદ ભક્તિ-સૂત્રનું આ કથન છે. અહીં એક સહજ અને સ્વાભાવિક બાબત તરફ નિર્દેશ કરાયો છે. જીવનને યથાર્થ બનાવવા, જીવનમાં સાત્ત્વિકતાની સ્થાપના કરી તે સાત્ત્વિકતાને વધુ દઢતા આપવા, જીવનને યોગ્ય માર્ગે લઈ જવા, જીવનમાં આધ્યાત્મિકતાનું પ્રભુત્વ કાયમ રાખવા અને જીવનમાં ઉત્તરદાયિત્વ કે ધર્મ પ્રત્યેની નિષ્ઠા જળવાઈ રહે તે માટે દુઃસંગ-કુસંગથી દૂર રહેવાની આ વાત છે. આમ તો આ સામાન્ય સર્વસ્વીકૃત બાબત છે, છતાં પણ તે પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. તેથી જ આ વાત શાસ્ત્રોમાં વારંવાર પુનરાવર્તિત કરવામાં આવી છે.

કહેવાય છે કે જેવો સંગ તેવો રંગ. મજાની વાત એ છે કે આ ઘટના એકતરફી છે. સારી કેરીની વચ્ચે એક બગડેલી કેરી હોય તો બધી જ કેરી બગડી જાય. તેનાથી વિપરીત નથી થતું. જો ખરાબ કેરી વચ્ચે એક સારી કેરી હોય તો બધી કેરી સારી નથી થઈ જતી. હકીકત એ છે કે ખરાબ રંગ લાગવાની સંભાવના વધુ હોય છે, તે રંગનો પ્રભાવ વધારે હોવાની સંભાવના પણ વધુ હોય છે અને તેને કારણે અંતે ઉદ્‌ભવતી પરિસ્થિતિ પણ વધુ જોખમી હોય છે.

સારપ જાળવી રાખવી જરૂરી છે. સારપ જાળવી રાખવા માટે યોગ્ય પરિસ્થિતિ જળવાઈ રહે તે પણ જરૂરી છે. આજુબાજુની પરિસ્થિતિ જો નકારાત્મક હોય - જોખમી હોય તો તેનાથી સારપ અસરગ્રસ્ત થાય જ. બીજી રીતે જોઈએ તો, સદ્‌ગુણની પ્રાપ્તિ અઘરી છે, દુર્ગુણ સરળતાથી ગ્રહણ થઈ જાય છે. ઊંચાઈ પ્રાપ્ત કરવી મુશ્કેલ છે, પતન તો સહજમાં શક્ય છે. સદ્‌ગુણ વિકસાવવા માટે ધીરજ રાખી સાતત્યતાપૂર્ણ પ્રયત્ન કરવા પડે, દુર્ગુણ તો રસ્તે ચાલતાં ચાલતાં ગ્રહણ થઈ જાય. કુસંગ એટલે દુર્ગુણો સાથેનું સાંનિધ્ય. કુસંગ એટલે અસાત્ત્વિક પરિસ્થિતિ પ્રત્યેનો લગાવ. કુસંગ એટલે અંતે નુકસાનકારક સાબિત થઈ શકે તેવી બાબતોનું સામીપ્ય. આ બધાની અસર નકારાત્મક હશે, વધુ તીવ્ર હશે, વધુ કાયમી હશે, વધુ નીંદનીય અને વધુ જોખમી હશે.

તેથી જ દરેક જગ્યાએ, દરેક સમયે, દરેક સંજોગોમાં, દરેક પ્રકારના પ્રયત્ન કરીને કુસંગથી દૂર રહેવું જરૂરી છે. કુસંગથી અવિવેક, અપવિત્રતા, દુરાચાર, વ્યસન-નશો, અસહિષ્ણુતા, અપવિત્રતા, અભિમાન, માનસિક અશાંતિ, હિંસા, જુઠ્ઠાપણું, વ્યભિચાર, સ્વાર્થ તથા નિર્દયતા જેવાં દૂષણો પ્રાપ્ત થતાં હોય છે. મન ખોટા વિચારે ચડી જતું હોય છે. સંગ અયોગ્ય હોય તો ખોટી આદત પડે, અસામાજિક તેમ જ અનૈતિક કાર્યમાં જોડાવાની સંભાવના ઊભી થાય. અનુકરણ કરવું એ મનનો સ્વભાવ છે. મનની દૃષ્ટિએ જે બાબતનું પ્રભુત્વ હોય તેનું અનુકરણ કરવા તે વધુ પ્રેરાય. જીવનમાં જ્યારે કુસંગનું 'જોર' વધુ હોય ત્યારે સ્વાભાવિક રીતે કુ-બાબતો પ્રત્યેનું આકર્ષણ વધતું જાય અને મનને તે મુજબની પ્રવૃત્તિમાં આસક્ત રહેવું ગમે. કુસંગને કારણે ઇન્દ્રિયોને જે પ્રિય છે તે પ્રત્યેનો લગાવ વધે અને જીવન માટે જે શ્રેય છે તે તરફની નિષ્ક્રિયતા વધતી જાય.

કુસંગથી કામના તથા ભોગ પ્રત્યે પ્રીતિ જાગ્રત થાય, વિષયોમાં મન લિપ્ત થવાના સંજોગો ઊભા થાય, અનિચ્છનીય ઇચ્છા તથા અપેક્ષા પૂર્ણ ન થતાં ક્રોધ જાગ્રત થવાની સંભાવના વધે, ભક્તિ તથા સાધનાથી વિમુખ થવાય, ક્યાંક શ્રદ્ધા અને વિશ્વાસ ડગી જાય, 'ઋણ કરીને પણ ઘી પીવું'ની ભાવના દઢ થતી જાય, દુષ્ટ તથા અધર્મી પ્રત્યેનો લગાવ વધતો જાય, અને આ બધાને અંતે જીવનની હકારાત્મક સંભાવનાઓ નાશ પામે. કુસંગથી વ્યક્તિ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થઈ શકે. સત્સંગનો લોપ થતાં સારી પરિસ્થિતિથી દૂર થતાં જવાય. કુસંગને કારણે સત્ય અને ધર્મ દૂર થતાં જીવનમાંથી 'શિવ' અને 'શુભ' લુપ્ત થતાં જાય.

જીવન એ મર્યાદિત સમયગાળાનો તબક્કો છે. આ સમયનો ઉપયોગ કેવી રીતે કરવો તે વ્યક્તિ જાતે નક્કી કરે છે. આ સમયનો ઉપયોગ જીવનને તારવા માટે પણ થઈ શકે અને ડુબાડવા માટે પણ થઈ શકે. જીવનનો સમય મુક્તિ માટેનું માધ્યમ પણ બની શકે અને આ સમય ભવસાગરનાં બંધનો વધુ દઢ થાય તે રીતે તેનો વ્યય પણ કરી શકાય. કુસંગથી સમયનો વ્યય જ થતો હોય છે.

કોઈ એમ તર્ક કરી શકે કે ઈશ્વર તો દરેક જગ્યાએ, દરેક જીવમાં, દરેક પરિસ્થિતિમાં વ્યાપ્ત છે. તો પછી કુસંગ અને સત્સંગનો ભેદ કેવી રીતે ઉદ્‌ભવે. જ્યાં દરેક પ્રકારના દ્વંદ્વથી મુક્ત થવાની વાત થતી હોય ત્યાં આ ભેદ શેની માટે. પ્રારંભિક અને બાળસહજ તર્કથી જો વિચારવામાં આવે તો આ વાત સાચી પણ જણાય. સમજવાનું એ છે કે જીવનના પ્રાથમિક તબક્કામાં સાવચેતી જરૂરી છે. જીવનને ટકાવી રાખવા માટે અમુક પ્રકારનો ખોરાક યોગ્ય ગણાય જ્યારે અમુક પદાર્થ અભક્ષ્ય ગણાય. આ એક પ્રકારનો દ્વંદ્વ થયો જે સમજવો અને પાળવો જરૂરી છે. જો આમ કરવામાં ન આવે તો અસ્તિત્વ જોખમમાં આવી જાય. બની શકે કે વ્યક્તિનું શરીર એ પ્રકારનું સામર્થ્ય કેળવે, તે પછી તે સામાન્ય સંજોગોમાં અભક્ષ્ય કહેવાય તેવો પદાર્થ પણ ભોજન તરીકે સ્વીકારી શકે, પણ આ માટે વ્યક્તિએ તે પ્રકારનું સામર્થ્ય કેળવવું પડે. ત્યાં સુધી અભક્ષ્યથી દૂર રહેવું ઇચ્છનીય. સત્સંગ અને કુસંગ માટે પણ આમ જ કહી શકાય.

જ્યાં સુધી મન મજબૂત નથી, જ્યાં સુધી ઇન્દ્રિયો તેના વિષયો પ્રત્યે આકર્ષાયેલી રહે છે, જ્યાં સુધી ચિત્ત સ્થિરતાને પામ્યું નથી, જ્યાં સુધી કામ અને અર્થ આધારિત પુરુષાર્થ માટે પ્રયત્નો ચાલુ છે, જ્યાં સુધી સદ્‌ગુરુની કૃપા સ્થાપિત નથી થઈ, જ્યાં સુધી મન ભક્તિમાં લીન નથી થયું, જ્યાં સુધી સાધના વિચલિત થતી રહે છે, જ્યાં સુધી યથાર્થ જ્ઞાનની પ્રતીતિ નથી થઈ ત્યાં સુધી સાવચેત રહેવું સારું. ત્યાં સુધી કુસંગથી દૂર રહેવું સારું. હકીકત તો એ છે કે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થયા પછી પણ કુસંગ પતન નોતરી શકે છે. તેથી જ કુસંગથી સર્વથા દૂર રહેવું ઇચ્છનીય છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# પ્રેમાનંદ સ્વામીઃ એમને કોઈ પૂર્વાશ્રમના તરગાળા તો કોઈ ગાંધર્વ કહે છે!

ઈ.સ. ૧૯૧૯માં વિદ્વાન સત્સંગી ઈશ્વરલાલ ઇચ્છારામ મશરુવાળા જણાવે છે કે 'તેઓ (પ્રેમાનંદસ્વામી) ગાંધર્વકુળમાં જન્મેલા હતા. બાલ્યાવસ્થાથી પોતાની સુંદર દેહયષ્ટિ અને કંઠની મધુરતાને કારણે વૈરાગી બાવાઓના ઝૂંડમાં સપડાયેલા અને તેથી એમની સાથે ફરતા રહેતા. ભરૂચ પાસેના ડોરા ગામમાં જ્ઞાનદાસજી નામના સાધુએ તેમને દ્વારકાની યાત્રા કરાવવાનું કહી પોતાની સાથે લીધા. યાત્રા પછી ભગવાન સહજાનંદસ્વામી પાસે લાવ્યા. પરંપરાગત શાસ્ત્રીય રાગ, વાદ્ય અને ગાનની કુશળતાને કારણે સહજાનંદજીના પ્રીતિપાત્ર બન્યા, શિષ્ય બનાવ્યા અને શાસ્ત્રીય સંગીતના વિશેષ શિક્ષણ માટે અન્ય સંતો સાથે બુરહાનપુર મોકલેલા. પછીથી એમને માટે સંસ્કૃત વગેરેના શિક્ષણની પણ વ્યવસ્થા કરી આપેલી. તેમનો જન્મ અનુમાને ઈ.સ. ૧૭૮૩ અને સહજાનંદ સ્વામી સાથેનું મેળાપ વર્ષ ઈ.સ. ૧૮૧૪ તથા અક્ષરવાસી થયાનું વર્ષ તેઓ ઈ.સ. ૧૮૫૫ તેઓ દર્શાવે છે.

૨. કવિશ્રી દલપતરામે ઈ.સ. ૧૮૬૧ના 'બુદ્ધિપ્રકાશ'ના અંકમાં પૃષ્ઠાંક ૨૪૨ પર આલેખેલ છે કે 'એમને પ્રત્યક્ષ મળવાનું થયેલું ત્યારે તેઓ ૭૦ વર્ષની આસપાસની વયના જણાતા હતા.' તેમાં ત્રીસેક વર્ષ સહજાનંદસ્વામીના સંપર્કમાં આવીને એમના અંતેવાસી તરીકે સાથે જ સેવામાં રહ્યા હતા. દલપતરામે જણાવેલી વિગતો પ્રેમાનંદ સ્વામીના જીવનકાળ સાથે બંધ બેસે છે.

૩. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસજીએ સ્વામિનારાયણ સંપ્રદાયનો ઇતિહાસ ગ્રંથમાં જન્મસ્થળ તરીકે દોરા ગામ અને પૂર્વાશ્રમનું નામ હાથીરામ દર્શાવેલ છે. તેમના ગાનથી પ્રભાવિત થઈને સંત મહાનુભાવાનંદ વગેરે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સત્સંગ અર્થે વિચરણ માટે ફરતા ફરતા દોરા ગામથી દ્વારિકાની યાત્રાએ પોતાની સાથે લીધા. પછી ગઢપુરમાં સહજાનંદ સ્વામીના પ્રત્યક્ષ દર્શનનો લાભ અપાવ્યો. એમની ગાયન કળાથી શ્રીહરિ પ્રસન્ન થઈને સાથે જ રાખતા અને દીક્ષિત કરેલા.

૪. 'પ્રેમસખી પ્રેમાનંદ' નામના મહાનિબંધમાં ડૉ. હરિપ્રસાદ ઠક્કરને પ્રાપ્ત થયેલી પ્રેમાનંદ સ્વામીના ચરિત્ર સંદર્ભની દંતકથાઓ (પૃષ્ઠાંક ૬૩૫ થી ૬૩૮) પર સમાવિષ્ટ કરી છે, તે પ્રેમાનંદસ્વામીના ચરિત્રની અનોખી વિગતો જાળવતી હોઈને એને અવલોકીએ.



૪:૧ પ્રેમાનંદના બ્રાહ્મણ માતા-પિતા, તીર્થાટન કરતાં કરતાં અમદાવાદ આવેલા. યાત્રા દરમ્યાન જ પ્રસૂતિ થતાં પુત્રરત્ન પ્રાપ્ત થયેલું. અહીં અકસ્માતે બંને મૃત્યુ પામ્યા. નિરાધાર શિશુ દરિયાખાનના ઘૂમટ આગળથી એક ફકીરને હાથ લાગ્યું. એનો ઉછેર કર્યો તે પ્રેમાનંદ સ્વામી.

સૌરાષ્ટ્રના જેતપુર ગામના બુવા ડોસા નામના મુસ્લિમ ફકીર પાસે રહીને આ છોકરો મોટો થયો. એ ગામે સહજાનંદ સ્વામી પધાર્યા. આ છોકરો એમના વ્યક્તિત્વથી આકર્ષાઈને એમના શરણે ગયો. ફકીરે ઘણાં ઉપાયો કર્યા પણ છોકરો માન્યો નહીં, આથી ફકીરે એને સહજાનંદ સ્વામી સાથે રહેવાની સંમતિ આપી.

૪:૨ બીજી એક દંતકથાનુસાર પ્રેમાનંદના માબાપ પૈસે ટકે સુખી હતા. પરંતુ પતિને પત્નીના ચારિત્ર્ય વિશે શંકા પડતા સગર્ભાવસ્થામાં જ એને ત્યાગી. માતાએ બાળકને જન્મ આપીને નિરાધાર ત્યજી દીધો. તરગાળા કુટુંબમાં બાળકનો ઉછેર થયો. અહીં ગાયન, વાદન અને નર્તન શીખવાનું બન્યું.

૪:૩ પ્રેમાનંદ સ્વામીને કોઈ પૂર્વાશ્રમના તરગાળા, કોઈ ગાંધર્વ કહે છે અને કોઈ ઉત્તર ભારતના માને છે.

૫. પ્રેમાનંદના ચરિત્ર વિશે બીજી એક જુદી વિગત શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત પુરાણી સ્વામીશ્રી હરિસ્વરૂપદાસજીએ 'પ્રેમાનંદ કાવ્ય' પ્રથમ ભાગની ઈ.સ. ૧૯૯૩માં બીજી આવૃત્તિ પ્રકાશિત કરી ત્યારે 'પ્રેમાનંદ સ્વામીનું જીવનવૃત્તાંત' એવા શીર્ષકથી એમાં આલેખેલ છે. તે વિગતો પણ અવલોકીએ.

૫ : ૧ ખંભાતની નજીક સેવલ નામના ગામમાં સેવકરામ નામે એક બ્રાહ્મણ રહેતો. તેની પત્નીનું નામ સુનંદા હતું. સુનંદા ગર્ભવતી બની અને પુત્રને જન્મ આપ્યો. સેવકરામ શંકાશીલ હોઈને. આ બાળકનો પિતા હું નથી એવા કુવિચારને કારણે બાળકને એક મસ્જિદ આગળ મૂકી આવ્યા. એક મુસ્લિમ ત્યાંથી પસાર થયો અને ત્યજાયેલા બાળકને ખુદાની ભેટ માનીને પોતાને ઘેર લઈ જઈને ઉછેર કર્યો. એનું નામકરણ હાથી કર્યું. થોડા વર્ષોમાં પ્લેગના રોગથી આકસ્મિક પાલક માતા-પિતાનું બન્નેનું મૃત્યુ થયું. બાળક પુનઃ નિરાધાર થયો. એના મામા ડોસાભાઈએ આ બાળક હાથીને ઉછેર સાથે સંગીત ગાનમાં એને ઉત્તેજન આપ્યું. પછી વધુ અભ્યાસ માટે વડોદરા મોકલ્યો. સંગીતમાં ઉસ્તાદ થઈને પુનઃ અમદાવાદ આવ્યો. હાથીને લઈને મામા ડોસાભાઈ ગઢડા દર્શને આવ્યા. હાથીના ગાયન વાદનથી પ્રસન્ન થયા અને ડોસાભાઈને પૃચ્છા કરી કે આ કોણ છે ?

ડોસાભાઈ કહે મારો ભાણેજ છે. એના મા-બાપ એને નાનકડો મૂકીને જ ગુજરી ગયા. મેં ઉછેર કરીને મોટો કરીને સંગીતમાં ઉસ્તાદ બનાવ્યો છે.

શ્રીહરિએ હસીને કહ્યું 'હવે અમે એને સંભાળીશું. તમે એને અહીં મૂકી જાઓ.'

ડોસાભાઈને તો મહારાજની પ્રસન્નતા એ જ એના જીવનની સાર્થકતા હોઈને હાથીને મહારાજની સેવામાં મૂક્યો. મહારાજે હાથીને દીક્ષા આપી. 'પ્રેમાનંદ' નામકરણથી સાથે રાખ્યા. ગાયન વાદન અને કીર્તિન સર્જનમાં રત રહી તેઓ અહર્નિશ મહારાજની સેવામાં જ મગ્ન રહેતા.

૫:૨ એક દિવસ શ્રીજી મહારાજ ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઢોલિયા પર બિરાજીને સત્સંગ કરાવતા ત્યારે એક બ્રાહ્મણ સેવકરામ અને સુનંદાનામના દંપતી શ્રીજી મહારાજના દર્શને આવ્યા. ખંભાતથી પાવાગઢ દ્વારિકાની યાત્રા કરીને દર્શને આવેલા. (ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# ધાર્મિક વ્યક્તિનું કામ અનીતિ આચરનારને ઢંઢોળવાનું છે...

(ગતાંકથી ચાલુ)

રાજા યશધવલનો આદેશ મળતાં જ મંત્રીઓ, પુરોહિતો, સૈનિકો, સેવકો, રાજનર્તકીઓ અને પ્રજાજનો પૂર્ણ ભક્તિભાવથી 'ત્રિશૂળ' તેમજ 'નંદા-ઘુંઘુટી' શિખરો પર પહોંચ્યા. થાકેલા યશધવલને પ્રફુલ્લિત કરવા રાજનર્તકીઓએ નાચગાનની મહેફિલનું આયોજન કર્યું. આ નૃત્યસંગીતનો જલસો જોઈ રાજપુરોહિત ક્રોધાયમાન થયા પણ રાજા યશધવલ નર્તકીઓનો નાચ જોવામાં મશગૂલ હતા તેઓએ રાજપુરોહિતની ગંભીર ચેતવણીનો દરકાર કરતાં નથી અને નાચગાનની મહેફલ માણતાં રહ્યા, પરંતુ આ શું? નર્તકીઓના ઘુંઘરું બાંધેલા પગ પથ્થર બનીને ધરતી સાથે જડાઇ ગયાં! સૌ ગભરાઈ ગયાં. રાજા યશધવલને પુરોહિતની વાત સમજાઈ ગઈ, રાજાએ પુરોહિતની અવગણના કરીને દેવભૂમિને ભ્રષ્ટ કરવાનું પાપ આચર્યું અને તે પવિત્ર ભૂમિને અપવિત્ર કરવાનો દંડ નગરવાસીએ ભોગવવો પડયો અને પ્રજા તે કોપમાંથી ઊગરી ન શકી. એકાએક વાદળો ઘેરાયાં, વીજળી ચમકી અને પ્રચંડ વાવાઝોડું ફૂંકાયું. સમગ્ર કનોજ શહેર જળમાં એકાકાર બની ગયાં. ચોતરફ પાણી પ્રચંડ વેગથી વહેવા લાગ્યું અને જળપ્રવાહમાં સમગ્ર કનોજ શહેર ડૂબી ગયું. ગભરાયેલા યશધવલ અને રાણી વલ્લભા 'નંદા-ઘુંઘુટી' પર્વતની ટોચ પર પહોંચે છે અને માતા પાર્વતીને પ્રસન્ન કરવા આરાધના કરવા માંડે છે. માતા પાર્વતી પ્રસન્ન થતાં રાણી વલ્લભા વરદાનમાં પોતાનું રાજ્ય ફરી માગે છે. માતા પાર્વતીનું વરદાન મળતાં જ કનોજ રાજયમાં ફરી વળેલું પાણી દૂર થઈ જાય છે. યશધવલ અને વલ્લભા ફરી રાજયની ધૂરા સંભાળવા લાગ્યા અને ઘણા વરસો સુધી તેણે રાજ કર્યું અને આજીવન શિવભક્તિનો પ્રચાર અને પ્રસાર કર્યો. બીજી તરફ નંદભદ્ર નામનો એક પ્રમાણિક વૈશ્ય હતો. સમગ્ર સંસારમાં કહેવાતું કે નીતિમત્તા તો નંદભદ્રની! ક્યારેય અનીતિ ન આચરે. આ વૈશ્ય વેપારી એવો તો ધર્મનિષ્ઠ હતો કે લોકો તેને ધર્માત્મા કહીને બોલાવતા. અહર્નિસ શિવભક્તિમાં ડૂબેલો રહેતો. રાત્રે સૂતી વખતે સરવૈયું માંડે તેમ વિચારતો કે, 'પોતાનાથી દિવસ દરમિયાન કોઈ ખોટું કામ તો નથી થયું ને?' કદાચ કંઈ ખોટું થયું હોય તો પ્રાયશ્ચિત્ત માટે તૈયાર રહેતો. નંદભદ્રની પડોશમાં સત્યવ્રત નામનો શૂદ્ર રહેતો હતો. તે હંમેશાં નંદભદ્રની નિંદામાં જ વ્યસ્ત રહેતો. નંદભદ્ર પૂરેપૂરો આસ્તિક હતો, ત્યારે સત્યવ્રત પૂર્ણ નાસ્તિક હતો. આ દૂરાચારી સત્યવ્રત એવા મોકાની રાહ જોતો રહેતો કે નંદભદ્રને ધર્મભ્રષ્ટ કરી શકાય.



* * *

અચાનક એક દિવસ ધર્માત્મા નંદભદ્રનો પુત્ર મૃત્યુ પામ્યો. પુત્રના મૃત્યુનો આઘાત સહન ન કરી શકતાં થોડા દિવસ બાદ નંદભદ્રની પત્ની કનકા પણ મૃત્યુ પામી. પત્ની અને પુત્રના અકાળ અવસાને નંદભદ્રને ખૂબ આઘાત તો લાગ્યો પણ તે પ્રખર શિવભક્ત હોવાથી પોતાના મનને મનાવ્યું કે જેવી ભગવાન શિવની ઇચ્છા. તેણે પોતાના ધર્મ પરની શ્રદ્ધા જરાય ડગવા ન દીધી. પત્નીના મૃત્યુ બાદ ગૃહસ્થધર્મ નિભાવવાનું કપરું હતું, પણ પોતે અડગ રહ્યો.

એક દિવસ મોકો મળતાં જ સત્યવ્રત નંદભદ્રને કહે છેઃ

સત્યવ્રતઃ 'મિત્ર નંદભદ્ર તમારા પર જે વિપત્તી આવી પડી છે તે જોતાં તો મને એમ લાગે છે કે ધર્મ ફક્ત આઘાત આપવાનું સાધન છે, જ્યારથી તમે પથ્થર પૂજવાનું શરૂ કર્યું છે ત્યારથી તમારી દુર્દશા થઈ છે. તમારો વહાલસોયો દીકરો અને પત્ની તમને નોંધારા મૂકીને ચાલી ગયાં, આવું ફળ તો કુકર્મીઓને મળવું જોઈએ તમારા જેવા ધર્મનિષ્ઠોને નહીં. હાલમાં તમે બ્રાહ્મણોને જમાડો છો તે શું મૃત્યુ પામેલા તમારા પુત્ર કે પત્નીને મળતું હશે. મને તો એમ લાગે છે કે, આ જગતનું નિર્માણ કરનાર ઇશ્વર જેવું કંઈ હોતું નથી, અહીં મનુષ્ય જ સર્વોપરી છે. આકાશ, પૃથ્વી, તેજ, વાયુ વગરે સ્વાભાવિક જ છે.પાપ-પુણ્યની વાતો ફક્ત કલ્પનાઓ જ છે, ભયવગર પ્રીતિ ન થાય બાકી ધર્મ તો દ્રવ્યોપાર્જન કરવાનું એક સાધન અવશ્ય છે.

શુદ્ર સત્યવ્રત અત્યારે આશ્વાસન આપવાને બદલે ઘા પર મીઠું ભભરાવી રહ્યો હતો, પરંતુ તેની વાતોથી નંદભદ્ર પર કોઈ અસર નહીં થઈ.

નંદભદ્રઃ મિત્ર તારું નામ સત્યવ્રત છે. તમે કહો છો કે ધર્મનું આચરણ કરનાર હંમેશાં દુઃખી રહે છે તે વાત તદ્દન અસત્ય છે, સત્યવ્રત તું મારી પાસે બેસ, તને હું ધર્મ વિશેની જાણકારી આપું. ધર્મની પ્રાચીન પરિભાષા એ છે કે, 'યત અભ્યુદય નિઃશ્રેયસસિદ્ધિઃ સ ધર્મઃ'

અર્થાત્‌: 'જેના આચરણથી આ લોકમાં અભ્યુદ થાય, સુખશાંતિ મળે ને પરલોકમાં સુગતિ મળે તે ધર્મ.' પ્રતિકૂળતા એ ઇશ્વર તરફથી મોકલાવેલ કૃપાપ્રસાદ છે. પ્રતિકૂળતાથી માણસ ઘડાય છે, પ્રતિકૂળતાનો સમય પૂર્ણ થયા બાદ આપણને સ્વર્ગલોકની અનુભૂતિ થાય છે. ધર્મને અવગણનારો પણ ધર્મ વગર જીવી શકતો નથી. ધર્મનું પાલન કરનાર હંમેશાં પૂર્ણ સુખને પામે છે, મનને અપાર શાંતિ મેળવે છે. ધર્મની ભૂમિકા શુદ્ધ હોય છે. ધર્મનું બીજ એ પવિત્ર ભૂમિમાં જ પલ્લવિત થાય છે. ધર્મી મનુષ્ય સાચો શ્રીમંત છે. ધર્મ નિત્ય છે. સર્વ શત્રુઓનો ધર્મ નાશ કરે છે. ધર્મની શુદ્ધભાવના જે માનવ ધારણ કરે છે તે નિર્મળ અને પુનિત બને છે. ધર્મ દ્વારા મેળવેલી કમાણી આલોક અને પરલોકમાં પણ કામ આવે છે. ધર્મ વિનાનું જીવન પ્રાણ વિનાના શરીર જેવું છે, શબ સમાન છે. શિવકથા કે ધર્મકથા મનુષ્યના પાપને બાળી નાખે છે અને તન મનને શાંતિ આપે છે. ધર્મમાં અજબ પ્રકારની તાકાત છે, જે કોઈ માનવ ઇષ્ટદેવની આરાધના કે ઉપાસના કરે તો તે જીવ મોક્ષે જાય છે. ધર્મ જીવન જીવવાની કળા શિખવે છે.'

સત્યવ્રતઃ 'મિત્ર તારી વાત મને યોગ્ય લાગતી નથી, માણસો પથ્થરની મૂર્તિને પૂજે છે એને એ નિર્જીવ મૂર્તિઓ શું આપી પાડશે.'

નંદભદ્રઃ મિત્ર તને હું પૂછું છું કે શું આંધળો સૂર્યદેવને જોઈ શકે છે? બ્રહ્માથી માંડીને સર્વ દેવતાઓ, મહાત્માઓ, ઋષિમુનિઓ અને ચક્રવર્તી રાજાઓ પણ પોતાના ઇષ્ટદેવની આરાધના - ઉપાસના કરે છે. હજારો વર્ષ અગાઉ એમના દ્વારા સ્થાપિત મૂર્તિઓ આજેય મોજૂદ છે. શું તેઓ મૂર્ખ હતા. ઇશ્વર નથી એવી વાતો તો કેવળ મૂર્ખ માણસનો બકવાસ છે, સાંભળ સત્યવ્રત કોઈ શાસક વિના પ્રજા રહી શકે ખરી? ધાર્મિક વ્યક્તિનું કામ સૂતેલાને જગાડવાનું અને અનીતિ આચરનારને ઢંઢોળવાનું છે. ધાર્મિક થવું તે સાધન છે. ધાર્મિક દેખાવું તે વિલાસ છે અને ધાર્મિક બનવું તે પોતાના આત્મહિતાર્થ માટે જ છે. ધર્મ દ્વારા વ્યવહાર ધર્મમય બનાવવામાં આવશે ત્યારે જ સાચા અર્થમાં 'ધાર્મિક' બની શકાશે. માટે ધાર્મિક અને પ્રેમમય વ્યવહાર દ્વારા જીવનને વિશુદ્ધ રાખવું જરૂરી છે. નારાયણના નામનું નાણું જેની પાસે છે તેનો ખજાનો ક્યારેય ખૂટતો નથી.

ધર્માત્મા નંદભદ્રની સામે લૂચ્ચો સત્યવ્રત ભોઠો પડી ગયો. સત્યવ્રતને ધર્માત્મા નંદભદ્રએ પંચાક્ષર મંત્ર 'ઓમ નમઃ શિવાય' આપ્યો અને તે દિવસથી સત્યવ્રતના જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન આવી ગયું.

નંદભદ્ર ભગવાન શંકરના સાક્ષાત દર્શન કરવાના હેતુથી કપિલેશ્વર મંદિરમાં ગયો અને પ્રાર્થના કરતાં કહ્યું, 'પ્રભુ, જ્યાં સુધી આપ મને દર્શન નહીં આપો ત્યાં સુધી હું અહીં ઊભા રહીને નામસ્મરણ કરતો રહીશ.'

સ્કંદપુરાણ આ કથાને સુપેરે આલેખતાં કહે છે કે નંદભદ્રને ચોથે દિવસે ભગવાન શિવે બાળસ્વરૂપે દર્શન આપ્યા હતાં. ભગવાન શિવના સાક્ષાત દર્શનથી નંદભદ્ર કૃતકૃત્ય થઈ ગયો. (ક્રમશઃ)■

ફોકસ

આર. સી. શર્મા
feedback@bombaysamachar.com

# સીતા નવમીઃ ભારતીય સંસ્કૃતિ ને દાંપત્યની પ્રતિષ્ઠાનું પ્રતીક

ભારતીય સંસ્કૃતિમાં સીતામાતાના આદર્શ સ્ત્રીત્વ અને પારિવારિક મૂલ્યોનું ખૂબ સન્માન કરવામાં આવે છે. એથી સીતા નવમી ભારતીય પરંપરાના વારસામાં અગત્યનું સ્થાન ધરાવે છે. એવી માન્યતા છે કે એ દિવસે સીતા માતાનો જન્મ થયો હતો. વૈશાખ માસની નવમી તિથિએ તેમનો પ્રાગટ્ય દિવસ છે. આજે સીતા નવમી છે.

એક ધાર્મિક માન્યતા પ્રમાણે મિથિલાના રાજા જનક કોઈ ધાર્મિક કર્મકાંડ કરતી વખતે હળ ચલાવી રહ્યા હતા. એ દરમ્યાન તેમને એક ઘડો મળ્યો, એ ઘડાથી જાનકી કે સીતામાતા અવતર્યાં હતાં. સીતા માતાને નારી શક્તિ, ત્યાગ અને પતિવ્રતાની મૂર્તિ માનવામાં આવે છે. સીતા નવમીનું ભારતીય સમાજમાં ખૂબ મહત્ત્વ છે. તેઓ આદર્શ સ્ત્રીનું ઉત્તમ ઉદાહરણ છે. આ જ કારણ છે વિવાહિત મહિલાઓ સીતા નવમીના દિવસે પતિના લાંબા આયુષ્ય અને દાંપત્ય જીવનમાં ખુશહાલી લાવવા માટે વ્રત રાખે છે. આ દિવસે ભગવાન રામ અને સીતામાતાની પૂજા કરવામાં આવે છે. જેનાથી ઘરમાં સુખ,સમૃદ્ધિ આવે છે. મહિલાઓ સુખ, આનંદ અને સમૃદ્ધિ માટે પૂજા અર્ચના કરે છે. સાથે જ તમામ કષ્ટો અને પીડાથી મુક્તિ મળે એવી પ્રાર્થના પણ કરે છે.

આજે વૃદ્ધિ યોગનો સુયોગ બનવાનો છે. આ યોગમાં ભગવાન રામ અને સીતામાતાની સાથે આરાધના કરવાથી તમામ મનોકામના પૂર્ણ થાય છે. ભગવાનને ફૂલ, મીઠાઈનો પ્રસાદ ધરીને ધૂપ-દીપ કરવા જોઈએ. સાથે જ સીતા ચાલીસા કે પછી જાનકી સ્તોત્રનો પાઠ કરવો જોઈએ.

આવી રીતે પૂજા-પાઠ કરવાથી પરિવારમાં ખુશહાલી આવે છે. ■



# ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૭૫૭)

### ૧૭. જગ્યા આપવી છે

**(NAPEANSEA ROAD)**
**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Dariya Mahal Vegetarians Only Whatsup: 7021831500. (B-15939)**

**PEDDER ROAD**
2 BHK 900 sqft, Fully Furnished Higher Floor, 1 Parking, 1.60 Lac nego. Sea view - 9892710071 / 9619048555. (B-15916)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**MALAD WEST**
**Office Available for Rent Area: 1700 Sq. Ft. Including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-15904)**

### ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોજર***
ગૃહકલેશ શત્રુબાધા લગ્નમાં રૂકાવટ લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9594577543/ 9773255055. માલાડ (વેસ્ટ). (બી-૧૫૯૧૮)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

**હરે ક્રિષ્ના સર્વિસીસ (1997)**
ઉધઈ, વાંદા, માંકડ 100% અસરકારક, કારપેટ, ચેર, સોફાગાદી કલીનીંગ, ફલેટ, ઓફિસ ડીપક્લિનિંગ હાઉસકીપિંગ, લેબર સપ્લાય. - 9892747758/ 9702875877. (જેપી/૪૯૮૮-બી)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ. 9594599769. (૧૫૩૪૮/એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**LEASE PROPERTY**
Opportunity to rent premises with provisions of Stretcher Lift + Staircase with Ambulance Parking Ideal for
**HEALTH CARE PURPOSE**
Clinic / Diagnostic Centre / Day Care Facilities
Area 3000 Sqft. Ground + 1st Floor 10 Exclusive Car Parking Space
S.V. Road, Borivali (W), Outside Borivali Station
For Details & Inspection
dm.realty01@gmail.com 83695 40301
(B-15897)

### ૨૦. ધંધાદારી જગ્યા



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# રિયાન પરાગની તોફાની ઈનિંગ એળે ગઈ: કોલકાતાએ છેલ્લા બોલે રાજસ્થાનને એક રનથી હરાવ્યું

કોલકાતાઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની મેચમાં કોલકાતા નાઈટ રાઇડર્સે રાજસ્થાન રોયલ્સને એક રનથી હરાવ્યું હતું. કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી મેચમાં રાજસ્થાનની ટીમને જીતવા માટે ૨૦૭ રનનો લક્ષ્યાંક મળ્યો હતો પરંતુ તે આઠ વિકેટ ગુમાવીને માત્ર ૨૦૫ રન જ કરી શકી હતી.આ રીતે કોલકાતાએ પ્લેઓફ માટે પોતાની આશા જીવંત રાખી છે. કોલકાતાએ આ મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને આન્દ્રે રસેલની તોફાની ઇનિંગ્સની મદદથી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૬ રન કર્યા હતા.

લક્ષ્યનો પીછો કરતી વખતે રાજસ્થાનની શરૂઆત સારી રહી ન હતી અને ટીમે ૭૧ રનના સ્કોર પર પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી રિયાન પરાગે શિમરોન હેટમાયર સાથે છઠ્ઠી વિકેટ માટે ૯૨ રનની ભાગીદારી કરી અને ટીમને મુશ્કેલીમાંથી બચાવી હતી.

મેચની છેલ્લી ઓવરમાં રાજસ્થાનને જીત માટે ૨૨ રનની જરૂર હતી. તે ઓવરમાં શુભમ દુબેએ બે છગ્ગા અને એક ચોગ્ગો ફટકારીને મેચને રોમાંચક બનાવી દીધી હતી. પરંતુ તે જીત માટે છેલ્લા બોલ પર જરૂરી ત્રણ રન કરી શક્યો નહીં. પહેલી જ ઓવરમાં વૈભવ સૂર્યવંશીની વિકેટ ગુમાવી દીધી હતી. ચાર રન કરીને વૈભવ ફાસ્ટ બોલર વૈભવ અરોરાનો શિકાર બન્યો હતો. ત્યારબાદ કુણાલ રાઠોડ ખાતું ખોલાવ્યા વિના મોઈન અલીના બોલ પર આઉટ થઈ ગયો હતો. અહીંથી, યશસ્વી જયસ્વાલ અને કેપ્ટન રિયાન પરાગ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૫૮ રનની ભાગીદારી થઈ હતી. આ ભાગીદારી મોઈન અલીએ તોડી હતી. યશસ્વી જયસ્વાલે ૨૧ બોલમાં ૫ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૩૪ રન કર્યા હતા.



રિયાન પરાગ



એન્ડ્રે રસેલ

ત્યારબાદ મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીએ એક જ ઓવરમાં ધ્રુવ જુરેલ (૦) અને વાનિંદુ હસરંગા (૦) ને આઉટ કરીને રાજસ્થાનનો સ્કોર પાંચ વિકેટે ૭૧ રન પર કરી દીધો હતો. અહીંથી રિયાન પરાગ અને શિમરોન હેટમાયર રાજસ્થાનને મેચમાં પાછું લાવ્યા હતા. પરાગ અને હેટમાયર વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૯૨ રનની ભાગીદારી થઇ હતી. હેટમાયર ૨૯ રન કરી આઉટ થયો હતો. પરાગે ૧૩મી ઓવરમાં મોઈન અલીના છેલ્લા પાંચ બોલ પર છગ્ગા ફટકાર્યા હતા. ત્યારબાદ તેણે ૧૪મી ઓવરમાં વરુણ ચક્રવર્તીના બીજા બોલ પર સિક્સર ફટકારી હતી.

અગાઉ કોલકાતા નાઇટ રાઇડર્સે આન્દ્રે રસેલની અડધી સદી અને છેલ્લી ઓવરમાં રિંકુ સિંહની વિસ્ફોટક ઇનિંગની મદદથી રાજસ્થાન રોયલ્સ માટે ૨૦૭ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. આ મેચમાં કોલકાતાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. કોલકાતા તરફથી રસેલે ૨૫ બોલમાં ચાર ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી અણનમ ૫૭ રન કર્યા હતા. જ્યારે રિંકુએ છ બોલમાં એક ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ ૧૯ રન ફટકાર્યા હતા. આ બંને બેટ્સમેનોની શાનદાર ઇનિંગ્સને કારણે કોલકાતાએ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૬ રન ફટકાર્યા હતા.

પ્રથમ બેટિંગ કરતા કોલકત્તાની શરૂઆત સારી નહોતી અને ટીમે ૧૩ રનના સ્કોર પર તેની પહેલી વિકેટ ગુમાવી દીધી હતી. યુદ્ધવીર સિંહે સુનીલ નારાયણને બોલ્ડ આઉટ કર્યો હતો. જેણે નવ બોલમાં એક ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૧ રન કર્યા હતા. બાદમાં કેપ્ટન અજિંક્ય રહાણે અને રહેમાનુલ્લાહ ગુરબાઝે બીજી વિકેટ માટે સારી ભાગીદારી કરી હતી. ગુરબાઝ ૨૫ બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૩૫ રન કરીને આઉટ થયો હતો. આન્દ્રે રસેલ અને અંગક્રિશ રઘુવંશી વચ્ચે ચોથી વિકેટ માટે ૬૧ રનની ભાગીદારી થઈ હતી. રઘુવંશીએ ૩૧ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૪૪ રન કર્યા હતા. આન્દ્રે રસેલ ૫૭ રન કરીને અણનમ રહ્યો હતો. રસેલે ૨૫ બોલની પોતાની ઇનિંગમાં છ છગ્ગા અને ચાર ચોગ્ગા ફટકાર્યા હતા. ■

# મેડ્રિડ ઓપન ટેનિસઃ આર્યના સબાલેન્કાએ જીત્યું ૨૦મું ટાઇટલ

મેડ્રિડઃ વિશ્વની નંબર વન ખેલાડી આર્યના સબાલેન્કાએ વિશ્વની ચોથા નંબરની ખેલાડી કોકો ગોફને સીધા સેટમાં હરાવીને મેડ્રિડ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં પોતાનું ત્રીજું અને કરિયરનું ૨૦મું ટાઇટલ જીત્યું હતું. સબાલેન્કાએ પ્રથમ સેટમાં શાનદાર પ્રદર્શન કર્યું અને કાજા મેજિકા ક્લે કોર્ટ પર અમેરિકન ખેલાડીને ૬-૩, ૭-૬ (૩) થી હરાવી હતી. સબાલેન્કાએ ૨૦૨૧ અને ૨૦૨૩માં મેડ્રિડમાં ટાઇટલ જીત્યું હતું. આ રીતે તેણીએ પેટ્રા ક્વિટોવાના ટૂર્નામેન્ટ રેકોર્ડની બરાબરી કરી હતી. બ્રિસ્બેન અને મિયામી પછી આ સબાલેન્કાનું વર્ષનું ત્રીજું ટાઇટલ પણ છે. ■

# આઈપીએલમાં પંજાબે લખનઉને ૩૭ રનથી હરાવ્યું

## અર્શદીપ સિંહે ઝડપી ત્રણ વિકેટ

ધર્મશાલાઃ અર્શદીપ સિંહ અને અઝમતુલ્લાહ ઉમરઝઈની ઘાતક બોલિંગની મદદથી પંજાબ કિંગ્સે લખનઉ સુપર જાયન્ટ્સને ૩૭ રનથી હરાવીને સીઝનની સાતમી જીત નોંધાવી હતી. રવિવારે ધર્મશાલામાં રમાયેલી આઇપીએલની ૫૪મી મેચમાં ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પંજાબે પ્રભસિમરન સિંહના ૯૧ રન અને કેપ્ટન શ્રેયસ ઐયરના ૪૫ રનની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ૨૩૬ રન કર્યા હતા. જવાબમાં લખનઉની ટીમ નિર્ધારિત ઓવરોમાં સાત વિકેટ ગુમાવીને માત્ર ૧૯૯ રન જ કરી શકી હતી.

૨૩૭ રનના લક્ષ્યાંકના જવાબમાં લખનઉની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. લખનઉને ત્રીજી ઓવરમાં જ પહેલો ઝટકો લાગ્યો હતો. મિશેલ માર્શ ખાતુ ખોલાવ્યા વિના જ અર્શદીપનો શિકાર બન્યો હતો. આ પછી તે જ ઓવરમાં એડન માર્કરામ પણ ૧૩ રન કરીને આઉટ થયો હતો. તેને અર્શદીપે બોલ્ડ કર્યો હતો. આ પછી અર્શદીપે નિકોલસ પૂરનને પણ આઉટ કર્યો હતો. કેપ્ટન પંત ફરી એકવાર નિષ્ફળ રહ્યો હતો. પંતે ફક્ત ૧૮ રન કર્યા હતા. ૧૦મી ઓવરમાં ડેવિડ મિલર પણ આઉટ થયો હતો. આ પછી અબ્દુલ સમદ અને આયુષ બદોની વચ્ચે ૪૧ બોલમાં ૮૧ રનની ભાગીદારી થઈ હતી. પરંતુ અબ્દુલ સમદ ૪૫ રન કરીને આઉટ થઈ ગયો હતો. આયુષે ૪૦ બોલમાં ૭૦ રનની ઇનિંગ રમી હતી. પંજાબ કિંગ્સે આ મેચ ૩૭ રનથી જીતી અને પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું છે. પહેલા બેટિંગ કરવા આવેલા પંજાબની શરૂઆત સારી રહી ન હતી. આકાશ મહારાજ સિંહે પહેલી જ ઓવરમાં પ્રિયાંશ આર્યને આઉટ કર્યો હતો. આ પછી પ્રભસિમરન સિંહ અને જોશ ઇંગ્લિશે વિસ્ફોટક બેટિંગ કરી હતી. પ્રભસિમરને ૩૦ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. કેપ્ટન ઐય્યર ૨૫ બોલમાં ૪૫ રન કરીને આઉટ થયો હતો. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| ઉમંગ | SUNSHINE |
| ઉદાસ | ANSWER |
| ઉત્તર | DELIGHT |
| ઉઘાડ | THRESHOLD |
| ઉંબરો | GLOOMY |

## ઓળખાણ પડી?



દેવભૂમિ દ્વારકામાં આવેલા શિવજી - ભોલેનાથના ખૂબ જ પ્રખ્યાત મંદિરની ઓળખાણ પડી? આ મંદિરમાં ૧૨૦૦ શાલિગ્રામ જોવા મળે છે.

અ) ભડકેશ્વર મહાદેવ બ) નાગેશ્વર જ્યોતિર્લિંગ
ક) કોટેશ્વર મહાદેવ ડ) ગળતેશ્વર મહાદેવ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રૂ | પાં | ૨ ત | ૩ રિ | ત | ■ | ૪ શ | ક્તિ | ૫ શા | ળી |
| ગુણા | ■ | ૬ મા | ત | ■ | ૭ સં | ગ | ■ | સ્ત્ર | ■ |
| ૮ લ | ૯ ગા | મ | ■ | ૧૦ ધા | તુ | ■ | ૧૧ શ | ■ | ૧૨ ઉ |
| ૧૩ ચ | મ | ■ | ૧૪ દા | બે | લી | ■ | રા | ■ | ત્થા |
| ■ | ૧૫ ડિ | ૧૬ સી | ઝ | ■ | ૧૭ ત | ૧૮ ન | બ | દ | ન |
| ૧૯ પ | યો | ધિ | ■ | ૨૦ ચ | ■ | દી | ■ | ■ | કા |
| રિ | ■ | ■ | ૨૧ હિં | મ | ૨૨ ત | ■ | ૨૩ લ | ૨૪ ઘ | ૨ |
| ૨૫ વ | લ્ક | લ | ■ | ૨૬ ક | બ | ૨ | ■ | સ | ■ |
| ર્તિ | ■ | ■ | ૨૭ દ | ■ | ડ | ■ | ૨૮ શ | ૨ | ૨૯ દ |
| ૩૦ ત | લ | સ્પ | ર્શી | ■ | ૩૧ ક | લ્યા | ણ | કા | રી |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | ૯ | | ■ | |
| ■ | ૧૦ | | ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | |
| ૧૩ | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | |
| ૧૬ | | ૧૭ | ■ | ■ | ૧૮ | | ■ | ૧૯ | ■ |
| | ■ | ૨૦ | | | | | ■ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | | ■ | ■ | | ■ | ૨૫ | | |
| ■ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | | ■ | |
| ૨૮ | | ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ | |
| ૩૨ | | | | | ■ | | ■ | ૩૩ | |

**આડી ચાવી**
૧. માત્ર વિવેકના શબ્દ (૬)
૫. મંદ, સુસ્ત (૩)
૭. ધોરણ, સ્તર (૨)
૮. કંપ યુક્ત, ધ્રૂજતું (૩)
૧૦. ભડવો, કોલસામાંથી નીકળતો પદાર્થ (૨)
૧૨. સંદેહ, વહેમ, અનુમાન (૨)
૧૪. બૂમ, રાડ (૨)
૧૫. ચિત્ર, વેલબુટ્ટા, છાપ (૨)
૧૬. ઉલટી (૩)
૧૮. બનારસ, વારાણસી (૨)
૨૦. બળદને ગળે લટકતી ચામડી (૫)
૨૧. મંડળી, બેઠક, મેળાવડો (૨)
૨૩. ના પાડવું તે (૩)
૨૫. ઓમકાર (૩)
૨૬. ભલે, સારું (૨)
૨૭. પુત્ર (૨)
૨૮. હંમેશાં (૪)
૩૦. 'હું'નું બહુવચન (૨)
૩૧. --- ઓળખ એટલે પોતાની ઓળખ (૨)
૩૨. પરિસ્થિતિ, સંજોગો (૫)
૩૩. શાલિવાહને ચલાવેલો સંવત (૨)

**ઊભી ચાવી**
૧. કથન, સુવાક્ય (૨)
૨. નોકર (૩)
૩. રક્ષણ કરવું તે (૨)
૪. બે આંકડાની પહેલી સંખ્યા (૨)
૫. દિલ્હીની એક પાર્ટી/પક્ષ (૨)
૬. અમે તમારી --- ઈચ્છીએ છીએ (૪)
૯. જે ધ્રૂજી શકે છે તે (૫)
૧૧. બાતલ, કેન્સલ (૨)
૧૩. પારાયણ, વારંવાર કરવું તે (૪)
૧૭. શહેર (૩)
૧૮. એક પક્ષી (૩)
૧૯. જૈનો-વૈષ્ણવો કાંદા --- ના ખાય (૩)
૨૨. ભાવનામય, લાગણીથી ભરેલ (૫)
૨૪. બાયલાપણું (૪)
૨૫. નકલ, હસ્તપ્રત (૨)
૨૬. જેનું મૃત્યુ નથી તે (૩)
૨૭. સારો મેળ (૩)
૨૮. --- વિના શ્વાસના લેવાય (૨)
૨૯. આગ (૨)
૩૧. આશા (૨)

## ગુજરાત મોરી મોરી રે

વિશ્રામ કરતી વેળાએ ભગવાન શ્રીકૃષ્ણને શિકારીએ ભૂલથી તીર માર્યું હતું, ત્યાર પછી તેમણે પૃથ્વી પર પોતાની લીલા સંકેલી નિજધામ પ્રસ્થાન કર્યું હતું એ ભાલકા તીર્થ કયા શહેરમાં છે?

અ) દ્વારકા બ) વેરાવળ
ક) સોનગઢ ડ) ધંધૂકા

## માતૃભાષાની મહેક

આગળ ઉલાળ અને પાછળ ધરાળ ન હોવો કહેવત સમજીએ. બળદોને ધૂંસરીએ જોડવામાં આવતા હોય છે. જો ધૂંસરી તરફ વજન વધારે હોય તો બળદ થાકી જાય. ધૂંસરીનું દબાણ આવે. આ સ્થિતિને ધરાળ કહે છે. જો એવું વજન પાછળ આવી જાય તો તેને ઉલાળ કહેવાય છે. કોઈ પણ જવાબદારી લેવાનો નકાર કે પરવા ન હોવી એ દર્શાવવા આ કહેવત વપરાય છે.

## સુડોકુ-૮૦૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૭ | | | ૬ | ૫ | |
| ૯ | | ૬ | ૨ | | | | | |
| | ૫ | ૪ | | | | ૭ | | |
| ૮ | | | | ૭ | | | ૯ | ૫ |
| | ૯ | ૭ | | ૫ | | ૨ | ૬ | |
| ૨ | ૩ | | | ૮ | | | | ૭ |
| | | ૩ | | | | ૧ | ૭ | |
| | | | | | ૬ | ૫ | | ૪ |
| | ૪ | ૨ | | | ૭ | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૧ | ૨ | ૪ | ૯ | ૮ | ૬ | ૩ |
| ૪ | ૩ | ૯ | ૮ | ૬ | ૭ | ૧ | ૫ | ૨ |
| ૮ | ૨ | ૬ | ૧ | ૫ | ૩ | ૪ | ૭ | ૯ |
| ૯ | ૧ | ૨ | ૬ | ૭ | ૮ | ૫ | ૩ | ૪ |
| ૬ | ૪ | ૭ | ૩ | ૯ | ૫ | ૨ | ૧ | ૮ |
| ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૬ | ૯ | ૭ |
| ૨ | ૯ | ૩ | ૫ | ૮ | ૬ | ૭ | ૪ | ૧ |
| ૧ | ૫ | ૮ | ૭ | ૩ | ૪ | ૯ | ૨ | ૬ |
| ૭ | ૬ | ૪ | ૯ | ૨ | ૧ | ૩ | ૮ | ૫ |

## ઈર્શાદ

રંગ કાળો, પીળો થયો જ નહીં,
એના દિલમાં દીવો થયો જ નહીં !
-- ભરત વિંઝુડા

## ચતુર આપો જવાબ
અર્થ જણાવો

'કોઈ કહે સાગરપેટી, કોઈ કહેતું ગાલાવેલી'માં ગાલાવેલી શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) નદી બ) ગરીબડી ક) ગાંડાઘેલા ડ) ગર્વિષ્ઠ

## માઈન્ડ ગેમ

જ્ઞાનમતી માતાજીના આશીર્વાદથી બાંધવામાં આવેલું જાંબુદ્વીપ દિગંબર દેરાસર કયા શહેરમાં સ્થિત છે એ વિકલ્પમાંથી ઓળખી કાઢો.

અ) જયપુર બ) હસ્તિનાપુર
ક) ભોપાલ ડ) વારંગલ

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| આસ્થા | FAITH |
| આદર | RESPECT |
| આસાન | EASY |
| આવકાર | WELCOME |
| આધાર | BASIS |

ગુજરાત મોરી મોરી રે: સિદ્ધપુર

ઓળખાણ પડી?: ઉજ્જૈન

માઈન્ડ ગેમ: ફિનલેન્ડ

ચતુર આપો જવાબ અર્થ જણાવો: ભૂસકો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) નુતન વિપીન શાહ (૨૦) પુષ્પા પટેલ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) મહેશ દોશી (૨૪) વિણા સંપટ (૨૫) અલકા વાણી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) દિપીકા દોશી (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) નિતિન જયંતીલાલ બજરિયા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ધીરેન ઉદેશી (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૬) અરવિંદ કામદાર (૪૭) અંબરીશ ઓઝા (૪૮) હિરીશ મનુભાઈ ભટ્ટ (૪૯) વિજય આસર

# અસ્થિરતા કેડો નહીં મૂકે, બજારની ચાલ પર ફેડ રેટના નિર્ણય, ઈન્ડો-પાક ટેન્શન અને કોર્પોરેટ પરિણામોની અસર વર્તાશે

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

મુંબઇઃ અમેરિકા સાથે સંભવિત વેપાર કરાર અંગેના આશાવાદ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની એકધારી લેવાલીના પ્રવાહને કારણે સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહમાં બજાર પોઝિટિવ ઝોનમાં આગળ વધાવમાં સફળ રહ્યું હતું, પરંતુ ભૂરાજકીય તણાવ અને ચાલુ ટેરિફ યુદ્ધ વચ્ચે વિશ્વબજારના નાજુક વાતાવરણને કારણે ઇક્વિટી સંદર્ભે રોકાણકારો સાવચેતીનો અભિગમ દાખવશે. ખાસ કરીને પાકિસ્તાન ભારત પર લક્શરી હુમાલો ન કરી દે એની ચિંતા છે.

બજારના વિશ્લેષકો જણાવે કે યુએસ ફેડરલના વ્યાજ દરના નિર્ણય, વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ અને કોર્પોરેટ્સ તરફથી ત્રિમાસિક કમાણીના આંકડા આ અઠવાડિયે ઇક્વિટી માર્કેટમાં મોટાભાગે ગતિ લાવશે. અલબત્ત, પહેલગામ આતંકવાદી હુમલા સંદર્ભે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલો તણાવ પણ રોકાણકારોના રડાર પર રહેશે. એ જ સાથે, આ અઠવાડિયે મેક્રોઇકોનોમિક ડેટા જાહેરાતોમાં, મેન્યુફેક્ચરિંગ બાદ સર્વિસ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ પર પણ રોકાણકારોની નજર રહેશે.

અમેરિકા સાથેની વ્યાપારી વાટાઘાટ સારી રીતે પાર પડવાની આશા સાથે સ્થાનિક સ્તરે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી લેવાલીના ટેકાએ બેન્ચમાર્કે અફડાતફડીમાંથી પસાર થઇને પોઝિટિવ ઝોનમાં આગળ વધવામાં સફળતા મેળવી હતી. સપ્તાહને અંતે સેન્સેક્સ ૮૦,૫૦૧.૯૯ પોઇન્ટના, જ્યારે નિફ્ટી ૨૪,૩૪૬.૭૦ સ્તરે સ્થિર થયો હતો.

ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક ૧,૨૮૯.૪૬ પોઈન્ટ અથવા ૧.૬૨ ટકા ઊછળ્યો હતો અને એનએસઇ નિફ્ટી ૩૦૭.૩૫ પોઈન્ટ અથવા ૧.૨૭ ટકા ઊછળ્યો હતો.

પોઝિટિવ પરિબળો જોઇએ તો, એપ્રિલમાં ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) કલેક્શન વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકા વધીને લગભગ ૨.૩૭ લાખ કરોડ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું હોવા સાથે ભારતીય ઉત્પાદન એપ્રિલમાં જૂન ૨૦૨૪ પછી સૌથી ઝડપી ગતિએ વધ્યું છે. એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) માર્ચના ૫૮.૧ના સ્તર સામે વધીને એપ્રિલમાં ૫૮.૨ થયો, જે દસ મહિના માટે ક્ષેત્રના સ્વાસ્થ્યમાં સૌથી મજબૂત સુધારો દર્શાવે છે.

આ અઠવાડિયું ખૂબ જ મહત્વપૂર્ણ છે, જેમાં સ્થાનિક અને વૈશ્વિક સ્તરે મુખ્ય પરિબળોનો સમાવેશ થાય છે. ટેરિફના મોરચે અને પાકિસ્તાન સાથેના ભૂ-રાજકીય તણાવ અંગેના ઘટનક્રમ પર નજર રહેશે.

જ્યારે વૈશ્વિક મોરચે, ફેડ વ્યાજ દરનો નિર્ણય સાતમી મેના રોજ જાહેર થવાનો છે.

કોર્પોરેટ કમાણીના મોરચે, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોલ ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ, લાર્સન એન્ડ ટુબ્રો અને ટાઇટન સહિતની અગ્રણી કંપનીઓ સપ્તાહ દરમિયાન તેમના ત્રિમાસિક પરિણામો જાહેર કરશે.

અગ્રણી એનાલિસ્ટે જણાવ્યું હતું કે, અમેરિકામાં સંભવિત મંદી અને ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સરહદી તણાવ અંગેની ચિંતાઓ પણ બજારના મૂડ પર અસર કરે છે. ચાલુ ભૂ-રાજકીય તણાવ વચ્ચે નજીકના ભવિષ્યમાં સ્થાનિક બજારો સાવચેત રહેવાની અપેક્ષા છે, જોકે હાલમાં કોઈ તીવ્ર કરેક્શનની અપેક્ષા નથી.

વૈશ્વિક સ્તરે, અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર તણાવમાં ઘટાડો, નબળા પડતા યુએસ ડોલર સાથે, ભારત જેવા ઉભરતા બજારો માટે મધ્યમ ગાળાના હકારાત્મક તરીકે જોવામાં આવે છે.

જોકે, યુએસ જીડીપી વૃદ્ધિમાં નોંધાયેલા ઘટાડાથી અનિશ્ચિતતામાં ઓર ઉમેરો થયો છે. આ સંદર્ભમાં ફેડરલ ઓપન માર્કેટ કમિટીની બેઠક દરમિયાન વ્યાજ દરો અને ફુગાવા અંગે ફેડરલ રિઝર્વના ચેરમેન તરફથી આવનારી ટિપ્પણીઓ પર ચાંપતી નજર રાખવામાં આવશે અને તે બજારની દિશાને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરી શકે છે. પાછલા ૧૨ ટ્રેડિંગ દિવસોમાં એફઆઇઆઇ સતત ખરીદદારો રહ્યા છે.

એફઆઇઆઇની વ્યૂહરચનાના આ ઉલટાવા પાછળ બે મુખ્ય પરિબળો છે. એક ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા પારસ્પરિક ટેરિફમાં ૯૦ દિવસના વિરામની જાહેરાતથી વૈશ્વિક ઇક્વિટી બજારોમાં રિકવરી આવી. આ રિકવરીમાં ભારતે સારો દેખાવ કર્યો.

બીજો મુદ્દો એ કે, ડોલરમાં નબળાઈને કારણે ભારત સહિતના ઇમર્જિંગ માર્કેટ વિદેશી રોકાણકારો માટે વધુ લાભદાયી બન્યા છે. ૧૧ જાન્યુઆરીના રોજ ડોલર ઇન્ડેક્સ ૧૧૧ સામે ૯૯ સુધી પહોંચવાથી તાજેતરમાં ઉભરતા બજારો, ખાસ કરીને ભારતમાં એફઆઇઆઇના પ્રવાહમાં વધારો થયો છે.

એકંદરે, બજાર હકારાત્મક પૂર્વગ્રહ સાથે વ્યાપક શ્રેણીમાં એકીકૃત થાય એવી સંભાવના છે.

નાણાકીય પરિણામોને આધારે બજારમાં શેરલક્ષી કામકાજમાં વધારો જોવા મળશે, જોકે ભૌગોલિક રાજકીય તણાવને કારણે બજારમાં અસ્થિરતાની ધારણાં છે.

કોર્પોરેટ હલચલમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ શનિવારે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં તેના સંયુક્ત ચોખ્ખા નફામાં ૮.૩૪ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો, જે એક વર્ષ પહેલા રૂ. ૨૧,૩૮૪ કરોડ હતો, જે ચોખ્ખા વ્યાજ માર્જિનમાં ઘટાડાને કારણે પ્રભાવિત થયો હતો.

અદાણી પોર્ટસે માર્ચ ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૫૦ ટકાનો ઉછાળો નોંધાવ્યો છે.

અદાણી એન્ટપ્રાઇઝે ચોથા ક્વાર્ટરના પરિણામમાં પાછલા વર્ષના સમાન સમયગાળાના રૂ. ૪૫૦.૫૮ કરોડ સામે ૭.૫૦ ગણો ઉછાળા સાથે રૂ. ૩૮૪૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ગોદરેજ પ્રોપર્ટીઝનો ચોથા ક્વાર્ટરનો નફો ૧૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૮૨ કરોડ નોંધાયો છે. ગેન્સોલ એન્જિનિયરિંગમાં સતત ૧૬માં દિવસે પાંચ ટકાની નીચલી સર્કિટ લાગી છે. હિરો મોટોકોર્પના ચાર પ્લાન્ટમાં ત્રણ દિવસ ઉત્પાદન સ્થગિત રહ્યું હોવાથી એપ્રિલમાં તેના ડિસ્પેચમાં ૪૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

દરમિયાન, અમેરિકામાં યીલ્ડમાં વધારો અને ભૂરાજકીય તણાવ વચ્ચે વિદેશી રોકાણકારોએ ભારતીય બોન્ડમાંથી રૂ. ૧૩,૩૫૯ કરોડ ઉપાડી લીધા છે.

વૈશ્વિક બોન્ડ સૂચકાંકોમાં સ્થાનિક દેવાનો સમાવેશ થયા પછી એપ્રિલમાં વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય બોન્ડનું ચોખ્ખું વેચાણ સૌથી વધુ વધ્યું હતું.

ભારતીય બોન્ડની વેચવાલીનો આ વધારો અમેરિકામાં ઊંચા વળતરના સતત આકર્ષણ અને મહિનાના ઉત્તરાર્ધમાં પાકિસ્તાન સાથે વધતા તણાવની અસરને પ્રતિબિંબિત કરે છે, એમ બજાર નિષ્ણાતોએ જણાવ્યું હતું.

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) પહેલાં પ્રમોટર્સ, ડિરેક્ટર્સ અને પાત્ર સંસ્થાકીય ખરીદદારો સહિત મુખ્ય શેરધારકો દ્વારા રાખવામાં આવેલા શેરનું ડિમટીરિયલાઈઝેશન ફરજિયાત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે સ્ટોક બ્રોકર્સ, નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપનીઓ અને સિક્યોરિટીઝ ધરાવતી અન્ય કોઈપણ નિયમનકારી સંસ્થાઓને ઓફર દસ્તાવેજ ફાઇલ કરતા પહેલા ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં આવા હોલ્ડિંગ રાખવાની જરૂર પડશે. ■

# ભારતના કડક પગલાં બાદ કંગાળ પાકિસ્તાન વધુ ધોવાશે

મુંબઈ : ભારતે કંગાળ પાકિસ્તાનની તમામ આયાત બંધ કરવાનો નિર્ણય લીધો હોવાથી તેની માલી હાલત વધુ કથળશે. પાકિસ્તાન પાસેનો શસ્ત્રસંરજામ પણ જો યુદ્ધ થાય તો માત્ર ૯૬ કલાક ચાલી શકે એટલો જ બચ્યો હોવાનું જાણવા મળે છે. કુલ ૧૯૪ દેશોની યાદીમાં ફોરેક્સ રિઝર્વની દ્રષ્ટિએ ભારત ચોથા સ્થાને છે જ્યારે પાકિસ્તાનનું સ્થાન ૬૮મું હોવાનું ડેટામાં જણાવાયું છે. ભારત પાસે રહેલા ફોરેક્સ રિઝર્વ (વિદેશી હૂંડિયામણની અનામત)ની સરખામણીએ પાકિસ્તાનના ફોરેક્સ રિઝર્વનો આંક બે ટકાથી સહેજ વધુ હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે. પાકિસ્તાન સાથેના વેપાર સંબંધો ભારતે હવે કાપી નાખ્યા હોવાથી ફોરેક્સ રિઝર્વના દ્રષ્ટિકોણથી પાકિસ્તાનની સ્થિતિ વધુ વણસી જવાની શકયતા જોવાઈ રહી છે. ■

# વિદેશી ફંડોએ ભારતીય શેરબજારમાં ₹ ૪,૨૨૩ કરોડ ઠાલવ્યા

મુંબઇઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ત્રણ મહિનાની વેચવાલીનો દોર બાદ, વૈશ્વિક સંકેતો અને મજબૂત ફંડામેન્ટલ્સ વચ્ચે એપ્રિલમાં ભારતીય શેરબજારમાં રૂ. ૪,૨૨૩ કરોડ ઠાલવ્યા છે. માર્ચમાં રૂ. ૩,૯૭૩ કરોડ, ફેબ્રુઆરીમાં રૂ. ૩૪,૫૭૪ કરોડ અને જાન્યુઆરીમાં રૂ. ૭૮,૦૨૭ કરોડના ચોખ્ખા આઉટફ્લો પછી ગયા મહિને વિદેશી મૂડીનો પ્રવાહ ઠલવાતો જોવા મળ્યો છે.

વિદેશી રોકાણકારોએ એપ્રિલમાં દેશના ઇક્વિટી બજારમાં રૂ. ૪,૨૨૩ કરોડ ઠાલવ્યા છે કારણ કે તેઓ અનુકૂળ વૈશ્વિક સંકેતો અને મજબૂત સ્થાનિક ફંડામેન્ટલ્સના મિશ્રણ વચ્ચે ત્રણ મહિનામાં પ્રથમ વખત ચોખ્ખા ખરીદદારો એટલે કે નેટ બાયર્સ બન્યા છે. તાજેતરના પ્રવાહે ૨૦૨૫માં અત્યાર સુધીના આઉટફ્લોને ઘટાડીને રૂ. ૧.૧૨ લાખ કરોડ કરવામાં મદદ કરી છે.

બજારના નિષ્ણાતો માને છે કે, આગળ જતાં એફઆઇઆઇ પ્રવાહ સ્થિર રહી શકે છે, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૫માં લગભગ પાંચ ટકાની સામાન્ય કમાણી વૃદ્ધિને કારણે તે મર્યાદિત રહેશે. ડિપોઝિટરીઝ સાથેના ડેટા અનુસાર, સમગ્ર એપ્રિલમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફઆઇઆઇ)એ ઇક્વિટીમાં રૂ. ૪,૨૨૩ કરોડનું ચોખ્ખું રોકાણ કર્યું છે.ભારતના ઇક્વિટી બજારોમાં એપ્રિલમાં એફઆઇઆઇ પ્રવૃત્તિમાં તીવ્ર પુનરુત્થાન જોવા મળ્યું છે, જે આ વર્ષની શરૂઆતમાં જોવા મળેલા આઉટફ્લોથી નોંધપાત્ર વિપરીતતાનો સંકેત આપે છે. આ નવી ગતિ અનુકૂળ વૈશ્વિક સંકેતો અને મજબૂત સ્થાનિક ફંડામેન્ટલ્સના મિશ્રણ દ્વારા આધારભૂત હતી જેણે રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો હતો.

આ વલણ પાછળના મુખ્ય ઉત્પ્રેરકોમાંનું એક સંભવિત યુએસ-ભારત વેપાર કરાર માટે સુધારણાનું ભવિષ્ય છે. વધુમાં, અમેરિકન ડોલરના નબળા પડવા અને ભારતીય રૂપિયાના મજબૂત થવાથી વૈશ્વિક રોકાણકારોમાં ભારતીય એસેટ્સનું આકર્ષણ વધ્યું છે. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

સેન્ટ્રલ ખરીદી વિભાગ

૫૬૬, N.M. જોષી માર્ગ, ભાયખલા, મુંબઈ-૧૧

નં. ડે. ચી. એન્જિ./CPD/૧૨/TDR/A.E.૩ તા. ૦૨.૦૫.૨૦૨૫

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | D.M.C. (સેન્ટ્રલ ખરીદી વિભાગ), ભાયખલા (પ), મુંબઈ-૪૦૦૦૧૧ની ઓફિસ. |
| સેક્શન | ડે. ચીફ એન્જિનિયર (M & E) CPD |

| ઈ-ટેન્ડર ID | વિષય |
|---|---|
| ૨૦૨૫_MCGM_૧૧૭૬૦૦૩_૧ | ''શિક્ષણ વિભાગના BMC વિદ્યાર્થીઓને પૂરક પોષણ-ઉર્જા બાર્સની સપ્લાય'' |

| | |
|---|---|
| ટેન્ડર તારીખ | ૦૫.૦૫.૨૦૨૫ ૧૨.૦૦ ક. થી ૨૬.૦૫.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટીસ અંગે ઈશ્યૂ કરાયેલ કોઈપણ સુધારા MCGM પોર્ટલ અને મહાટેન્ડર્સ પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં. |
| પ્રી-બીડ મિટિંગ તારીખ અને સમય | તારીખ ૧૩.૦૫.૨૦૨૫ બ. ૦૩.૦૦ ક. |
| પ્રી-બીડ મિટિંગનું સ્થળ | સેન્ટ્રલ ખરીદી વિભાગ, કોન્ફરન્સ હોલ, ૧લો માળ, ૫૬૬, N.M. જોષી માર્ગ, ભાયખલા (પ), મુંબઈ-૪૦૦૦૧૧. |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ નામઃ ઓફિસ નં. ઈ-મેલ id | શ્રી વિવિયન બી. કોલેકર - આસી. એન્જિનિયર-૩ (M&E) CPD ae03.cpd@mcgm.gov.in ૦૨૨-૨૩૦૮૩૧૬૧/૬૨/૬૩ એક્ટે. ૨૧૭ |

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરના આદેશથી

સહી/-

PRO/296/ADV./2025-26 ડે. ચીફ એન્જિનિયર (M&E) CPD

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**TENDER NOTICE**

INVITATION OF BIDS FOR APPOINTMENT OF PROJECT MANAGEMENT CONSULTANT (PMC)

**MAHAVIR NAGAR CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED**

(Reg. No.: BOM-HSG-847 of 1965) D.G. Palkar Street, L. T. Road, Borivali (W), Mumbai - 92.

**Sealed tenders are invited from reputed and experienced Project Management Consultants (PMC) for providing end-to-end consultancy services for redevelopment of Mahavir Nagar Co-operative Housing Society Limited on Private land lease admeasuring 2727.50 sq.mtr. bearing CTS NO.- 692 (1 to 6) having FP No.119 TPS III in Revenue Village- Borivali Taluka Borivali in the Mumbai Suburban District under the provisions of Section 79(A) of the Maharashtra Cooperative Societies Act, 1960 and as per the guidelines issued by the Government of Maharashtra. Building consisting total 70 (Residential and commercial) Members.**

**Scope of Work:** Feasibility study, project report and financial analysis, Appointment assistance for Legal Advisor, Contractor/Developer, Preparation of tender documents, Monitoring of project execution (technical and financial), Periodic reporting to Society and regulatory authorities, Liaison with Authorities for necessary approvals, **Eligibility Criteria:** Minimum 5 years' experience in similar PMC services for redevelopment projects, Completed at least 3 housing society redevelopment PMC projects in Mumbai/Thane/Navi Mumbai, Registered legal entity with GST, PAN and Professional Tax registration, Not blacklisted by any government or private organization, Knowledge of DCPR 2034, MHADA norms, RERA compliance, **Submission Place:** Society Office of Mahavir Nagar Co-operative Housing Society Limited D.G. Palkar Street, off L. T. Road, Borivali (W), Mumbai-400092. **Tender Fees:** Rs. 3000/- (non-refundable) payable by DD/Banker's Cheque. **Tender Documents:** Interested PMCs may obtain detailed tender documents from the Society office between 1 pm to 4 pm on payment of tender fees from 5th May 2025 to 18th May 2025. **Tender Submission: Last Date for Submission: 18th May 2025.** Selection Process: Selection will be done through a two-bid system:

**1. Technical Bid**
(Experience, Methodology, Capacity)
**2. Financial Bid** (Fees & Charges)
The Society reserves the right to accept or reject any or all offers without assigning any reason.

FOR MAHAVIR NAGAR CO-OP. HSG. SOC. LTD.,
HON. SECRETARY / CHAIRMAN

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસીલે સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે, તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે અને ખાલી અને શાંતિદાયક કબજા સાથે તેને સંલગ્ન તમામ હક્કો અને બેનીફીટ્સ સાથે અહીં નીચે લખેલ **પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ રહેણાંક પ્રિમાઈસીસ (''**સદર પ્રીમાઈસીસ**'')ની બાબતમાં તેના તમામ હિસ્સા, હક્ક, ટાઈટલ અને હિતના સંપાદન માટે ૬૦૩, રાજમાલા બિલ્ડિંગ, ૮૭B - નેપિયન સી રોડ, મુંબઈ ૪૦૦૦૦૬ ખાતે રહેતા, **નિશિત હસમુખભાઈ મહેતા (''ટ્રાન્સફેરર'')** સાથે વાટાઘાટો કરેલ છે.

તમામ શખ્સો જે સદર પ્રીમાઈસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઇક્વીટેબલ કે બીજી રીતે), ભેટ, ટ્રસ્ટ, વારસો, પારિવારિક વ્યવસ્થા, પાર્ટીશન, પાર્ટનરશીપ, નિભાવ, બીક્વેસ્ટ, કબજો, લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીયન, ચાર્જ, પ્રી-એમ્પ્શન હક્કો, પ્લેજ, ગેરંટી, ઇઝમેન્ટ, લોન્સ, એડવાન્સીઝ, લીસ-પેન્ડન્સ, ઇંજંક્શન કે જપ્તી, કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, હુકમ કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બિટ્રેશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે આપેલા સરનામે આ નોટિસ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સોના દાવા કંઈ હશે તો ત્યજી દીધેલ અને / કે છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતમાં બંધનકર્તા રહેશે નહીં અને અમારા અસીલો લેવડદેવડ આગળ વધારશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**

સોસાયટી સાથે ટ્રાન્સફરરની ક્રેડીટમાં રહેલ સિંકિંગ ફંડ ડિપોઝિટ સહિત તમામ રકમો, ફંડ્સ અને ડિપોઝિટ્સમાં તમામ તેને લગતા હક્ક, ટાઈટલ, હિત અને બેનિફિટ સાથે મલબાર હિલ કંબાલા હિલ ડિવિઝન ૮૭B, નેપિયન સી રોડ, મુંબઈ ૪૦૦૦૦૬નો C. S. નં. ૨૩૫ ધરાવતા પ્લોટ પર આવેલ, પડેલ અને રહેલ **''રાજમાલા''** તરીકે જાણીતી બિલ્ડિંગની કાર પાર્કિંગ નં. ૬૦૩ ધરાવતી ૧ કાર પાર્કિંગ જગ્યાઓના વપરાશના હક્ક સાથે ૬ઠ્ઠા માળ પર ભરતમાં ૯૬.૧૯ ચો. મી. એટલે કે ૧૦૩૫ ચો. ફૂટ કાર્પેટ એરિયાનો **ફ્લેટ નં. ૬૦૩** તથા રજીસ્ટ્રેશન નં. BOM/HSG ૮૯/૧૯૬૮ હેઠળ બોમ્બે કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ, ૧૯૬૦ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ એક સોસાયટી, રાજમાલા પ્રિમાઈસીસ કો-ઓપરેટીવ સોસાયટી લિ. દ્વારા ઈશ્યૂ કરાયેલ તે તમામ (i) તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૯ના શેર સર્ટિફિકેટ નં. ૯૫માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૨૧૯૩૮ થી ૨૨૪૯૭ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦/-ની મૂળ કિંમતના ૬૬૦ ફુલ્લી પેઈડ-અપ શેર્સ (ii) તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૬૯ના, શેર સર્ટિફિકેટ નં. ૩૩માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૧૬૧ થી ૧૬૫ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦/-ની મૂળ કિંમતના ૫ ફુલ્લી પેઈડ-અપ શેર્સ.

આજ તા. ૫મી મે, ૨૦૨૫

LAW POINT
ADVOCATES & SOLICITORS

૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, ગુરુનાનક હોસ્પિટલ પાછળ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.

ઈ-મેઈલઃ response@lawpointindia.com

## ગુજરાત

# ચંડોળામાં સર્વે પૂર્ણ, બીજા તબક્કાનું ડિમોલિશન થશેઃ ૧૫૦૦થી વધુ બાંગ્લાદેશીઓની અટક કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા ખાતે ડિમોલિશન કાર્યવાહી અંગે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પહલગામમાં હુમલા બાદ કેન્દ્રીય અને રાજ્ય સરકાર એલર્ટ મોડ ઉપર છે. દેશના રાજ્યોમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશી ઉપર તવાઈ બોલાવવામાં આવી છે. જેમાં ખાસ કરીને રાજ્ય પોલીસ દ્વારા ગેરકાયદે બાંગ્લાદેશીઓની અટક કરવામાં આવી છે. ત્યારબાદ તેઓની વેરિફિકેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, તમામ લોકોને હવે તેમના દેશ ડિપોર્ટ કરવામાં આવશે.

હર્ષ સંઘવીએ વધુમાં કહ્યું હતું કે, છે. જેમાં સુરતમાં ૨૨૭, અમદાવાદમાં ૮૯૦, રાજકોટમાં ૩૦૦થી વધારે બાંગ્લાદેશી લોકોની અટક કરવામાં આવી હતી. ત્યારબાદ ચંડોળા વિસ્તારમાં ડિમોલિશન કરાયું હતું. ચંડોળામાં ડિમોલિશન માટે છેલ્લા એક વર્ષથી કવાયત હાથ ધરવામાં આવી હતી. આ ડિમોલિશનમાં કુલ ૧૭ વિભાગ જોડાયા હતા. ભૂપેન્દ્ર પટેલને આ બાબતે ચર્ચા કર્યા બાદ ડિમોલિશન કેવી રીતે કરાય તેની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં ડિમોલેશન બાદ મનપા નવીનીકરણની કામગીરી કરવાનું આયોજન કરશે. રૂપિયા ૩૬ કરોડ ૩૮ લાખના ખર્ચે ડેવલપમેન્ટની કામગીરી આ વિસ્તારમાં કરવામાં આવશે. જેમાં બીઆરટીએસ ટ્રેક, વોક વે, જીમ ઈવેન્ટ શેડ, બ્રેડ રૂમ, ગ્રુમ રૂમ સહિતની સુવિધા ઊભી કરવામાં આવશે. આ સિવાય ચંડોળા તળાવ પર ડ્રેનેજ લાઈન પમ્પિંગ સ્ટેશને ખંભાતી કૂવા બનાવવામાં આવશે. ત્યારે આગામી સમયમાં રહેણાંક મકાનો પણ બનાવવાનું આયોજન મનપા કરશે. ■

# આજે ધોરણ ૧૨ ના વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (જીએસઈબી) દ્વારા લેવાયેલી ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૪.૨૩ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. આ વિદ્યાર્થીઓ સાથે સાથે વાલીઓ પણ પરિણામ જાહેર થવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે ત્યારે આવતીકાલે સોમવારે બોર્ડની વેબસાઇટ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવશે. ધોરણ ૧૨ ના વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પરિણામ સવારે ૧૦.૩૦ વાગ્યે બોર્ડની વેબસાઇટ પર પોતાનો બેઠક ક્રમાંક(સીટ નંબર) દાખલ કરી મેળવી શકશે. એટલું જ નહીં પરંતુ વોટ્સ એપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલશો તો પણ પરિણામ મેળવી શકશો. રાજ્યના શિક્ષણ પ્રધાન દ્વારા આની સત્તાવાર જાણકારી આપવામાં આવી હતી

પરિણામની જાહેરાત કરતા શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોરે લખ્યું હતું કે, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં યોજાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજકેટ-૨૦૨૫ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનું પરિણામ તારીખ ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે બોર્ડની સત્તાવાર વેબસાઇટ જાહેર કરવામાં આવશે. ■

# ભારે પવનના કારણે સુરક્ષાના ભાગરૂપે ગિરનાર રોપ-વે સેવા સ્થગિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના પ્રસિદ્ધ ગિરનાર પર્વત પર રવિવાર સવારથી ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. રોપવે સંચાલક કંપની ઉષા બ્રેકોએ યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સેવા અસ્થાયી રૂપે બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. વહેલી સવારથી જ ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો હતો. પવનની ઝડપમાં નોંધપાત્ર વધારો થયો હતો. શિખર વિસ્તારમાં પવનની તીવ્રતા વધુ હોવાથી ટેકિનકલ સુરક્ષાની દૃષ્ટિએ રોપવે સંચાલન જોખમી બની ગયું હતું. ભારે પવનના કારણે રોપવે સેવા સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો. રોપ-વે સંચાલકોએ આ અંગે જણાવ્યું હતું કે પ્રવાસી અને યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલમાં પવનની ગતિ ખૂબ જ વધારે હોવાથી પ્રવાસીઓ માટે રોપ-વેની મુસાફરી સુરક્ષિત નથી. પવનની ગતિ સામાન્ય થયા બાદ રોપ-વે સેવાને રાબેતા અનુસાર શરૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ રાજ્યનાં હવામાન વિભાગ દ્વારા રવિવારથી શુક્રવાર એમ આગામી ૬ દિવસ ગુજરાતમાં ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાવવા ઉપરાંત ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. જેના કારણે રોપ-વે સેવા ક્યારે ફરી શરૂ થશે તે અંગે હાલમાં કોઈ ચોક્કસ સમય જણાવી શકાય તેમ નથી. ■

# ગુજરાતે એપ્રિલ ૨૦૨૫માં ₹૧૪૯૭૦ કરોડનો જીએસટી વસૂલ્યો, વાર્ષિક ધોરણે ૧૩ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતે એકવાર ફરીથી આર્થિક મોરચે પોતાની તાકાત દર્શાવી છે. નાણાં મંત્રાલય તરફથી જાહેર કરેલા છેલ્લા સત્તાવાર આંકડા મુજબ, એપ્રિલ ૨૦૨૫માં ગુજરાતની જીએસટી વસૂલાત વાર્ષિક ધોરણે ૧૩ ટકાના ગ્રોથ સાથે રૂ.૧૪,૯૭૦ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગઇ છે. આ માત્ર રાજ્યની મજબૂત બની રહેલી આર્થિક પ્રવૃત્તિઓને જ દર્શાવતું નથી, પણ રાજ્ય સરકારની વ્યવસાયો માટેની અનુકૂળ નીતિઓ અને કાર્યક્રમોની સફળતાનું પ્રતિબિંબ પણ છે. આ આંકડા ભારતના કુલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં ગુજરાતના મહત્ત્વપૂર્ણ યોગદાનને પણ દર્શાવે છે.

એપ્રિલ ૨૦૨૫માં ગુજરાતનું જીડીપી કલેક્શન રૂપિયા ૧૪,૯૭૦ કરોડ રહ્યું છે, જે એપ્રિલ ૨૦૨૪ના રૂપિયા ૧૩,૩૦૧ કરોડની સરખામણીએ ૧૩ ટકાનો વધારો દર્શાવે છે. જીડીપી કલેક્શનના મામલે ગુજરાત મહારાષ્ટ્ર (રૂપિયા ૪૧,૬૪૫ કરોડ) અને કર્ણાટક (રૂપિયા ૧૭,૮૧૫ કરોડ) પછી દેશમાં ત્રીજા ક્રમે છે. જોકે, જીડીપી કલેક્શનના ગ્રોથની દ્રષ્ટિએ જોઇએ તો એપ્રિલ ૨૦૨૪માં મહારાષ્ટ્રનો ગ્રોથ ૧૩ ટકા હતો, જે એપ્રિલ ૨૦૨૫માં ઘટીને ૧૧ ટકા થયો છે. જ્યારે ગુજરાતે ૧૩ ટકાનો પોતાનો ગ્રોથ જાળવી રાખ્યો છે. એટલું જ નહીં, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતે જીડીપીમાંથી રૂપિયા ૭૩,૨૮૧ કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત કરી હતી, જે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના રૂપિયા ૬૪,૧૩૩ કરોડની સરખામણીએ ૧૪ ટકાનો વધારો દર્શાવે છે.

ગુજરાતે રૂપિયા ૧૪,૯૭૦ કરોડનું રેકોર્ડ જીડીપી કલેક્શન કરીને તમિળનાડુ (રૂપિયા ૧૩,૮૩૧ કરોડ), મધ્યપ્રદેશ (રૂપિયા ૫,૩૦૨ કરોડ), પશ્ચિમ બંગાળ (રૂપિયા ૮,૧૮૮ કરોડ), રાજસ્થાન (રૂપિયા ૬,૨૨૮ કરોડ), ઉત્તર પ્રદેશ (રૂપિયા ૧૩,૬૦૦ કરોડ), પંજાબ (રૂપિયા ૩,૧૦૪ કરોડ), હરિયાણા (રૂપિયા ૧૪,૦૫૭ કરોડ) અને બિહાર (રૂપિયા ૨,૨૯૦ કરોડ) જેવાં અનેક રાજ્યો કરતા આગળ રહ્યું છે.

રાષ્ટ્રીય સ્તરે ભારત સરકારે એપ્રિલ ૨૦૨૫માં રૂપિયા ૨,૩૬,૭૧૬ કરોડની રેકોર્ડ જીડીપી આવક પ્રાપ્ત કરી હતી, જે ગયા વર્ષની સમાન અવધિની સરખામણીએ ૧૨.૬ ટકા વધુ છે. આ રીતે ગુજરાતનો જીડીપી વસૂલાતનો ગ્રોથ રાષ્ટ્રીય સરેરાશથી પણ વધુ છે. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ક્વોટેશન નોટીસ**

ACHW/Gen/૨૩૩/AEM/ તા. ૨/૫/૨૦૨૫

| | |
|---|---|
| ટેન્ડર ID નં. | - |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) |
| વિષય | ૨૪૦ કેવોટ H પશ્ચિમ વોર્ડ ઓફિસની સોલાર PV સિસ્ટમનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. |
| ટેન્ડરની કિંમત | રૂ. ૨,૭૦,૭૫,૯૨૦.૦૦ |
| બીડ સુરક્ષા ડિપોઝીટ / બારડી | રૂ. ૨,૭૦,૫૦૦.૦૦ |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૦૬/૦૫/૨૦૨૫ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય અને બીડ સુરક્ષા ડિપોજિટની પ્રાપ્તિ | ૨૦/૦૫/૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B અને પેકેટ C ની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૧/૦૫/૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A & B ખુલશે | ૨૨/૦૫/૨૦૨૫ ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ C ખુલશે (ઓનલાઈન) | ૨૭/૦૫/૨૦૨૫ ૧૧.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | આસીસ્ટન્ટ કમિશનર H/પશ્ચિમ વોર્ડ રજી હસનાબાદ લેન, ખાર (પ), મુંબઈ-૪૦૦૦૫૨ની ઓફિસ. ઈ-મેલ- aemaint02.hw@mcgm.gov.in |
| બીડ ખોલવાનું સ્થળ | AE (મેઈન્ટ) H/પશ્ચિમ ઓફિસમાં ઓનલાઈન |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.**

BMC કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે પ્રાપ્ત થયેલ કોઈપણ અરજી સ્વીકારવા કે કોઈપણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-

PRO/303/ADV./2025-26 આસીસ્ટન્ટ કમિશનર H/પશ્ચિમ વોર્ડ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

મહાયુતિમાં શીત યુદ્ધ

# અજિતદાદા અને એકનાથ શિંદે એકબીજાના કાર્યક્રમમાં ગેરહાજર

મુંબઈ: રખડી પડેલા વાલી પ્રધાનપદના વિવાદ... ભંડોળની મંજૂરી ન મળવી ... ફાઇલો અટવાઈ જવી ... જેવા કારણોને લીધે શિવસેના અને એનસીપી વચ્ચે ઘણીવાર ટકરાવ થયો છે. આ વાતાવરણમાં મહાગઠબંધનમાં નારાજગીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. શનિવારે મુંબઈમાં એનસીપી દ્વારા આયોજિત માજી મુખ્ય પ્રધાનના સન્માન કાર્યક્રમમાં એકનાથ શિંદે હાજર રહ્યા ન હતા. આ પહેલા શિવસેનાના નેતા અને પર્યટન પ્રધાન શંભુરાજ દેસાઈ દ્વારા આયોજિત મહાબળેશ્વર ટૂરિઝમ ફેસ્ટિવલમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સહિત એનસીપીના તમામ નેતાઓ હાજર નહોતા રહ્યા. આ કારણસર નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એનસીપીના કાર્યક્રમથી પીઠ ફેરવી લીધી હોવાની ચર્ચા થઈ રહી છે.

રાજ્યના પ્રવાસન પ્રધાન શંભુરાજ દેસાઈ દ્વારા આયોજિત મહાબળેશ્વર પર્યટન મહોત્સવમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સહિત એનસીપીના તમામ નેતાઓની ગેરહાજરી ઉડીને આંખે વળગી છે. આ કાર્યક્રમ માટે આમંત્રણ પત્રિકામાં એનસીપીના નેતાઓના નામ હોવા છતાં હજુ સુધી આ કાર્યક્રમમાં કોઈ હાજર રહ્યું નથી. સાતારાના એનસીપીના નેતા અને પ્રધાન મકરંદ પાટીલ અને રાજ્ય પ્રધાન ઇન્દ્રનીલ નાયકે પણ પીઠ ફેરવી લીધી છે. બીજી તરફ મુંબઈમાં એનસીપી દ્વારા આયોજિત માજી મુખ્ય પ્રધાન સન્માન સમારોહમાં એકનાથ શિંદે અને તેમના પક્ષના કોઈ નેતા હાજર રહ્યા નહોતા. આને કારણે બંને પક્ષ વચ્ચે કોઈ અણબનાવ છે કે કેમ તેની ચર્ચા છે.

આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ હાજર રહેવાના હોવાથી અજીત પવાર આ કાર્યક્રમમાં હાજરી આપશે કે પછી તેમના જિલ્લાના મંત્રી મકરંદ પાટીલ અને ઇન્દ્રનીલ નાયક આ કાર્યક્રમમાં હાજરી આપશે એના પર સૌની નજર છે.

એનસીપી અને શિવસેના વચ્ચે રાયગઢના વાલી પ્રધાનપદના મુદ્દે ખેંચતાણ ચાલી રહી છે. આ દરમિયાન શિંદે જૂથ પહેલી મેના દિવસે રાયગઢમાં

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ સહિત પડોશી જિલ્લામાં મંગળવારથી યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશના અનેક રાજ્યમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે હવામાન ખાતાએ મંગળવારથી મુંબઈ સહિત તેના પડોશી જિલ્લામાં યલો એલર્ટની ચેતવણી આપી છે. એટલે વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ અને વીજળી પડવાની શક્યતા છે.

હાલ મુંબઈ સહિત રાજ્યના અનેક જિલ્લામાં ભારે ગરમી પડી રહી છે. અમુક જિલ્લામાં હાલ કમોસમી વરસાદ પડી રહ્યો છે, તેને કારણે તાપમાનમાં હળવો ઘટાડો થયો છે ત્યારે હવે મુંબઈ સહિત થાણે, પાલઘરમાં પ્રી-મોન્સૂન એટલે કે ચોમાસા પહેલાંના ઝાપટાં પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે તેને કારણે ગરમીમાં ઘટાડો થવાની શક્યતા છે.

હવામાન નિષ્ણાતોના કહેવા મુજબ નીચલા સ્તરે નિર્માણ થતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ચોમાસા પહેલા વરસાદના ઝાપટાં પડી જતા હોય છે. હાલ મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નિર્માણ થયો છે, જે દક્ષિણ તરફ સરકી રહ્યો છે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ત્રણ-ચાર દિવસ ગુજરાત પર સ્થિર રહેવાની અને અરબી સમુદ્રમાંથી ભેજ ખેંચે એવી શક્યતા છે. આ સિસ્ટમ મજબૂત હોવાથી ચાલુ અઠવાડિયામાં તે હવામાનને અસર કરશે પણ તેની અસર ગુજરાતને વધુ વર્તાશે. એ સહિત મુંબઈ અને ઉત્તર કોંકણવિસ્તારમાં તેને કારણે હળવો વરસાદ પડશે

રવિવારે મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન૩૩.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૭.૩ ડિગ્રી તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૮

(જુઓ પાનું ૪) ▸▸

# આજે એચએસસી બોર્ડનું રિઝલ્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

**વિદ્યાર્થીઓ આ વેબસાઈટ પરથી પોતાનું રિઝલ્ટ તપાસી શકશે.**
- mahresult.nic.in
- results.digilocker.gov.in
- mahahsscboard.in
- https://hscresult.mkcl.org/

મુંબઈ: રાજ્યના બારમા (એચએસસી) ધોરણનું પાંચ મે, સોમવારના રિઝલ્ટ જાહેર થવાનું છે. મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ (એમએસબીએસએચએસઈ)ની પરીક્ષાનું રિઝલ્ટ બપોરના એક વાગે ઓનલાઈન જાહેર થશે તો મંગળવાર, છ મેના કૉલેજમાં વિદ્યાર્થીઓને રિઝલ્ટની કોપી આપવામાં આવશે.એમએસબીએસએચએસઈ બોર્ડે એસએસસીના રિઝલ્ટ સોમવારે બપોરના ઓનલાઈન જાહેર કરશે, જેને વિદ્યાર્થીઓ mahresult.nic.in વેબસાઈટ પર જઈને રિઝલ્ટ ડાઉનલોડ કરીને જોઈ શકશે. બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં દસમા અને બારમા ધોરણની પરીક્ષા લેવામાં આવી હતી.

રિઝલ્ટ જોવા માટે વિદ્યાર્થીઓને પોતાનો રોલ નંબર અને માતાનું નામ આવશ્યક રહેશે. રિઝલ્ટ બાદ થોડા અઠવાડિયામાં તેના રિઅસેસમેન્ટ (પુનર્મૂલ્યાંકન)માટે અરજી કરી શકાશે. તો જુલાઈ-ઑગસ્ટ ૨૦૨૫માં ફરી પરીક્ષા આપી શકાશે, જેનું રિઝલ્ટ સપ્ટેમ્બર ૨૦૨૫માં જાહેર થશે.

એમએસબીએસએચએસઈ બોર્ડના ૨૦૨૫ના બારમાની પરીક્ષા માટે કુલ ૧૫,૧૩,૯૦૯ વિદ્યાર્થીઓ બેઠા હતા. આ પરીક્ષા ૧૧ ફેબ્રુઆરીથી ૧૧ માર્ચ, ૨૦૨૫ દરમ્યાન રાજ્યભરમાં ૩,૩૭૩ પરીક્ષા સેન્ટરમાં આયોજિત કરવામાં આવી હતી. દસમા ધોરણની પરીક્ષાનું રિઝલ્ટ પણ બહુ જલદી જાહેર કરવામાં આવશે. દસમાની પરીક્ષાનું રિઝલ્ટ મે મહિનાના બીજા અઠવાડિયામાં એટલે કે ૧૫ મેની આસપાસ જાહેર થઈ શકે છે. બોર્ડ દ્વારા હજી સુધી રિઝલ્ટની તારીખ જાહેર કરવામાં આવી નથી. ■

# રાક્ષસ જેવા ભાજપનો નાશ કરવા પ્રજા જ નૃસિંહ અવતાર ધારણ કરશે: હર્ષવર્ધન સપકાળ

## પરભણીની કાળઝાળ ગરમીમાં કૉંગ્રેસનું બે દિવસની પદયાત્રાનું આયોજન

પરભણી: જે રીતે થાંભલામાંથી નૃસિંહ અવતાર પ્રગટ થયા હતા એ જ રીતે ભાજપના રાક્ષસરૂપી ખલનાયકનો નાશ કરવા માટે ભવિષ્યમાં ગામેગામથી મતપત્રક અને ઈવીએમના સ્વરૂપમાં જનતા પ્રગટ થશે, એમ કૉંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે જણાવ્યું છે. પક્ષ દ્વારા શરૂ કરવામાં આવેલી સદભાવના યાત્રાના પ્રારંભમાં આ નિવેદન કર્યું હતું.

પરભણી જિલ્લામાં કાળઝાળ

(જુઓ પાનું ૪) ▸▸

ભાજપમાં આંતરિક ડખો

# પંકજા મુંડે - સુરેશ ધસ મતભેદને કારણે પદાધિકારીઓની ચૂંટણી ટલ્લે ચડી

બીડ: બીડ જિલ્લામાં ભાજપના તાલુકા પ્રમુખ અને બોર્ડ પ્રમુખની ચૂંટણીની જાહેરાત થઈ હતી. પંકજા મુંડેએ પોતે નવા ચૂંટાયેલા પદાધિકારીઓનું સન્માન કર્યું હતું. જોકે, હજુ સુધી આષ્ટી મતવિસ્તારમાં પદાધિકારીઓની ચૂંટણી યોજાવાની બાકી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભાજપના નેતા પંકજા મુંડે અને આષ્ટીના વિધાનસભ્ય સુરેશ ધસ વચ્ચે સુષુપ્ત લડાઈ ચાલી રહી છે. એવું કહેવામાં આવે છે કે આ સંઘર્ષને કારણે જ પસંદગીઓમાં વિલંબ થયો છે. અત્યાર સુધી બીડ જિલ્લામાં મહારાષ્ટ્ર ભાજપમાં પંકજા મુંડે કહેતાં એમ થતું હતું. જોકે, પ્રથમ વખત વિધાનસભ્ય બનેલા સુરેશ ધસ તેમની સામે પડતા હવે પદાધિકારીઓની ચૂંટણી રખડી પડી છે. હવે આ પદાધિકારીઓની ચૂંટણીમાં મુંડે અને ધસ વચ્ચે કોણ મેદાન મારે છે એના આધારે પક્ષ કોની પડખે છે એ સ્પષ્ટ થઈ જશે. બીડ જિલ્લામાં ભાજપના ૨૪ મંડળ પ્રમુખની

(જુઓ પાનું ૪) ▸▸

# આર્થિક વિવાદમાં દહાણુની લોજમાં યુવાનની આત્મહત્યા

પાલઘર: આર્થિક વિવાદમાં યુવાને દહાણુની લોજમાં કથિત આત્મહત્યા કરતાં પોલીસે આપઘાત માટે ઉશ્કેરવા બદલ એક વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. લોજની રૂમમાં સલમાન મન્સુરી (૩૨)નો મૃતદેહ ગળાફાંસો ખાધેલી હાલતમાં શનિવારની રાતે મળી આવ્યો હતો. આ પ્રકરણે પોલીસે ભરત ઝાવરે વિરુદ્ધ આત્મહત્મા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો નોંધ્યો હતો. ઝાવરે અત્યારે ફરાર હોવાનું પોલીસનું કહેવું છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જણાયું હતું કે આર્થિક વિવાદમાં મન્સુરીને કથિત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. પરિણામે હતાશ મન્સુરીએ સવારે લોજમાં ચેકઈન કર્યું હતું અને રાતે આઠ વાગ્યે તેણે સીલિંગ સાથે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ■

# ત્રણ કાળિયાર: વેકેશનમાં મુંબઈગરા માટે રાણીબાગમાં નવું આકર્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઉનાળાના વેકેશનમાં મુંબઈગરા માટે ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે ઉદ્યાન અને પ્રાણીબાગ (રાણીબાગ)માં ત્રણ નવાં કાળિયાર આકર્ષણ બનશે. સાત વર્ષ બાદ પ્રાણીબાગમાં ત્રણ કાળિયારને લાવવામાં આવ્યા છે. હાલ કાળિયારને ક્વોરન્ટાઈન કરવામાં છે અને આવતા અઠવાડિયાથી પર્યટકો તેને જોવાનો લ્હાવો મળશે.

પુણેના કાત્રજના રાજીવ ગાંધી ઝૂઓલોજિકલ પાર્કમાંથી ત્રણ કાળિયારને પ્રાણીબાગમાં લાવવામાં આવ્યા છે. વાઈલ્ડલાઈફ પ્રોટેકશન એક્ટ ૧૯૭૧ હેઠળ કાળિયારને સંરક્ષિત પ્રજાતિમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. કાળિયાર ટોળામાં રહેતા હોય છે, જેમાં સામાન્ય રીતે ૧૦થી ૩૦ કાળિયાર હોય છે અને તેઓ સાબર પરિવારનો ભાગ ગણાય છે. થોડા વર્ષો અગાઉ પ્રાણીબાગમાં લગભગ ચાળીસેક જેટલા કાળિયાર હતા. જોકે સમય જતા વૃદ્ધાઅવસ્થાને કારણે તેમના મૃત્યુ થયા હતા. રાણીબાગનું નૂતનીકરણ થયું ત્યારથી એક પણ કાળિયાર નહોતો.

જિજાબાઈ ભોસલે ઉદ્યાનના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે ગયા વર્ષે રાણીબાગ પ્રશાસને ઓરંગાબાદ અને પુણેના ઝૂ પાસેથી કાળિયારની માગણી કરી હતી. એપ્રિલમાં પુણેના કાત્રજના રાજીવ ગાંધી ઝૂઓલોજિકલ પાર્કે બે માદા અને એક નર કાળિયારની જોડી રાણીબાગને મળી હતી. આ પ્રાણીઓને મુંબઈના વાતાવરણ સાથે એડજસ્ટ થાય એ તેમ જ તેઓને કોઈ બીમારી નથી જેની ખાતરી કરવા માટે ત્રણ એપ્રિલથી તેઓને ક્વોરન્ટાઈનમાં છે. જો બધુ બરાબર હશે તો આવતા અઠવાડિયાથી પર્યટકો તેને જોઈ શકશે. કાળિયારની બીજી જોડી પુણેથી આવવામાં થોડો સમય લાગશે. કાળિયારનું સરેરાશ આયુષ્ય ૧૦થી ૧૨ વર્ષનું હોય છે.

આ દરમ્યાન પ્રાણીબાગમાં હમ્બોલ્ટ પૅંગ્વિનના પરિવારમાં ત્રણ નવા બચ્ચાનું આગમન થયું છે. ત્રણ માર્ચના પોપે અને ઓલિવે એક બચ્ચાને જન્મ આપ્યો હતો તેનું નામ નોડી રાખવામાં આવ્યું છે. પૅંગ્વિનની બીજી જોડી ડેઝી અને ડૉનલ્ડને ત્યાં સાત માર્ચ અને ૧૧ માર્ચના બચ્ચાનું આગમન થયું હતું તેમના નામ ટોમ અને પિંગુ રાખવામાં આવ્યા હતા. પૅંગ્વિનની સંખ્યા હવે ૨૧ સુધી થઈ ગઈ છે. તેમના રહેવા માટે હાલ જગ્યા ઓછી પડી રહી હોવાથી એક્સપાન્શનનું કામ પણ ચાલી રહ્યું છે. ■

# તાડોબાના બફર ઝોનમાં ડિજિટલ સેવા કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં

ચંદ્રપુર: બફર ઝોનમાં રહેતા સ્થાનિક સમુદાયોને ઓનલાઈન વન સંબંધિત સેવાઓ પહોંચાડવા માટે, તાડોબા-અંધારી ટાઇગર રિઝર્વ (ટીએટીઆર) એ આ વિસ્તારમાં દસ વન ઈ-સેવા કેન્દ્રો અથવા કેન્દ્રો સ્થાપિત કર્યા છે.

મહારાષ્ટ્રના આદિજાતિ વિકાસ પ્રધાન અને ચંદ્રપુરના પાલક પ્રધાન અશોક ઉઇકેએ ૩૦ એપ્રિલના રોજ આ સેવાનું ઓનલાઇન ઉદ્ઘાટન કર્યું હતું.

ટીએટીઆરના ફિલ્ડ ડિરેક્ટર પ્રભુનાથ શુક્લાએ એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે તાડોબા રિઝર્વના બફર વિસ્તારોના ગામડાઓમાં ડિજિટલ કનેક્ટિવિટીનો અભાવ છે, જેના કારણે ગ્રામજનોને આવી સેવાઓ મેળવવા માટે લાંબા અંતરની મુસાફરી કરવી પડે છે. આથી ટીએટીઆર એ બફર ઝોન સમુદાયોને સીધી ઓનલાઈન વન સંબંધિત સેવાઓ પહોંચાડવા માટે 'વન ઈ-સેવા કેન્દ્ર' પહેલ શરૂ કરી છે. આ કેન્દ્રોએ મરોડા, મુધોલી, મોહરલી, વરવત, વૈગાંવ, વાસેરા, શિવની, મદનપુર અને પલસગાંવમાં કામગીરી શરૂ કરી દીધી છે. ■

# રેલવે સ્ટેશનો પર લિફ્ટ, એસ્કેલેટર્સની સંખ્યા અપૂરતી

મુંબઈ: અમૃત ભારત યોજના હેઠળ દેશભરમાં મહત્ત્વના સ્ટેશનોનું આધુનિકીકરણનું કામ શરૂ છે ત્યારે મુંબઈના ઘણાં સ્ટેશનોનો તેમાં સમાવેશ થાય છે. આ યોજના હેઠળ ફૂટઓવર બ્રિજ, લિફ્ટ, એસ્કેલેટર્સ જેવી સુવિધાઓ પ્રવાસીઓને ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. તેમ છતાં ઘણાં સ્ટેશનો પર લિફ્ટ અને એસ્કેલેટરો અપૂરતા હોવાને કારણે પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અમૃત ભારત યોજના હેઠળ મુંબઈ પરાંના વીસ સ્ટેશનનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ યોજનાનો શુભારંભ કર્યો હતો. મુંબઈમાં રોજ લાખો પ્રવાસીઓ લોકલથી પ્રવાસ કરતા હોય છે તેથી લિફ્ટ, એસ્કેલેટર્સનો વધુ ઉપયોગ કરવામાં આવે છે. તેમ છતાં આ સુવિધાનો વધુ લાભ પ્રવાસીઓને થઇ રહ્યો ન હોવાનું જાણવા મળ્યું છે.

હાલમાં મોટા ભાગનાં સ્ટેશનો પર ઓછી ક્ષમતા ધરાવતી નાની લિફ્ટ છે જે બહુ ધીમી ચાલે છે. ઘણા સ્ટેશનો પર એક જ દિશા તરફ જતા એસ્કેલેટર્સ હોવાથી બીજા દિશા તરફ જનારા પ્રવાસીઓને મુશ્કેલી પડતી હોય છે. ■

## ૨૦ સ્ટેશન માટે ૫૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ

રેલવે પ્રશાસન તરફથી મુંબઈના વીસ સ્ટેશન પાછળ ૫૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરાઇ રહ્યો છે. તેની સાથે જ એમયુટીપી-૩એ પ્રકલ્પ હેઠળ ૯૪૭ કરોડ રૂપિયાના ખર્ચે સ્ટેશનોમાં સુધારો કરાઇ રહ્યો છે જેમાં લિફ્ટ, એસ્કેલેટર્સ, ડેક તથા પુલ બનાવવા વગેરે સુવિધાનો સમાવેશ થાય છે. આટલો ખર્ચ કરવા છતાં ઘણી જગ્યાએ આ સુવિધાઓનો પૂરતો ઉપયોગ કરી શકાતો નથી. ઘણી વખત એસ્કેલેટર્સ બંધ હોય છે અથવા પ્રવાસીઓને સંખ્યા વધુ થઇ જાય તો તે બંધ પડી જાય છે. સવારે અને પીક અવર્સમાં આ સ્થિતિ વધુ ગંભીર બનતી હોય છે. ■

# ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેના સર્વિસ રોડના ખાડાઓ માટે સુધરાઈ ₹૫૦ કરોડ ખર્ચશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસા દરમ્યાન રસ્તા પર ખાડા નહીં પડે અને વાહન-વ્યવહારને અસર થાય નહીં તે માટે મુંબઈ મહાનગરપાલિકા ઈસ્ટર્ન એક્સપ્રેસ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેના સર્વિસ રોડના ખાડાઓ ભરવા માટે ૫૦.૮૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે.

હાઈવે પર એક બાજુએ આવેલા સર્વિસ રોડ લગભગ ૧૨ મીટરની પહોળાઈના હોય છે અને હાઈવેને સમાંતર હોય છે, જે સ્થાનિક સ્થળો પર પહોંચવા માટે બનાવવામાં આવેલા હોય છે. સુધરાઈએ આ સર્વિસ રોડના કામ માટે ચાર ટેન્ડર બહાર પાડ્યા છે અને આગામી છ મહિના માટે એજન્સીએ રસ્તાનું ધ્યાન રાખવાનું હશે. ઈસ્ટર્ન એક્સપ્રેસ માટેના બે ટેન્ડર ૧૨.૫૦ કરોડ રૂપિયાના અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેના બે ટેન્ડર ૧૨.૯૩ કરોડ રૂપિયાના છે. આ અગાઉ ગયા અઠવાડિયે સુધરાઈએ પશ્ચિમ ઉપનગરમાં બાન્દ્રા અને દહિસર વચ્ચે રસ્તા પરના ખાડાઓ ભરવા માટે ૩૪ કરોડ રૂપિયાના ટેન્ડર બહાર પાડયા હતા.

વેસ્ટર્ન અને ઈસ્ટર્ન હાઈવેની જાળવણી અગાઉ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી કરતી હતી પણ ૨૦૨૩માં આ બંને હાઈવેની જવાબદારી સુધરાઈના માથે નાખવામાં આવી હતી. એ બાદ હાઈવેનું સમારકામ પણ કરવામાં આવ્યું હતું. હાઈવેની નિયમિત જાળવણી માટે એજન્સીઓની નિમણૂક પણ કરવામાં આવી છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ સર્વિસ રોડની જાળવણીનું કામ આ એજન્સીના કાર્યક્ષેત્રમાં આવતું નથી. તેથી તેમની જાળવણી માટે અલગ ટેન્ડર મગાવવામાં આવ્યા છે. ચોમાસા દરમ્યાન રસ્તાઓ પર મોટા ખાડા પડે છે જે વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ શકે છે. એમ તો સ્થાનિક વોર્ડ દ્વારા તે ખાડાઓને પૂરવામાં આવે છે. છતાં સર્વિસ રોડની જાળવણીના કામ માટે એજન્સી નિમવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ એજન્સી ખાડાઓને પૂરવાનું, રસ્તાઓની સપાટી સમથળ કરવાની તથા સર્વિસ રોડના ખરાબ પેચને ફરીથી ભરવા માટે જવાબદાર રહેશે. આ કામ માટે મેસ્ટિક અને ડામરનો ઉપયોગ કરવામાં આવશે. ચોમાસા દરમ્યાન આ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ મેટ્રો લાઈન ૩ કોરિડોર પર બેસ્ટ દ્વારા કનેક્ટિવિટી સુધારવા માટે યોજના પ્રસ્તુત

મુંબઈ: મુંબઈ મેટ્રો ૩ લાઇનનો બીજો તબક્કો શરુ થવાની ઘડીઓ ગણાઈ રહી છે. મેટ્રો સ્ટેશનો સાથેની કનેક્ટિવિટીને વધારવાના પ્રયાસમાં, બેસ્ટ ઉપક્રમે ૨૦૨૫ માં ૩૨ બસ રૂટમાં ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો છે.

પીટીઆઈ દ્વારા પ્રાપ્ત સત્તાવાર દસ્તાવેજો અનુસાર, આ યોજનામાં ૧૩ રૂટ (૪૬૪ ટ્રિપ્સ) માં વધારો, ૬ રૂટનું ડાયવર્ઝન (૨૬૪ ટ્રિપ્સ), ૩ રૂટ (૭૮ ટ્રિપ્સ) નું વિસ્તરણ અને ૧૦ રૂટ (૪૩૫ ટ્રિપ્સ) માં ઘટાડો, કુલ ૧,૨૪૧ ટ્રિપ્સનો સમાવેશ થાય છે. આ પહેલથી મુસાફરોનો રાહ જોવાનો સમય સરેરાશ ૧૫ મિનિટ સુધી ઘટાડવાની અપેક્ષા છે.

ગયા મહિને, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે બૃહદમુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરી હતી, જે એક દાયકા પહેલા ૪,૫૦૦ બસોથી ઘટીને લગભગ ૨,૮૦૦ બસો પર પહોંચી ગઈ છે. નોંધનીય છે કે બેસ્ટ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં દરરોજ ૩૦ લાખથી વધુ મુસાફરોને સેવા આપે છે. સમીક્ષા બેઠક દરમિયાન બેસ્ટ દ્વારા તેના રૂટ રેશનલાઇઝેશનની વ્યૂહરચના રજૂ કરવામાં આવી હતી. રૂટ રેશનલાઇઝેશન ઉપરાંત, બેસ્ટ ફેઝ ૨ માટે ૧૭ રૂટ પર ૨૯ વધારાની બસો અને ફેઝ ૩ માટે ૩૦ રૂટ પર ૫૦ બસો શરૂ કરવાની યોજના ધરાવે છે. હાલમાં, બેસ્ટ આ રૂટ પર અનુક્રમે ૪૫ અને ૮૪ બસો ચલાવે છે.

વધુમાં, પીક અવર્સ દરમિયાન વધુ માંગવાળા રૂટ પર વધુ બસોની વ્યવસ્થા કરવી, નવી રિંગ-રૂટ પેટર્નનો સમાવેશ કરવો, જે મેટ્રો સ્ટેશનોને ઉપનગરીય રેલ હબ અને વાણિજ્યિક કેન્દ્રો સાથે જોડશે. ઉપનગરીય રેલ્વે નેટવર્ક (જેનો

(જુઓ પાનું ૪) ▸▸

# ટેક્નિકલ ખામીને કારણે મહારાષ્ટ્રમાં તુવેરની ખરીદીની ચુકવણીમાં વિલંબ

મુંબઈ: મહારાષ્ટ્ર રાજ્યના માર્કેટિંગ વિભાગની મની ટ્રાન્સફર સિસ્ટમમાં ટેકનિકલ ખામીને કારણે તુવેરના અનેક ખેડૂતોને ચુકવણીમાં વિલંબ થયો હોવાનું એક અધિકારીએ જણાવ્યું છે. અનેક ઉત્પાદકોને તેમના ઉત્પાદનોની ખરીદી સામે પૈસા જમા થયા હોવાની પુષ્ટિ કરતા મેસેજ મળ્યા હોવા છતાં હજી સુધી તેમના બેંક ખાતામાં રકમ જમા નથી થઈ એમ અધિકારીએ જણાવ્યું હતું.

રાજ્યના માર્કેટિંગ વિભાગના અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે 'આ ભૂલ સત્વરે સુધારી લઈ તુવેરની ખરીદીના પૈસા ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવશે. નાણાકીય વર્ષના અંત સમયમાં કામના બોજના કારણે કેટલીક વાર વિલંબ થાય છે.'

રાજ્ય સરકારે તુવેરની ખરીદીનો ભાવ ક્વિન્ટલ દીઠ ૭,૫૫૦ રૂપિયા નક્કી કર્યો

(જુઓ પાનું ૪) ▸▸

# કોસ્ટલ રોડ પર ટૅક્સી કાર સાથે ટકરાઈ: બે જખમી

મુંબઈ: મુંબઈના કોસ્ટલ રોડ પર ટૅક્સી કાર સાથે ટકરાતાં બે જણ ઘવાયા હોવાની ઘટના વરલી નજીક બની હતી. વરલી પોલીસના જણાવ્યા મુજબ અકસ્માત રવિવારની સવારે બિંદુ માધવ ઠાકરે જંક્શન નજીક બન્યો હતો. બાન્દ્રાની દિશામાં જતી ટૅક્સી આગળ જઈ રહેલી કાર સાથે ભટકાઈ હતી. આ બનાવમાં ટૅક્સ ડ્રાઈવર અને તેની બાજુમાં બેસેલા પ્રવાસીને ઇજા થઈ હતી. સારવાર માટે બન્નેને કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. સારવાર પછી બન્નેની તબિયત સુધારા પર હોવાનું પોલીસનું કહેવું છે. ■

# પુણે - નાશિક રેલવે કોરિડોરનું કામ બહુ જલદી શરૂ થશે: રેલવે પ્રધાન

પુણે: પુણે-નાશિક રેલવે પ્રોજેક્ટ માટે પુનઃગઠનની યોજનાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને મહારાષ્ટ્ર સરકારની મંજૂરી મળવાની સાથે કામ શરૂ થઈ જશે એમ કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે.

સૂચિત હાઇ-સ્પીડ રેલ કોરિડોર અગાઉ પુણેથી આશરે ૬૦ કિલોમીટર દૂર નારાયણગાંવ નજીક ખોડદ ગામમાં જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ (જીએમઆરટી)ની આસપાસના ૧૫ કિ.મી.ના પ્રતિબંધિત ઝોનમાંથી પસાર થતો હતો. જોકે, આ વિસ્તારમાંથી ટ્રેન પસાર થવાને કારણે રેડિયો વેધશાળાની કામગીરીમાં ખલેલ પડી શકે છે એવી ચિંતા વૈજ્ઞાનિકોએ વ્યક્ત કરી હતી.

રેલવે પ્રધાન વૈષ્ણવે શનિવારે જણાવ્યું હતું કે '૨૩ દેશના સહયોગથી સ્થાપન થયેલું જીએમઆરટી વૈજ્ઞાનિક મહત્ત્વ ધરાવે

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**